नवग्रह विधान

पद्धते.

નવે ગ્રહના ધ્યાન, પુજા, કથા, મંત્ર, જપ, યંત્ર, દાન વીગેરે.

મૂળ સહિત શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.

પ્રસિદ્ધ કર્ત્તા

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૪. સને ૧૯૧૮.

કિંમત રૂ. ૦-૧૨-૦.

नवग्रह विधान

पद्धते.

નવે ગ્રહના ધ્યાન, પુજા, કથા, મંત્ર, જપ, યંત્ર, દાન વીગેરે.

મૂળ સહિત શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.

પ્રસિદ્ધ કર્ત્તા,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૪. સને ૧૯૧૮.

કિંમત રૂ. ૦-૧૨-૦.

અમદાવાદ-ખાડીઆમાં આવેલા શ્રી "ભાગ્યોદય પ્રિન્ટીંગ પ્રેસ"માં જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યું.

અનુક્રમણિકા.


વિષય.	પૃષ્ટ.
સંકલ્પ.	૧
બાર આદિત્યનામ. ...	૨
આદિત્યહૃદય મહાત્મને અરજુનજીએ શ્રીકૃષ્ણને પુછેલો પ્રશ્ન.	૪
ન્યાસ.	૭
ધ્યાન.	૯
સૂર્યમંત્ર વિધિ. ...	૧૦
,, સ્તુતિ.	૧૦
જુદા જુદા અંગોમાં જુદા જુદા નામવડે સૂર્યને રક્ષણ પ્રાર્થના.	૧૦
દગ્બંધ.	૧૧
સૂર્ય ન્યાસ મહાત્મ. ...	૧૨
સૂર્ય મહાત્મ... ...	૧૩
સૂર્યનાં જુદા જુદા નામોથી નમસ્કાર કરવાની વીધી.	૧૪
જુદા જુદા માસોમાં જુદા જુદા સૂર્યનાં નામ. ...	૧૯
આદિત્યની પ્રશંસા. ...	૨૧
પાઠ કરતાં રાક્ષસી ચીન્હ થવાથી થતું નુકશાન ...	૨૭

વિષય.	પૃષ્ઠ.
પાઠ કરવાની વીધી. ...	૨૭
પુજન વિધી.	૨૯
પુજન કરવા સૂર્યઆવાહન.	૩૦
પંચમુદ્રા.	૩૧
બીજા મંત્રથી અર્ઘ્યપ્રદાન.	૩૧
પાઠ કરવાથી ફળ. ...	૩૬
આદિત્યનાં બાર નામોનો પાઠ કરવાથી ફળ. ...	૪૨
વિરૂદ્ધચંદ્રની શાન્તી.	૪૭
વિરૂદ્ધચંદ્ર ક્યારે જાણવો તે.	૪૭
તેની શાન્તી માટે શું કરવું.	૪૮
નમસ્કારના મંત્રો... ...	૫૦
મંડળપુંજા.	૫૩
મંડળમાં ચંદ્રમુર્તી પુજાવિધિ.	૫૪
ચંદ્રપુજા કરવાનો સર્વોત્તમ દીવસ.	૫૪
ચંદ્ર માટે દાન કરવાના પદાર્થો.	૫૫
ચંદ્રમાનો જપ મંત્ર. ...	૫૬
ભિન્ન પુજાવિધિ... ...	૫૭
ભિન્ન આવાહન... ...	૫૭

વિષય.	પૃષ્ટ
મંગળ વ્રત.	૫૯
મંગળ વ્રતવાળાનો નિયમ.	૫૯
અર્ધ આપવાનો મંત્ર....	૬૦
સંકલ્પ મંત્ર.	૬૦
મંગળનો યંત્ર	૬૧
મંગળનાં ૨૧ નામ. ...	૬૨
ધ્યાન.	૬૩
ન્યાસ.	૬૪
ભોમકવચ....	૬૫
સ્તોત્ર.	૬૫
ભોમ મંત્ર.	૬૯
પ્રાર્થના....	૭૧
દાન મંત્ર...	૭૧
ભોમ વ્રત કથા.... ...	૭૨
બુધ પૂજન.	૭૯
બુધ સ્તોત્ર.	૮૫
બુધ મંત્ર	૮૬
ગુરૂ પૂજન	૮૮

વિષય.	પૃષ્ટ.
ગુરૂ સ્તોત્ર	૮૫
પુજન પ્રકાર... ...	૯૭
ગુરૂ નામ પુજા. ...	૯૮
ગુરૂનો પાઠ.	૧૦૦
ગુરૂનો મંત્ર	૧૦૩
શુક્ર પૂજન	૧૦૪
શુક્ર પુજન વિધી. ...	૧૦૪
શુક્ર સ્તોત્ર.	૧૧૦
શુક્રનાં ૨૧ નામ ...	૧૧૩
શની પુજન	૧૧૫
શની સ્તોત્ર	૧૨૦
શનિ મંત્ર	૧૨૮
શની દાન	૧૨૮
રાહુ પૂજન ...	૧૨૯
રાહુનું દાન	૧૩૪
રાહુ મંત્ર	૧૩૪
કેતુ પૂજન સ્તોત્ર. ...	૧૩૫
કેતુ પાઠ.	૧૩૯

श्रीगणेशायनमः



॥ अथ आदित्यहृदय श्लोकः ॥

आचम्यदेशकालौसंकीर्त्यममारोग्यावाप्तये श्रीसवितृसूर्य-
नारायण प्रीत्यर्थंद्वादशनमस्काराख्यंकर्मकारिष्ये ॥

આચમન કરી, પોતાને સુખ મળવા માટે શ્રી સવિતાનારાયણની કૃપાસારૂ બાર નમસ્કારવાળાં કર્મને કરવાં, દેશકાળ વિગેરેના સંકલ્પ કર્યા પછી નીચે પ્રમાણે ધ્યાનારૂઢ થવું.

॥ अथध्यानम् ॥

ध्येयः सदासवितृमंडलमध्यवर्ती नारायणः सरसिजासन-
सन्निविष्टः ॥ केयूरवान्मकरकुंडलवान् किरीटीहारीहिरण्मयव-
पुर्धृतशंखचक्रः ॥ १ ॥

ધ્યાન.

જેને હાથે બાજુબન્ધ, કાને મકરાકૃત કુન્ડલ, મસ્તક ઉપર મુકુટ, કન્ઠમાં હાર, સુવર્ણના સદૃશ જેનું શરીર છે તથા જેણે હાથમાં શંખ તથા ચક્રને ધારણ કરેલ છે, અને સૂર્યના મન્ડલમાં મધ્યમાં જે પદ્માસનથી બેઠેલા છે, એવા નિરન્તર ધ્યાન કરવા યોગ્ય નારાયણનું હું ધ્યાન કરૂં છું.

एकचक्ररथोयस्यादिव्यः कनकभूषितः ॥

समेभवतुसुभीतः पद्महस्तोदिवाकरः ॥ २ ॥

સુવર્ણથી ભૂષિત, એક પૈડાવાળો જેને દિવ્ય રથ છે, અને જેના હસ્તમાં કમળ છે, એવા દિવાકર–સૂર્ય ભગવાન્ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨

॥ मित्रायनमः॥ रवयेनमः ॥ सूर्यायनमः ॥ भानवेनमः ॥ खगायनमः ॥ पूष्णेनमः ॥ हिरण्यगर्भायनमः ॥ मरीचयेनमः ॥ आदित्यायनमः ॥ सवित्रेनमः ॥ अर्कायनमः ॥ भास्करायनमः ॥

મિત્રને, રવિને, સૂર્યને, ભાનુને, ખગને, પુષાને, હિરણ્યગર્ભને, મરિચિને, આદિત્યને, સવિતાને, અર્કને અને ભાસ્કર એ બાર આદિત્યને નમસ્કાર કરૂં છું.

नमः सवित्रेजगदेकचक्षुषेजगतत्प्रसूतिस्थितिनाशहेतवे ॥

त्रयीमयायत्रिगुणात्मधारिणेविरिंचिनारायणशंकरात्मने ॥१॥

જગત્‌નાં એક નેત્રરૂપ જગત્‌ની ઉત્પત્તિ સ્થિતિ અને નાશના-કારણ ઋક્, યજુ અને સામ એ ત્રણવેદ રૂપ તથા સત્વ, રજ અને તમોગુણના શરીરને ધારણ કરવાવાળા, એટલે કે વિષ્ણુ, બ્રહ્મા અને શિવરૂપ સૂર્ય ભગવાન્‌ને નમસ્કાર કરૂંછું. ૧

नमोस्तुसूर्यायसहस्त्ररश्मयेसहस्त्रशाखान्वितसंभवात्मने ॥
सहस्त्रयोगोद्भवभावभागिनेसहस्त्रसंख्यायुधधारिणेनमः ॥२॥

હજારો કિરણોવાળા હજારો શાખાઓથી યુક્ત ઉત્પત્તિ સ્વરૂપ છે જેનું એવા હજારો યોગથી ઉત્પન્ન થયેલ પદાર્થોને ભોગવવાવાળા અને હજારો આયુધને ધારણ કરવાવાળા સૂર્યનારાયણને નમસ્કાર કરૂં છું. ૨

आदित्यस्यनमस्कारंयेकुर्वंतिदिनेदिने ॥
जन्मांतरसहस्त्रेषुदारिद्रयंनोपजायते ॥ ३ ॥

જે મનુષ્ય પ્રતિદિવસ સૂર્ય ભગવાનને નમસ્કાર કરે છે, તેને હજારો જન્મમાં પણ દારિદ્ર આવતું નથી. ૩

श्रीगणेशाय नमः ॥ शतानीक उवाच । कथमादित्यमुद्यंत ।
मुपतिष्ठेद्द्विजोत्तम । एतन्मे ब्रूहि विप्रेंद्र प्रपद्ये शरणं तव ॥१॥

આ પ્રમાણે નમસ્કાર કરવા.

શતાનીકરાજા પુછે છે કે–હે સુમન્ત ૠષિ! હે દ્વિજોત્તમ!! ઉદય થતા સૂર્યની કેવા પ્રકારે સેવા કરવી તે મને કહો. હે વિપ્રેન્દ્ર! હું આપને શરણે આવ્યો છું. ૧

सुमंतुरुवाच । इदमेव पुरा पृष्टः शंखचक्रगदाधरः ।
प्रणम्यशिरसा देवमर्जुनेन महात्मना ॥ २ ॥

સુમન્ત ૠષિ કહે છે કે–હે રાજેન્દ્ર! પૂર્વે મહાત્મા અર્જુને આવોજ પ્રશ્ન શંખ ચક્ર અને ગદાને ધારણ કરવાવાળા જે શ્રીકૃષ્ણ ભગવાન્ તેને પુછયો હતો. ૨

कुरुक्षेत्रे महाराज प्रवृत्ते भारते रणे ।
कृष्णनाथं समासाद्य प्रार्थयित्वाब्रवीदिदम् ॥३॥

હે રાજા શતાનીક! કુરૂક્ષેત્રમાં પાંડવ-કોરવના મહાસંગ્રામથી નિવૃત્ત થયા પછી અર્જુને શ્રીકૃષ્ણ પાસે જઇને પ્રાર્થના કરીને આ પ્રમાણે પુછ્યું હતું. ૩

अर्जुन उवाच । ज्ञान च धर्मशास्त्राणां गुह्याद्गुह्यतरं तथा ।
मया कृष्ण परिज्ञातं वाङ्मयं सचराचरम् ॥ ४ ॥

અર્જુન પુછેછે કે-હે ભગવાન્! ધર્મશાસ્ત્રનું ગુહ્ય થકી પણ ગુહ્ય જ્ઞાન મેં આપના શ્રી મુખથી શ્રવણ કર્યું અને જેમાં સ્થાવર જંગમ વિશ્વ છે એવો વાણીનો સમુહ પણ મેં જાણ્યો. ૪

सूर्यस्तुतिमयं न्यासं वक्तुमर्हसि माधव ।
भक्त्या पृच्छामि देवेश कथयस्व प्रसादतः ॥५॥

હે માધવ! જેમાં સૂર્યની સ્તુતિ છે એવો ન્યાસ દેવદેવેશ હું ભક્તિપૂર્વક પુછુછું. માટે મારા ઉપર અનુગ્રહ કરીને તે કહો. ૫

सूर्यभक्तिं करिष्यामि कथं सूर्यं प्रपूजयेत् ।
तदहं श्रोतुमिच्छामि त्वत्प्रसादेन यादव ॥ ६ ॥

સૂર્યની ભક્તિ તથા પૂજન હું કરીશ, પણ તે કેવી રીતે થાય? હે શ્રીકૃષ્ણ! તેનો વિધિ હું આપના મુખથી આપની કૃપાવડે શ્રવણ કરવા ઇચ્છા રાખું છું. ૬

श्रीभगवानुवाच । रुद्रादिदैवतैः सर्वैः पृष्टेन कथितं मया ।
वक्ष्येहं सूर्यविन्यासं शृणु पांडव यत्नतः ॥ ७ ॥

શ્રીભગવાન્ કહે છે કે હે પાન્ડુકુળ ભૂષણ અર્જુન ! શ્રીસદાશિવજી-આદી સર્વ દેવતાઓએ મને પુછ્યું હતું, અને તેમને જે મેં સૂર્યનો ન્યાસ કહ્યો હતો, તે હું તને કહુંછું, તે તું યત્નપૂર્વક શ્રવણ કર્ય. ૭

अस्माकं यत्त्वया पृष्टमेकचित्तो भवार्जुन ।
तदहं संप्रवक्ष्यामि आदिमध्यावसानकम् ॥ ८ ॥

હે અર્જુન ! તેં જે મને પુછ્યું, તે તું એકાગ્રચિત્તથી શ્રવણ કર્ય. તે વિધિ, આદિ, મધ્ય અને અવસાન પર્યન્ત હું તને કહીશ. ૮

अर्जुन उवाच । नारायण सुरश्रेष्ट पृच्छामि त्वां महायशाः ।
कथमादित्यमुद्यंतमुपतिष्ठेत्सनातनम् ॥ ९ ॥

અર્જુન પુછે છે કે-હે નારાયણ ! હે સુરશ્રેષ્ટ ! ! હે મહાયશવાળા ! હે સનાતન ! ! હું આપને પુછું છું કે,-ઉદય થતા સૂર્યનું સેવન શી રીતે કરવું ? ૯

श्रीभगवानुवाच । साधु पार्थ महाबाहो बुद्धिमानसि पांडव ।
यन्मां पृच्छस्युपस्थानं तत्पवित्रं विभावसोः ॥ १० ॥

શ્રી ભગવાન્ કહે છે કે-હે પાન્ડુનન્દન ! હે મહાબાહો ! તું બુદ્ધિમાન્ છે. તેં ઉત્તમ પ્રશ્ન કરેલ છે. સૂર્યનું સેવન તેં મને પુછ્યું, તે પવિત્ર છે. ૧૦

सर्वमंगलमांगल्यं सर्वपापप्रणाशनम् ।
सर्वरोगप्रशमनमायुर्वर्धनमुत्तमम् ॥ ११ ॥

સર્વ મંગળનું પણ મંગળ, સર્વ પાપોનો નાશ કરનાર, સર્વ રોગોને શમાવનાર અને આયુષ્યની વૃદ્ધિ કરનાર સૂર્યના સેવનથી કાંઇ ઉત્તમ નથી. ૧૧

अमित्रदमनं पार्थ संग्रामे जयवर्धनम् ।
वर्धनं धनपुत्राणामादित्यहृदयं शृणु ॥ १२ ॥

શત્રુનો પરાજય કરનાર, સંગ્રામમાં જય અપાવનાર અને લક્ષ્મી તથા પુત્રોને વધારનાર આદિત્યના હૃદયને તું સાંભળ. ૧૨

यच्छ्रुत्वा सर्वपापेभ्यो मुच्यते नात्र संशयः ।
त्रिषु लोकेषु विख्यातं निःश्रेयसकरं परम् ॥ १३ ॥

જે શ્રવણ કરવાથી સર્વ પાપ થકી મુક્ત થવાય છે, એમાં જરાપણ સંશય નથી અને ત્રૈલોક્યમાં વિખ્યાત કરનાર અને નિરન્તર કલ્યાણકારક છે. ૧૩

देवदेवं नमस्कृत्य प्रातरुत्थाय चार्जुन ।
विघ्नान्यनेकरूपाणि नश्यंति स्मरणादपि ॥ १४ ॥

હે અર્જુન! પ્રભાતે ઉઠીને દેવનાદેવને નમસ્કાર કરવાથી તથા તેનું સ્મરણ કરવાથી અનેક પ્રકારનાં વિઘ્નો નાશ પામે છે. ૧૪

तस्मात्सर्वप्रयत्नेन सूर्यमावाहयेत्सदा ।
आदित्यहृदयं नित्यं जाप्यं तच्छृणु पांडव ॥ १५ ॥

હે અર્જુન! એ માટે સર્વ પ્રયત્નથી નિરન્તર સૂર્યને બોલાવવા અને આદિત્ય હૃદયમાં નિરન્તર જપ કરવા યોગ્ય છે, માટે તેનું શ્રવણ કર્ય. ૧૫

यज्जपान्मुच्यते जंतुर्दारिद्र्यादाशु दुस्तरात् ।
लभते च महासिद्धिं कुष्ठव्याधिविनाशिनीम् ॥ १६ ॥

જેનો જપ કરવાથી મનુષ્યો, મહાદુસ્તર દારિદ્રથી તુરત મુક્ત થઇ જાય છે, કોડના રોગવાળો હોય અને તે જો પાઠ કરે, તો તેનો તે વ્યાધિ નાશ પામે છે, તથા મહાસિદ્ધિને પામે છે. ૧૬

अस्मिन्मंत्रे ऋषिश्छंदो देवता शक्तिरेव च ।

सर्वमेव महाबाहो कथयामि तवाग्रतः ॥ १७ ॥

આ મંત્રમાં ઋષિ છન્દો, દેવતા શક્તિ છે, હે મોટીભુજાવાળા અર્જુન! એ સર્વ હું તારી પાસે કહું છું. ૧૭

मया ते गोपितं न्यासं सर्वशास्त्रप्रबोधितम् ।

अथ ते कथयिष्यामि उत्तमं मंत्रमेव च ॥ १८ ॥

મેં ગુપ્ત રાખેલો ન્યાસ, સર્વ શાસ્ત્રોએ જણાવેલો છે, તે તથા ઉત્તમ મંત્ર એ સર્વ હું તને કહીશ. ૧૮

ॐअस्य श्रीआदित्यहृदयस्तोत्रमंत्रस्य श्रीकृष्ण ऋषिः । श्री सूर्यात्मा त्रिभुवनेश्वरो देवता । अनुष्टुप् छंदः । हरितहयरथं दिवाकरं घृणिरिति बीजम् । ॐनमो भगवते जितवैश्वानरजातवेदस इति शक्तिः । ॐनमो भगवते आदित्याय नमं इति कीलकम् । ॐअग्नि गर्भदेवता इति मंत्रः । ॐनमो भगवते तुभ्यमादित्याय नमोनमः । श्रीसूर्यनारायणप्रीत्यर्थं जपे विनियोगः । अथ न्यासः । ॐह्रां अंगुष्ठाभ्यां नमः । ॐह्रीं तर्जनाभ्यां नमः । ॐह्रूं मध्यमाभ्यां नमः । ॐह्रैं अनामिकाभ्यां नमः । ॐह्रौं कनिष्ठिकाभ्यां नमः । ॐह्रः करतलकरपृष्ठाभ्यां

नमः । ॐ ह्रां हृदयाय नमः । ॐ ह्रीं शिरसे स्वाहा । ॐ ह्रूं शिखायैव षट् । ॐ ह्रैं कवचाय हुम् । ॐ ह्रौं नेत्रत्रयाय वौषट् । ॐ ह्रः अस्त्राय फट् । ॐ ह्रां ह्रीं ह्रूं ह्रैं ह्रौं ह्रः इति दिग्बंधः ।

અ, ઉ, મ્ એ ત્રણેનો ઓમ્ શબ્દ થાય છે. ઓમ ત્રિગુણાત્મક છે, તથા બ્રહ્મવાચક પણ છે. આ આદિત્ય હૃદય રૂપી સ્તુતિ મંત્રના શ્રીકૃષ્ણ ઋષિ છે. શ્રી સૂર્યનારાયણ ત્રૈલોક્યના ઈશ્વર દેવ છે. આ સ્તોત્રના અનુષ્ટપ્વત છે. લીલા ઘોડાના રથવાળા દિવાકર જેના બીજ છે. જેણે વૈશ્વાનર નામના જાતવેદને જીતેલ છે. તે સૂર્ય ભગવાન્‌ને નમસ્કાર છે. એ શક્તિ છે. ભગવાન્ આદિત્યને નમસ્કાર છે, એ કીલક–ખિલો છે. ઓં બ્રહ્મરૂપ અગ્નિ દેવતા ગર્ભ છે, એ મંત્ર છે. હે ભગવાન્ આદિત્ય ! તમને નમસ્કાર છે, નમસ્કાર છે, નમસ્કાર છે, શ્રી સૂર્યનારાયણની પ્રીતિને માટે આનો જપ કરીશ. એ વિનિયોગ છે. અથન્યાસ. ઓમ્ હ્રાં અંગુઠાને નમસ્કાર છે, ઓમ્ હ્રીં તર્જનીને નમસ્કાર છે. ઓમ્-હ્રું મધ્યમાને નમસ્કાર છે. ઓમ્-હ્રૈં અનામિકાને નમસ્કાર છે. ઓમ્-હ્રૌં કનિષ્ઠકાને નમસ્કાર છે. ઓમ્ -હ્રઃ હાથની હથેલીના પાછલા ભાગને નમસ્કાર છે. ઓમ્ હ્રાં હૃદયને નમસ્કાર છે. ઓમ્ હ્રીં શિરસે, ઓમ્-હ્રું શિખાને, ઓમ્ હ્રૈં કવચને, ઓમ્ -હ્રૌં ત્રણ નેત્રને. ઓમ્ હ્રઃ અસ્ત્રને, ઓમ્ હ્રાં, હ્રીં, -હ્રું, હ્રૈં, હ્રૌં, હ્રઃ આ પ્રમાણે નમસ્કાર અને દિશા બાંધવી.

अथ ध्यानम् । भास्वद्रत्नाढ्यमौलिः स्फुरदधररुचा रंजितश्चारुकेशो भास्वान्यो दिव्यतेजाः करकमलयुतः स्वर्णवर्णः प्रभाभिः ।
विश्वाकाशावकाशग्रहपतिशिखरे भाति यश्चोदयाद्रौ
सर्वानंदप्रदाता हरिहरनमितः पातु मां विश्वचक्षुः ॥ १ ॥

ધ્યાન—પ્રકાશિત રત્નોએ કરી યુક્ત છે મુકુટ જેનો, તથા સુન્દર રુચીકર કેશ અને અધર છે જેના, દિવ્ય તેજ યુક્ત કરકમળ વડે સુવર્ણસમાન પ્રભાએ કરીને, વિશ્વ, આકાશ, અવકાશ, ગ્રહપતિ અને શિખરો જેના ઉદય વડે કરીને શોભે છે, એવા અને સર્વને આનન્દ દાતા તથા વિષ્ણુ અને શ્રીમહાદેવજી જેને નમસ્કાર કરે છે એવા વિશ્વ ચક્ષુ, સૂર્યનારાયણ મારૂં સંરક્ષણ કરો. ૧

पूर्वमष्टदलं पद्मं प्रणवादिप्रतिष्ठितम् ।

मायाबीजं दलाष्टाग्रे यंत्रमुद्धारयेदिति ॥ २ ॥

પ્રથમ અષ્ટદળ કમળ, પ્રણવ, આદિથી સ્થાપન કરવું. ત્યારપછી અષ્ટદળ કમળની પાસે માયાબીજ મંત્ર કાઢવો. ૨

आदित्यं भास्करं भानुं रविं सूर्यं दिवाकरम् ।

मार्तंडं तपनं चेति दलेष्वष्टसु योजयेत् ॥ ३ ॥

આદિત્ય, ભાસ્કર, બાનુ, રવિ, સૂર્ય, દિવાકર, માર્તન્ડ અને તપન એ આઠ અષ્ટદળ કમળમાં અનુક્રમે કાઢવા. ૩

दीप्ता सूक्ष्मा जया भद्राविभूतिर्विमला तथा ।

अमोघा विद्युता चेति मध्ये श्रीः सर्वतोमुखी ॥ ४ ॥

દીપ્તા, સૂક્ષ્મા, જયા, ભદ્રા, વિભૂતિ, વિમળા, અમોઘા અને વિદ્યુતા એ આઠ શક્તિયો પણ તેમના સમીપમાં કાઢવી. ૪

सर्वज्ञः सर्वगश्चैव सर्वकारणदेवता ।

सर्वेशं सर्वहृदयं नमामि सर्वसाक्षिणम् ॥ ५ ॥

સર્વજ્ઞ, સર્વના અંગમાં પ્રવેશ કરવાવાળા, અને સર્વના કારણરૂપ દેવતા, સર્વના ઇશ, અને સર્વના હૃદયના સાક્ષી એવા જે સૂર્યનારાયણ તેને હું નમસ્કાર કરૂં છું. ૫

सर्वात्मा सर्वकर्ता च सृष्टिजीवनपालकः ।
हितः स्वर्गापवर्गश्च भास्करेश नमोस्तु ते ॥ ६ ॥ इति प्रार्थना

સર્વના આત્મા, સર્વને કરવાવાળા, અને સૃષ્ટિના જીવોનું પાલન તથા હિતકરવાવાળા સ્વર્ગ અપવર્ગમાં ફરનારા એવા સૂર્યનારાયણને મારા નમસ્કાર છે. ૬

नमो नमस्तेऽस्तु सदा विभावसो सर्वात्मने सप्तहयाय भानवे ।
अनंतशक्तिर्मणिभूषणेन ददस्व भुक्तिं मम मुक्तिमव्ययाम् ॥ ७॥

હે સર્વાત્મન્! હે સર્વને પ્રકાશિત કરવાવાળા!! સાત ઘોડાવાળા, અનન્ત શક્તિ આપને વારમ્વાર નમસ્કાર કરૂં છું. આપ અનુગ્રહ કરીને મણિની કાન્તિવડે કરીને સુખ અને મુક્તિ મને આપો. ૭

अर्कं तु मूर्ध्नि विन्यस्य ललाटे तु रविं न्यसेत् ।
विन्यसेन्नेत्रयोः सूर्यं कर्णयोश्च दिवाकरम् ॥ ८ ॥
नासिकायांन्यसेद्भानुं मुखे वै भास्करं न्यसेत् ।
पर्जन्यमोष्ठयोश्चैव तीक्ष्णं जिह्वांतरे न्यसेत् ॥ ९ ॥
सुवर्णरेतसं कंठे स्कंधयोस्तिग्मतेजसम् ।
बाह्वोस्तु पूषणं चैव मित्रं वै पृष्ठतो न्यसेत् ॥१०॥

મસ્તકમાં અર્ક તથા લલાટમાં રવિ તથા બે નેત્રોને વિષે સૂર્ય તથા કાનને વિષે દિવાકર, નાકમાં ભાનુ, મુખમાં ભાસ્કર, હોઠને વિષે પર્જન્યા, જીહ્વાને વિષે તીક્ષ્ણ તથા કન્ઠમાં સુવર્ણ સદશ, કન્ઠમાં તથા કાન્ધમાં તિવ્ર છે તેજ જેનું, તેને તથા બે હાથમાં પૂષાને

ભગપર

તથા પીઠે મિત્ર નામના સૂર્યને રાખવાઃ અર્થાત્ તે તે ભાગનું તે તે સૂર્ય ભગવાન્ સંરક્ષણ કરો. ૮–૧૦

वरुणं दक्षिणे हस्ते त्वष्टारं वामतः करे।

हस्तावुष्णकरः पातु हृदयं पातु भानुमान् ॥११॥

જમણા હાથે વરૂણ, ડાબાહાથે ત્વષ્ટા એ હાથોનું ઉષ્ણકર સૂર્ય સંરક્ષણ કરો, અને હૃદયનું ભાનુમાન્ એવા સૂર્ય રક્ષણ કરો. ૧૧

उदरे तु यमं विद्यादादित्यं नाभिमंडले।

कट्यां तु विन्यसेद्धंसं रुद्रमूर्वोस्तु विन्यसेत् ॥१२॥

ઉદરમાં યમ નામના સૂર્યને, નાભિ મન્ડળમાં આદિત્ય, કેડમાં હૃંસ અને સાથળોમાં રૂદ્ર સ્થાપન કરવા; અર્થાત્ તે તે નામના સૂર્ય તે તે ભાગનું સંરક્ષણ કરો. ૧૨

जान्वोस्तु गोपतिं न्यस्य सवितारं तु जंघयोः।

पादयोश्च विवस्वंतं गुल्फयोश्च दिवाकरम् ॥१३॥

ઢિંચણ વિષે ગોપતિ, જાંઘ વિષે સવિતા, પગ વિષે વિવસ્વંત, તથા પાની વિષે દિવાકર નામના સૂર્યને રાખવા. ૧૩

बाह्यतस्तु तमोध्वंसं भगमभ्यंतरे न्यसेत्।

सर्वांगेषु सहस्रांशुं दिग्विदिक्षु भगं न्यसेत् ॥१४॥ इति दिग्बंधः

બાહાર, તમોધ્વંશ, અન્દર, ભગ નામના સૂર્ય, તથા સર્વાંગે સહસ્ર છે કિરણો જેને, તે તથા દિશા વિદિશામાં ભગ નામના સૂર્ય સંરક્ષણ કરો. ૨૪

एष आदित्यविन्यासो देवानामपि दुर्लभः।

इमं भक्त्या न्यसेत्पार्थ स याति परमां गतिम् ॥१५॥

હે અર્જુન ! આ સૂર્યનારાયણનો ન્યાસ દેવતાઓને દુર્લભ છે. આ ન્યાસ ભક્તિપૂર્વક કરવાથી મનુષ્ય પરમગતિને પામે છે. ૧૫

कामक्रोधकृतात्पापान्मुच्यते नात्र संशयः ।
सर्पादपि भयं नैव संग्रामेषु पथिष्वपि ॥ १६ ॥

કામ તથા ક્રોધવડે કરીને કરેલાં પાપથી, સર્પથી, સંગ્રામમાં અને માર્ગમાં પણ તેને નિઃસન્દેહ ભય થતો નથી. ૧૬

रिपुसंघट्टकालेषु तथा चोरसमागमे ।
त्रिसंध्यं जपतो न्यासं महापातकनाशनम् ॥१७॥

શત્રુને મળતી વખતે તથા ચોરના સમાગમ સમયે તથા ત્રણે કાળ જો કોઇ મનુષ્ય આ ન્યાસ કરે તો તેનાં મહાપાતક નાશ પામે છે. ૧૭

विस्फोटकसमुत्पन्नं तीव्रज्वरसमुद्भवम् ।
शिरोरोग नेत्ररोगं सर्वव्याधिविनाशनम् ॥१८॥

આ ન્યાસનો જપ કરનારને વિસ્ફોટકનો, તીવ્રતાવનો, મસ્તકનો, નેત્રનો તથા બીજા પણ અન્ય સર્વ વ્યાધિયો નાશ પામે છે. ૧૮

कुष्ठव्याधिस्तथा दद्रुरोगाश्च विविधाश्च ये ।
जपमानस्य नश्यंति शृणु भक्त्या तदर्जुन ॥ १९ ॥

હે અર્જુન ! કોડ, દાદર તથા અન્ય વાધિયો વિગેરે આ ન્યાસનો જપ કરવાથી નાશ પામે છે, માટે તે ભક્તિપૂર્વક શ્રવણ કર્ય. ૧૯

आदित्यो मंत्रसंयुक्त आदित्यो भुवनेश्वरः ।
आदित्यान्नापरो देवो ह्यादित्यः परमेश्वरः ॥२०॥

મંત્ર સંયુક્ત આદિત્ય, એ ત્રિભુવનના ઇશ્વર છે. આદિત્યથી પર બીજો કોઇ દેવ નથી. આદિત્ય સાક્ષાત્ પરમેશ્વર છે. ૨૦

आदित्यमर्चयेद्ब्रह्मा शिव आदित्यमर्चयेत् ।
यदादित्यमयं तेजो मम तेजस्तदर्जुन ॥ २१ ॥

હે અર્જુન! બ્રહ્મા અને શિવ પણ આદિત્યનું પૂજન કરે છે. જે આદિત્યમય તેજ છે તે તેજ મારૂં છે. ૨૧

आदित्यं मंत्रसंयुक्तमादित्यं भुवनेश्वरम् ।
आदित्यं ये प्रपश्यंति मां पश्यन्ति न संशयः ॥ २२ ॥

મંત્ર સંયુક્ત તથા ભુવન ઇશ્વર આદિત્યને જે પુરૂષ અવલોકન કરે છે, તે મનેજ જુવે છે, એમાં સંશય નથી. ૨૨

त्रिसंध्यमर्चयेत्सूर्यं स्मरेद्भक्त्या तु यो नरः ।
न स पश्यति दारिद्र्यं जन्मजन्मानि चार्जुन ॥ २३ ॥

હે અર્જુન! ત્રણેકાળ જે કોઇ સૂર્યનું ભક્તિપૂર્વક પૂજન તથા સ્મરણ કરે, તો તે જન્મોજન્મ દારિદ્રતાને નિહાળતો નથી. ૨૩

एतत्ते कथितं पार्थ आदित्यहृदयं मया ।
श्रृण्वन्मुक्तश्च पापेभ्यः सूर्यलोके महीयते ॥ २४ ॥

હે પાર્થ! અમે જે તને આદિત્ય હૃદય નામનું સ્તોત્ર કહ્યું, તે શ્રવણ કરવાથી પ્રાણી સર્વ પાપથી મુક્ત થઇને સૂર્ય લોકમાં જાય છે. ૨૪

नमो भगवंते तुभ्यमादित्याय नमो नमः ।
आदित्यः सविता सूर्यः खगः पूषा गभस्तिमान् ॥ २५ ॥

सुवर्णः स्फटिको भानुः स्फुरितो विश्वतापनः ।
रविर्विश्वो महातेजाः सुवर्णः सुप्रबोधकः ॥ २६ ॥
हिरण्यगर्भस्त्रिशिरास्तपनो भास्करो रविः ।
मार्तंडो गोपतिः श्रीमान् कृतज्ञश्च प्रतापवान् ॥ २७ ॥
तमिस्रहा भगो हंसो नासत्यश्च तमोनुदः ।
शुद्धो विरोचनः केशी सहस्रांशुर्महाप्रभुः ॥ २८ ॥

હે ભગવતે ! તમને નમસ્કાર છે. હે આદિતિના પુત્ર ! તમને પુનઃ પુનઃ નમસ્કાર છે, આદિત્ય, સવિતા, સૂર્ય,, ખગ, પુષા, ગભસ્તિમાન્, સુવર્ણ, સ્ફટિક, ભાનુ, સ્ફુરિત, વિશ્વતાપન, રવિ, વિશ્વ, મહાતેજ, સુવર્ણ સદશ જણાતા, હિરણ્યગર્ભ, ત્રિશિરા, તપન, ભાસ્કર, રવિ, માર્ત્તંડ, ગોપતિ, શ્રીમાન્, કૃતજ્ઞ, અને પ્રતાપવાન્ અન્ધકારનો નાશ કરવાવાળા ભગ હંસ સત્ય, તમોનુદ, શુદ્ધ, વિરોચન, કેશી, સહસ્રકિરણોવાળા મહાપ્રભુ. ૨૫–૨૮

विवस्वान्पूषणो मृत्युर्मिहिरो जामदग्न्यजित् ।
धर्मरश्मिः पतंगश्च शरण्यो मित्रहा तपः ॥ २९ ॥

વિવસ્વાન, પૂષણ, મૃત્યુ, મિહિર, જામદગ્ન્ય, જીત, ધર્મરશ્મિ, પતંગ, શરણ્ય, મિત્રહા, તપ. ૨૯

दुर्विज्ञेयगतिः शूरस्तेजोराशिर्महायशाः ।
शंभुश्चित्रांगदः सौम्यो हव्यकव्यप्रदायकः ॥ ३० ॥

દુર્વીજ્ઞેયગતિ, શૂર, તેજોરાશિ, મહાયશ, શંભુ, ચિત્રાંગદ, સૌમ્ય, હવ્ય કવ્યને દેવાવાળા. ૩૦

अंशुमानुत्तमो देव ऋग्यजुः साम एव च ।
हरिदश्वस्तमोदारः सप्तसप्तिर्मरीचिमान् ॥ ३१ ॥

અંશુમાન્, ઉત્તમ, દેવ, ઋક્, યજુ, સામ, હરિદશ્વ, તમોદાર, સપ્તસપ્તિ, મરીચિમાન્ ૩૧

अग्निगर्भोऽदितेः पुत्रः शंभुस्तिमिरनाशनः ।
पूषा विश्वंभरो मित्रः सुवर्णः सुप्रतापवान् ॥ ३२ ॥

અગ્નિગર્ભ અદિતિના પુત્ર, શમ્ભુ, તિમિરને નાશ કરવાવાળા, પૂષા, વિશ્વમ્ભર, મિત્ર, સુવર્ણ, સુપ્રતાપવાન્ ૩૨

आतपी मंडली भास्वांस्तपनः सर्वतापनः ।
कृतविश्वो महातेजाः सर्वरत्नमयोद्भवः ॥ ३३ ॥

આતપી, મંડળી, ભાસ્વાન, તપન, સર્વતાપન, કૃતવિશ્વ, મહાતેજ, સર્વરત્નમય, ઉદ્ભવ. ૩૩

अक्षरश्च क्षरश्चैव प्रभाकरविभाकरौ ।
चंद्रश्चंद्रांगदः सौम्यो हव्यकव्यप्रदायकः ॥ ३४ ॥

અક્ષર, ચાક્ષર, પ્રભાકર, વિભાકર, ચન્દ્ર, ચન્દ્રાંગદ, સૌમ્ય, હવ્યકવ્યને દેવાવાળા. ૩૪

अंगारको गदोऽगस्ती रक्तांगश्चांगवर्धनः ।
बुधो बुद्धासनो बुद्धिर्बुद्धात्मा बुद्धिवर्धनः ॥ ३५ ॥

અંગારક, અંગદ, અગસ્ત, રક્તાંગ, અંગવર્ધન, બુદ્ધ, બુદ્ધાસન, બુદ્ધિ બુદ્ધાત્મા, બુદ્ધિને વધારનારા. ૩૫

बृहद्भानुर्बृहद्भासो बृहद्धामा बृहस्पतिः ।
शुक्रस्त्वं शुक्ररेतास्त्वं शुक्रांगः शुक्रभूषणः ॥ ३६ ॥

બૃહદ્ભાનુ, બૃહદ્ભાસ, બૃહદ્ધામા, બૃહસ્પતિ, શ્વેત, શ્વેત વીર્યવાળા, શ્વેત અંગવાળા, અને શ્વેત ભૂષણવાળા તમે છો. ૩૬

शनिमान् शनिरूपस्त्वं शनैर्गच्छसि सर्वदा ।
अनादिरादिरादित्यस्तेजोराशिर्महातपाः ॥ ३७ ॥

શનિમાન, શનિરૂપ, અને ધીરે ધીરે સર્વદા જાઓ છો. અનાદિના પણ આદિ, તેજના ભંડારરૂપ, અને મહા તપવાળા આદિત્ય તમે છો. ૩૭

अनादिरादिरूपस्त्वमादित्यो दिक्पतिर्यमः ।
भानुमान् भानुरूपस्त्वं स्वर्भानुर्भानुदीप्तिमान् ॥ ३८ ॥

અનાદિના પણ આદિરૂપ, દિશાના પતિ, યમ એવા આદિત્ય તમે છો. ભાનુમાન્, ભાનુરૂપ, સ્વર્ગનાભાનુ, કાન્તિવાળા તમે છો. ૩૮

धूमकेतुर्महाकेतुः सर्वकेतुरनुत्तमः ।
तिमिरावरणः शंभुः स्रष्टा मार्तंड एव च ॥ ३९ ॥

ધૂમકેતુ, મહાકેતુ, સર્વકેતુ, ઉત્તમ, તિમિરાવરણ, શમ્ભુ, સ્રષ્ટા, માર્ત્તન્ડ, એ પણ તમેજ છો. ૩૯

नमः पूर्वाय गिरये पश्चिमाय नमो नमः ।
नमोत्तराय गिरये दक्षिणाय नमो नमः ॥ ४० ॥

ઉદયાચળ અને અસ્તાચળને વારમ્વાર નમસ્કાર છે. તથા દક્ષિણ અને ઉત્તરના પર્વતરૂપ એવા આપ સૂર્યનારાયણ તેને પુનઃ પુનઃ નમસ્કાર છે. ૪૦

नमो नमः सहस्रांशो ह्यादित्याय नमो नमः ।

नमः पद्मप्रबोधाय नमस्ते द्वादशात्मने ॥ ४१ ॥

હજાર કીરણોવાળા સૂર્યને નમસ્કાર છે, આદિત્યને નમસ્કાર છે. પદ્મપ્રબોધને નમસ્કાર છે. દ્વાદશ સૂર્યને નમસ્કાર છે. ૪૧

नमो विश्वप्रबोधाय नमो भ्राजिष्णुजिष्णवे ।

जयोतिष च नमस्तुभ्यं ज्ञानार्काय नमो नमः ॥४२॥

વિશ્વને પ્રબોધ કરનારા સૂર્યને નમસ્કાર છે. શોભાયમાન તેજોમય એવા સૂર્યને નમસ્કાર છે. પ્રકાશરૂપ સૂર્યભગવાન્‌ને નમસ્કાર છે. જ્ઞાનરૂપી અર્ક આપને પુનઃ પુનઃ નમસ્કાર છે. ૪૨

प्रदीप्ताय प्रगल्भाय युगांताय नमो नमः ।

नमस्ते होतृपतये पृथिवीपतये नमः ॥ ४३ ॥

પ્રદિપ્ત કાન્તિવાળા, ધૈર્યવાન્, યુગના અન્તને વિષે પણ રહેનારાને નમસ્કાર છે. હોતૃપતિને નમસ્કાર છે. પૃથ્વીપાતને નમસ્કારછે.૪૩

नमोंकार वषट्कार सर्वयज्ञ नमोस्तु ते ।

ऋग्वेदाय यजुर्वेद सामवेद नमोऽस्तु ते ॥ ४४ ॥

ઓંકાર, વષટ્કાર અને સર્વ યજ્ઞરૂપ સૂર્ય ભગવાન્‌ને વારમ્વાર નમસ્કાર છે. રૂ૬, યજુ અને સામવેદરૂપ સૂર્ય ભગવાન્‌ને નમસ્કાર છે. ૪૪

नमोहाटकवर्णाय भास्कराय नमो नमः ।

जयाय जयभद्राय हरिदश्वाय ते नमः ॥४५॥

સુવર્ણ સમાન રંગવાળા સૂર્યને નમસ્કાર છે. ભાસ્કરને પુનઃ પુનઃ નમસ્કાર છે. જયરૂપ, તથા જયકલ્યાણ તથા લીલા ઘોડાવાળા સૂર્ય ભગવાન્‌ને નમસ્કાર છે. ૪૫

दिव्याय दिव्यरूपाय ग्रहाणां पतये नमः ।

नमस्ते शुचये नित्य नमः कुरुकुलात्मने ॥ ४६ ॥

સ્વર્ગમાં ઉત્પત્તિવાળા અને દિવ્ય સ્વરૂપવાળા, ગ્રહોના પતિ એવા સૂર્યને નમસ્કાર છે. શુદ્ધ એવા સૂર્યને નમસ્કાર છે. કુરૂકુળના આત્માને નિત્ય નમસ્કાર છે. ૪૬

नमस्त्रैलोक्यनाथाय भूतानां पतये नमः ।

नमः कैवल्यनाथाय नमस्ते दिव्यचक्षुषे ॥ ४७ ॥

ત્રણેલોકના નાથને નમસ્કાર છે. પ્રાણીઓના પતિને નમસ્કાર છે. કૈવલ્ય મોક્ષના નાથને નમસ્કાર છે. અને દિવ્ય ચક્ષુવાળા સૂર્યનારાયણને નમસ્કાર છે. ૪૭

त्वं ज्योतिस्त्वं द्युतिर्ब्रह्मा त्वं विष्णुस्त्वं प्रजापतिः ।

त्वमेव रुद्रो रुद्रात्मा वायुरग्निस्त्वमेव च ॥ ४८ ॥

તમે જ્યોતિ છો, તમે ધોતિ છો, બ્રહ્મા, વિષ્ણુ અને પ્રજાપતિ તમે છો, રૂદ્રાત્મા, વાયુ અને અગ્નિ પણ તમેજ છો. ૪૮

योजनानां सहस्त्र द्वे शते द्वे द्वे च योजने ।

एकेन निमिषार्धेन क्रममाण नमोऽस्तु ते ॥ ४९ ॥

બાવીસસો યોજનનો જે રસ્તો તે આપ એક નિમિષના અર્દ્ધ ભાગ જેટલા કાળમાં ફરો છો, તેને નમસ્કાર છે. ૪૯

नवयोजनलक्षाणि सहस्रद्विशतानि च ।

यावद्धटीप्रमाणेन क्रममाण नमोऽस्तु ते ॥ ५० ॥

નવ લાખ અને બે હજાર યોજન જેટલો રસ્તો આપ એક ઘડીમાં ચાલનારા તેને હું પ્રણામ કરૂં છું. ૫૦

अग्रतश्च नमस्तुभ्यं पृष्ठतश्च सदा नमः ।
पार्श्वतश्च नमस्तुभ्यं नमस्ते चास्तु सर्वदा ॥ ५१ ॥

હે સૂર્ય ભગવાન્! આપને આગળ પણ નમસ્કાર છે. અને પાછળ સદા નમસ્કાર છે. પડખામાં પણ આપને નમસ્કાર છે તથા સર્વદા આપને નમસ્કાર છે. ૫૧

नमः सुरारिहंत्रे च सोमसूर्याग्निचक्षुषे ।
नमो दिव्याय व्योमाय सर्वतत्त्वमयाय च ॥ ५२ ॥

દેવતાઓના શત્રુને મારનારા, તથા સોમ, સૂર્ય અને અગ્નિ છે નેત્ર જેનાં તેને નમસ્કાર છે. દિવ્ય કાન્તિવાળા, આકાશરૂપ અને સર્વના કારણરૂપ એવા સૂર્યનારાયણને નમસ્કાર છે. ૫૨

नमो वेदांतवेद्याय सर्वकर्मादिसाक्षिणे ।
नमो हरितवर्णाय सुवर्णाय नमो नमः ॥ ५३ ॥

વેદાન્તને જાણવાવાળા, સર્વ કર્મના સાક્ષિભૂત આપને નમસ્કાર છે. લીલો છે વર્ણ જેનો એવા આપને નમસ્કાર છે. સુવર્ણસદૃશ શરીરવાળા આપને નમસ્કાર છે. ૫૩

अरुणो माघमासे तु सूर्यो वै फाल्गुने तथा ।
चैत्रमासे तु वेदांगो भानुर्वैशाखतापनः ॥ ५४ ॥

માઘમાસમાં અરુણ, ફાગણમાં સૂર્ય, ચૈત્રમાસમાં વેદાંગભાનુ અને વૈશાખમાં તાપન નામ છે. ૫૪

ज्येष्ठमासे तपेदिंद्र आषाढे तपते रविः ।
गभस्तिः श्रावणे मासि यमो भाद्रपदे तथा ॥ ५५ ॥

જેઠ માસમાં ઇન્દ્ર નામના સૂર્ય તપે છે. અષાઢમાં રવિ નામના સૂર્ય તપે છે. શ્રાવણ માસમાં ગભસ્તિ અને ભાદરવામાં યમ એવા નામના સૂર્ય છે. ૫૫

इषे सुवर्णरेताश्च कार्तिके च दिवाकरः ।
मार्गशीर्षे तपेन्मित्रः पोष विष्णुः सनातनः ॥ ५६ ॥

આશ્વિન માસમાં સુવર્ણરેતા, કાર્તિકમાં દિવાકર, માગશર માસમાં મિત્ર, અને પોષ માસમાં સનાતન વિષ્ણુ નામના સૂર્ય તપે છે. ૫૬

पुरुषस्त्वधिके मासे मासाधिक्ये तु कल्पयेत् ।
इत्येते द्वादशादित्याः काश्यपयाः प्रकीर्तिताः ॥ ५७ ॥

અધિક માસમાં પુરૂષ નામના સૂર્ય તપે છે. એમ કલ્પના કરેલી છે. આ પ્રમાણે બાર આદિત્ય કશ્યપજીના પુત્ર કહેલા છે. ૫૭

उग्ररूपा महात्मानस्तपंते विश्वरूपिणः ।
धर्मार्थकाममोक्षाणां प्रस्फुटा हेतवो नृप ॥ ५८ ॥

ઉગ્રરૂપવાળા, વિષ્ણુરૂપ મહાત્મા સૂર્ય, ધર્મ, અર્થ, કામ અને મોક્ષના હેતુ માટે હે અર્જુન ! તપ્યા કરે છે. ૫૮

सर्वपापहरं चैवमादित्यं संप्रपूजयेत् ।
एकधा दशधा चैव शतधा च सहस्रधा ॥ ५९ ॥

સર્વ પાપોને નાશ કરવાવાળા એવા આદિત્યનું સારી રીતે પ્રેમપૂર્વક એક પ્રકારે, દશ પ્રકારે, સો તથા હજાર પ્રકારે પૂજન કરવું. ૫૯

तपंते विश्वरूपेण सृजंति संहरंति च ।
एष विष्णुः शिवश्चैव ब्रह्मा चैव प्रजापतिः ॥ ६० ॥

વિશ્વરૂપે કરીને તપે છે. સૃજે છે અને સંહાર કરે છે. એ સૂર્ય ભગવાનજ વિષ્ણુ, શિવ, બ્રહ્મા અને પ્રજાપતિ છે. ૬૦

महेंद्रश्चैव कालश्च यमो वरुण एव च ।

नक्षत्रग्रहताराणामधिपो विश्वतापनः ॥ ६१ ॥

મહેન્દ્ર, યમ, કાળ, વરૂણ, નક્ષત્ર, ગ્રહ, તારાના અધીશ્વર, વિશ્વતાપન પણ તેજ છે. ૬૧

वायुरग्निर्धनाध्यक्षो भूतकर्ता स्वयं प्रभुः ।

एष देवो हि देवानां सर्वमाप्यायते जगत् ॥ ६२ ॥

વાયુ, અગ્નિ, કુબેર, પ્રાણીઓને કરનારા, સૂર્યનારાયણ પોતે છે. દેવના દેવ અને સકળ જગતને ઉત્પન્ન કરનારા સૂર્ય છે. ૬૨

एष कर्ता हि भूतानां संहर्ता रक्षकस्तथा ।

एष लोकानुलोकाश्च सप्तद्वीपाश्च सागराः ॥ ६३ ॥

પ્રાણીઓને ઉત્પન્ન કરનારા, નાશ કરનારા તથા સંરક્ષણ કરનારા, લોકાનુલોક સાત દ્વીપ અને સાગર પણ સૂર્ય છે. ૬૩

एष पातालसप्तस्था दैत्यदानवराक्षसाः ।

एष धाता विधाता च बीजं क्षेत्रं प्रजापतिः ॥ ६४ ॥

સાત પાતાળને વિષે રહેનારા, દૈત્ય, દાનવ, રાક્ષસ, ધાતા, વિધાતા, બીજ, ક્ષેત્ર અને પ્રજાપતિ પણ સૂર્યનારાયણ છે. ૬૪

एक एव प्रजा नित्यं संवर्धयति रश्मिभिः ।

एष यज्ञं स्वधा स्वाहा ह्रीः श्रीश्च पुरुषोत्तमः ॥६५॥

સૂર્ય ભગવાન્ પોતાના કિરણો વડે નિત્ય પ્રજાની વૃદ્ધિ કરે છે, યજ્ઞ, સ્વધા, સ્વાહા, હ્રી લક્ષ્મી તથા પુરૂષોત્તમ પણ તેજ છે. ૬૫

एष भूतात्मको देवः सूक्ष्मोऽव्यक्तः सनातनः ।
ईश्वरः सर्वभूतानां परमेष्ठी प्रजापतिः ॥ ६६ ॥

સર્વ પ્રાણી માત્રના દેવ છે. સૂક્ષ્મ, વ્યક્ત અને સનાતન છે. પ્રાણી માત્રના ઈશ્વર પ્રજાપતિ અને સંરક્ષણ કરનાર છે. ૬૬

कालात्मा सर्वभूतात्मा वेदात्मा विश्वतोमुखः ।
जन्ममृत्युजराव्याधिसंसारभयनाशनः ॥ ६७ ॥

કાલાત્મા, પ્રાણી માત્રના આત્મા, વેદાત્મા, વિશ્વ છે મુખ જેનું એવા, તથા જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ અને સંસારના ભયનો નાશ કરવાવાળા છે. ૬૭

दारिद्र यव्यसनध्वंसी श्रीमान्देवो दिवाकरः ।
किर्तनीयो विवस्वांश्च मार्तंडो भास्करो रविः ॥ ६८ ॥

દારિદ્ર અને વ્યસન તેનો નાશ કરવાવાળા, લક્ષ્મીને આપનારા, દેવ એવા જે દિવાકર, તે દુષ્ટ જીવોનો નાશ કરનારા માર્ત્તન્ડ, પ્રકાશ કરનારા રવિ છે. ૬૮

लोकप्रकाशकः श्रीमांल्लोकचक्षुर्ग्रहेश्वरः ।
लोकसाक्षी त्रिलोकेशः कर्ता हर्ता तमिस्रहा ॥ ६९ ॥

ત્રૈલોક્યનો પ્રકાશ કરવાવાળા, તથા ત્રણેલોકના ચક્ષુ અને ગ્રહોના ઈશ્વર, લોકસાક્ષી, ત્રૈલોક્યના ઈશ, કર્ત્તા, સંહાર કર્ત્તા અને અન્ધકારનો નાશ કરનારા છે. ૬૯

तपनस्तापनश्चैव शुचिः सप्ताश्ववाहनः ।
गभस्तिहस्तो ब्रह्मण्यः सर्वदेवनमस्कृतः ॥ ७० ॥

પ્રકાશ કરનારા, તપાવનાર, પવિત્ર અને સાત ઘોડા જેનું વાહન છે એવા, હાથને વિષે કીરણોને ધારણ કરનારા, બ્રહ્મનું ધ્યાન ધરનારા અને સર્વ દેવ જેને નમસ્કાર છે. ૭૦

आयुरारोग्यमैश्वर्यं नरा नार्यश्च मंदिरे ।

यस्य प्रसादात्संतुष्टिरादित्यहृदयं जपेत् ॥ ७१ ॥

જેની કૃપાથી હૃદયમાં સંતુષ્ટ થઇને નરનારી આદિત્યનો જપ કરે છે તો તેને આયુ, આરોગ્ય અને ઐશ્વર્ય આપે છે. ૭૧

इत्येतैर्नामभिः पार्थ आदित्यं स्तौति नित्यशः ।

प्रातरुत्थाय कौंतेय तस्य रोगभयं न हि ॥ ७२ ॥

હે અર્જુન! પ્રથમ કહેલાં નામ પ્રમાણે જે મનુષ્ય પ્રભાતે ઉઠીને સ્તુતિ કરે છે, તેને હે કુન્તાના પુત્ર! રોગનો ભાય થતો નથી. ૭૨

पातकान्मुच्यते पार्थ व्याधिभ्यश्च न संशयः ॥

एक संध्यं द्विसंध्यं वा सर्वपापैः प्रमुच्यते ॥ ७३ ॥

હે અર્જુન! સવારે તથા સાંજે અથવા બે વખત સૂર્યની સ્તુતિ કરનાર મનુષ્ય પાપથી વ્યાધિથી મુક્ત થઇ જાય છે એમાં સંશય નથી, એટલુજ નહિ, પણ તે સર્વ પાપથી મુક્ત થઇ જાય છે. ૭૩

त्रिसंध्यं जपमानस्तु पश्येच्च परमं पदम् ।

यदह्नात्कुरुते पाप तदह्य त्प्रातिमुच्यते ॥ ७४ ॥

જે ત્રણે કાળ સૂર્યનો પાઠ કરે તે પરમપદને દેખે છે, અને જે રોજ એકવાર પાઠ કરે છે, તે તે પાઠના પ્રભાવે તે દિવસના પાપથી મુક્ત થાય છે. ૭૪

यद्रात्र्यात्कुरुते पापं तद्रात्र्यात्प्रतिमुच्यते ।
दद्रुस्फोटककुष्ठानि मंडलानि विषूचिका ॥ ७५ ॥

જે રાત્રિએ પાપ કર્યું હોય, તે રાત્રિના પાપથી તથા દાદર વિસ્ફોટક કોડ અને મહામારી—આદિ રોગથી મુક્ત થાય છે. ૭૫

सर्वव्याधिमहारोगभूतबाधास्तथैव च ।
डाकिनी शाकिनी चैव महारोगभयं कुतः ॥ ७६ ॥

નાના પ્રકારના સર્વ વ્યાધીઓ, મહારોગ તથા ભૂતબાધા ડાકણ, શાકિની વિગેરેના મોટા રોગ વિગેરે સૂર્યના પાઠ કરનારને ભય હોતો નથી. ૭૬

ये चान्ये दुष्टरोगाश्च ज्वरातीसारकादयः ।
जपमानस्य नश्यंति जीवेच्च शरदां शतम् ॥ ७७ ॥

તે સિવાય જે બીજા દુષ્ટ રોગો જેવા કે તાવ અને અતિસાર આદિ વિગેરે સૂર્યનો પાઠ કરવાથી નાશ પામે છે, અને પાઠ કરનાર માણસ સો શરદ ઋતુ પર્યન્ત જીવે છે; એટલે કે સો વર્ષ જીવે છે. ૭૭

संवत्सरेण मरणं यदा तस्य ध्रुवं भवेत् ।
अशीर्षां पश्यति च्छायामहोरात्रं धनंजय ॥ ७८ ॥

હે ધનંજય! એક સંવત્સરમાં જેનું મરણ થનાર હોય તે અહોરાત્ર પોતાના શિરને છાયામાં જોતો નથી. તેવો પુરૂષ પણ જો પાઠ કરે તો તે અવશ્ય તે પણ સુખ પામે છે. ૭૮

यस्त्विदं पठते भक्त्या भानोर्वारे महात्मनः ।
प्रातःस्नाने कृते पार्थ एकाग्रकृतमानसः ॥ ७९ ॥

सुवर्णचक्षुर्भवति न चांधस्त प्रजायते ।
पुत्रवान्धनसंपन्नो जायते चारुजः सुखी ॥ ८० ॥

હે પાર્થ! જે કોઇ મનુષ્ય રવિવારે પ્રાતઃસ્નાન કરી એકા-ગ્રમનવડે ભક્તિપૂર્વક જો આ સ્તોત્રનો પાઠ કરે છે, તો તે સુવર્ણ સમાન આંખોવાળો થાય છે. અને તે આંધળો થતોજ નથી, એટલુંજ નહિ પણ તે પુત્રવાન્ ધનસમ્પન્ન થાય છે, અને સુખી થાય છે. ૭૯–૮૦

सर्वसिद्धिमवाप्नोति सर्वत्र विजयी भवेत् ।
आदित्यहृदयं पुण्यं सूर्यनामाविभूषितम् ॥ ८१ ॥

આદિત્ય હૃદયનો, પાઠ કરનાર સર્વ સિદ્ધિને પામે છે. સર્વ સ્થળે વિજય સમ્પાદન કરે છે. સૂર્યના નામથી શોભાયમાન્ આદિ-ત્યહૃદય પુણ્ય કરે છે. ૮૧

श्रुत्वा च निखिलं पार्थ सर्वपापैः प्रमुच्यते ।
अतः परतरं नास्ति सिद्धिकामस्य पांडव ॥ ८२ ॥

હે અર્જુન! આદિત્યહૃદયને શ્રવણ કરનાર માણસ સર્વ પાપથી મુક્ત થઈ જાય છે. હે પાંડવ! એથી અધિક સિદ્ધિને આપનાર તથા કામના પૂર્ણ કરનાર બીજું એકે નથી. ૮૨

एतज्जपस्य कौंतेय येन श्रेयो ह्यवाप्स्यसि ।
आदित्यहृदयं नित्यं यः पठेत्सुसमाहितः ॥ ८३ ॥
भ्रूणहा मुच्यते पापात्कृतघ्नो ब्रह्मघातकः ।
गोघ्नः सुरापो दुर्भोजी दुष्प्रतिग्रहकारकः ॥ ८४ ॥

पातकानि च सर्वाणि दहत्येव न संशयः ।

य इदं शृणुयान्नित्यं जपेद्वाऽपि समाहितः ॥ ८५ ॥

હે કુન્તાનાપુત્ર અર્જુન! તું આ આદિત્યહૃદયનો જપ કર્ય તે થકી તારૂં શ્રેય થશે. આદિત્યહૃદયનો જે મનુષ્ય નિત્ય સાવધાનપણાથી પાઠ કરે તો, બાળહત્યા કરનાર, બ્રહ્મઘાતી અને કૃતઘ્ન, ગાયને મારનાર, મદિરાપાન કરનાર, અભક્ષ્યાભક્ષ્ય કરનાર અને દુષ્ટ પ્રતિગ્રહ કરનાર જો આને નિત્ય સાંભળે વા જપ કરે તો તેનાં સર્વ પાપ બળી જાય છે, એમાં સંશય નથી. ૮૩–૮૫

सर्वपापविशुद्धात्मा सूर्यलोके महीयते ।

अपुत्रो लभते पुत्रान्निर्धनो धनमाप्नुयात् ॥ ८६ ॥

અને તે સર્વ પાપથી મુક્ત થઇ, શુદ્ધ થઇને સૂર્ય લોકમાં જાય છે. અપુત્ર જો પાઠ કરે તો પુત્ર પામે છે. નિર્ધન જો પાઠ કરે તો ધનને પામે છે. ૮૬

कुरोगी मुच्यते रोगाद्भक्त्या यः पठते सदा ।

यस्त्वादित्यदिने पार्थ नाभिमात्रजले स्थितः ॥ ८७ ॥

હે પાર્થ! રવિવારને દિવસે જો નાભિપર્યન્ત જળમાં ઉભો રહીને કુરોગી જો ભક્તિપૂર્વક સદા પાઠ કરે તો તે દુષ્ટ રોગથી મુક્ત થઇ જાય છે. ૮૭

उदयाचलमारूढं भास्करं प्रणतः स्थितः ।

जपते मानवो भक्त्या शृणुयाद्वापि भक्तितः ॥ ८८ ॥

स याति परमं स्थानं यत्र देवो दिवाकरः ।

अमित्रदमनं पार्थ यदा कर्तुं समारभेत् ॥ ८९ ॥

तदा प्रतिकृतिं कृत्वा शत्रोश्चरणपांसुभिः ।
आक्रम्य वामपादेन ह्यादित्यहृदयं जपेत् ॥ ९० ॥

ઉદયાચળ પર્વતના ઉપર બેઠેલા સૂર્યનારાયણને પ્રણામ કરી જે મનુષ્ય ભક્તિપૂર્વક પાઠ કરે, વા સાંભળે તો તે મનુષ્ય જ્યાં દેવ એવા દિવાકર છે ત્યાં પરસ્થાનમાં જાય છે. હે પાર્થ ! જ્યારે શત્રુનો નાશ કરવો હોય, ત્યારે અવશ્ય સાવધાનપણાથી શત્રુના પગની રજવડે પ્રતિમા કરી ડાબા પગવડે દબાવી આદિત્યહૃદયના જપનો આરંભ કરવો. ૮૮-૯૦

एतन्मंत्रं समाहूय सर्वसिद्धिकरं परम् ।
ॐ ह्रीं हिमालीढं स्वाहा । ॐ ह्रीं निलीढं स्वाहा ।
ॐ ह्रीं मालीढं स्वाहा । इति मंत्र ।

સર્વ સિદ્ધિને કરનારા ઓમ્ હ્રીં હિમાલીઢં સ્વાહા, ઓમ્ .હ્રીં નિલીઢં સ્વાહા, ઓમ્ હ્રીમાલીઢં સ્વાહા, એ મંત્રનો જપ કરવો.

त्रिभिश्च रोगी भवति ज्वरी भवति पंचभिः ।
जपैस्तु सप्तभिः पार्थ राक्षसीं तनुमाविशेत् ॥ ९१ ॥

ત્રણ પ્રકારના રોગી થાય છે, પાંચ પ્રકારના જ્વર થાય છે. હે પાર્થ ! સાત વાર જપ કરવાથી રાક્ષસના દેહને પામે છે. ૯૧

राक्षसेनाभिभूतस्य विकारान् शृणु पांडव ।
गीयते नृत्यते नग्न आस्फोटयति धावति ॥ ९२ ॥
शिवारुतं च कुरुते हसते क्रंदते पुनः ।
एवं संपीड्यते पार्थ यद्यपि स्यान्महेश्वरः ॥ ९३ ॥

હે પાન્ડવ! રાક્ષસ વડે કરીને પરાભવ થયેલા મનુષ્યના વિકારો શ્રવણ કરય. જે કોઇ નગ્ન થઇને ગાય છે વા નાચે છે, તથા મોટા શબ્દ કરીને દોડે છે તથા શીયાળ સમાન શબ્દ કરી બોલે છે, હાસ્ય કરે છે, વારમ્વાર રૂદન કરે છે. હે અર્જુન! આ પ્રમાણે જો પાઠ કરતાં આચરણ કરે, તો મોટા ઇશ્વર હોય, તોપણ તે દુઃખ પામે છે. ૯૨–૯૩

किं पुनर्मानुषः कश्चिच्छौचाचारविवर्जितः ।
पीडितस्य न संदेहो ज्वरो भवति दारुणः ॥ ९४ ॥

જે મનુષ્ય પવિત્રતા અને આચારથી રહિત છે, તે મનુષ્યને દારૂણ જ્વર આવે છે અને તેથી પીડા પામે છે, એમાં સંશય નથી. ૯૪

यदा चानुग्रहं तस्य कर्तुमिच्छेच्छुभंकरम् ।
तदा सलिलमादाय जपेन्मंत्रमिमं बुधः ॥ ९५ ॥

તેના ઉપર અનુગ્રહ કરીને જો તેનું કલ્યાણ કરવું હોય, તો તેને નાભિપર્યન્ત જળમાં ઉભો રાખીને બુધ-વિદ્વાન્ લોકોએ આ મંત્ર જપાવવો અને જો તેને ન આવડે તો તેને જળમાં ઉભો રાખી વિદ્વાને પાઠ કરવો. ૯૫

नमो भगवते तुभ्यमादित्याय नमो नमः ।
जपाय जयभद्राय हरिदश्वाय ते नमः ॥ ९६ ॥

હે ભગવત્! તમને નમસ્કાર છે. આદિત્યને પુનઃ પુનઃ નમસ્કાર છે. જય દેવાવાળા તથા જય રૂપ, કલ્યાણ કરવાવાળા તથા લીલા ઘોડાવાળા જે સૂર્યનારાયણ તેને નમસ્કાર છે. ૯૬

स्नापयेत्तेन मंत्रेण शुभं भवति नान्यथा ।
अन्यथा च भवेद्दोषो नश्यते नात्र संशयः ॥ ९७ ॥

પ્રથમ કહેલા મંત્રવડે સ્નાન કરવાથી મનુષ્યનું અવશ્ય કલ્યાણ થાય છે. તથા અન્ય પણ જે દોષો હોય છે, તેઓ પણ નાશ પામે છે, એમાં જરા સંશય નથી. ૯૭

अतस्ते निखिलः प्रोक्तः पूजां चैव निबोध मे ।
उपलिप्ते शुचौ देशे नियतो वाग्यतः शुचिः ॥ ९८ ॥

એ માટે સર્વ પ્રકાર તને કહ્યા, પણ હવે પૂજાનો વિધિ કહું છું, તે શ્રવણ કર્ય; પ્રથમ પવિત્ર દિશામાં લિંપી, પછી પોતાને શુદ્ધ થઇ પવિત્રં વાણી ઉચ્ચારણ કરવી. ૯૮

वृत्तं वा चतुरस्रं वा लिप्तभूमौ लिखेच्छुचिः ।
त्रिधा तत्र लिखेत्पद्ममष्टपत्रं सकर्णिकम् ॥ ९९ ॥

ગોળાકાર વા ચોરસ લીંપી, પૃથિવીમાં મંડળ કરવું, અને તેમાં ત્રણ પ્રકારના કર્ણિકાયુક્ત આઠ પાંદડાંનું કમળ કાઢવું. ૯૯

अष्टपत्रं लिखेत्पद्मं लिप्तगोमयमंडले ।
पूर्वपत्रे लिखेत् सूर्यमाग्नेय्यां तु रविं न्यसेत् ॥ १०० ॥

આ પ્રમાણે અષ્ટપત્ર કમળ લિંપેલા મંડળમાં આળેખીને પૂર્વ પત્રમાં સૂર્યને આળેખવા અગ્નિ ખૂણામાં રવિનું સ્થાપન કરવું. ૧૦૦

याम्यायां च विवस्वंतं नैर्ऋत्यां तु भगं न्यसेत् ।
प्रतीच्यां वरुणं विद्याद्वायव्यां मित्रमेव च ॥ १ ॥

દક્ષિણ દીશામાં વિવસ્વત, નૈઋત્ય ખુણામાં ભગ, પશ્ચિમ દિશામાં વરૂણ. અને વાયવ્ય ખુણામાં મિત્ર નામના સૂર્યનું સ્થાપન કરવું. ૧૦૧

आदित्यमुत्तरे पत्रे ईशान्यां मित्रमेव च ।
मध्ये तु भास्करं विद्यात्क्रमेणैवं समर्चयेत् ॥ २ ॥

ઉત્તર તરફના પત્રમાં આદિત્ય, ઇશાનખૂણામાં વિષ્ણુ, મધ્યભાગમાં ભાસ્કર નામના સૂર્યનું સ્થાપન કરી, ક્રમવાર સર્વનું પૂજન કરવું. ૧૦૨

अतः परतरं नास्ति सिद्धिकामस्य पांडव ।
महातेजः समुद्यंतं प्रणमेत्स कृतांजलिः ॥ ३ ॥

હે અર્જુન! આથી બીજો સિદ્ધિને આપનાર ઉપાય નથી. મહાતેજરૂપ અને ઉદય પામતા સૂર્યને હાથ જોડીને નમસ્કાર કરવા. ૧૦૩

सकेसराणि पद्मानि करवीराणि चार्जुन ।
तिलतंडुलयुक्तानि कुशगंधोदकानि च ॥ ४ ॥
रक्तचंदनमिश्राणि कृत्वा वै ताम्रभाजने ।
धृत्वा शिरसि तत्पात्रं जानुभ्यां धरणीं स्पृशेत् ॥ ५ ॥

હે અર્જુન! કેસરયુક્ત કમળ, કરણ, તલ, ચોખા, દર્ભ ચન્દન તથા ત્રાંબાના પાત્રમાં રાતાં ચન્દને કરીને યુક્ત મસ્તક ઉપર રાખીને, ગોઠણથી પૃથિવીનો સ્પર્શ કરવો. ૧૦૪–૧૦૫

मंत्रपूतं गुडाकेश चार्घ्यं दद्याद्गभस्तये ।
सायुधं सरथं चैव सूर्यमावाहयाम्यहम् ॥ ६ ॥

હે અર્જુન ! એ પ્રમાણે કરી, આયુધ તથા રથ સહિત સૂર્ય-નારાયણને આવાહન કરીને અર્ઘ્ય આપવો. ૧૦૬

स्वागतो भव सुप्रतिष्ठितो भव । संनिधो भव ।
संनिहितो भव । संमुखो भव । इति पंचमुद्राः
स्फुटयित्वाऽर्घयेत्सूर्यं भुक्तिं मुक्तिं लभेन्नरः ॥ ७ ॥

સ્વાગત થાય, સુપ્રતિષ્ઠા થાય, સન્નિધ થાય, ઘણુંજ સમીપ થાય, સારા મુખો થાય એ રીતે પાંચ મુદ્રાઓ કરવી. ૧૦૭

ॐश्रीं विद्याकिलिकिलिकटकेष्टसर्वार्थसाधनाय स्वाहा ।
ॐ श्रीं ह्रीं ह्रुं हंसः सूर्याय नमः स्वाहा ।
ॐः श्रीं ह्रां ह्रीं ह्रुं ह्रः सूर्यमूर्तये स्वाहा ।
ॐ श्रीं ह्रीं खं खः । लोकाय सर्वमूतये स्वाहा ।
ॐ ह्रुं मार्तंडाय स्वाहा ।
नमोऽस्तु सूर्याय सहस्रभानवे नमोस्तु वैश्वानरजातवेदसे
त्वमेव चार्घ्यं प्रतिगृह्ण देव देवाधिदेवाय नमो नमस्ते ॥ ८ ॥

સૂર્યનું જે પુરૂષ પૂજન કરેછે, તે પુરૂષ આ સંસારનાં સુખ ભોગવી મુક્તિ પામે છે. ઓમ્ શ્રી વિદ્યાના વિઘ્નને નાશ કરનાર, સર્વ ઇષ્ટ દ્રવ્યને આપનાર સૂર્યનું દાનછે. ઓમ્ શ્રી, -હ્રીં, -હ્રું, હંસ, એવા બીજથી સૂર્યને નમસ્કાર કરવા. ઓમ્ શ્રીં -હ્રાં, -હ્રીં, -હ્રું, -હ્રૈ, -હ્રૌ, -હ, સૂર્ય એ મંત્રવડે સૂર્યની મૂર્ત્તિનું દાન કરવું. ઓમ્ શ્રી -હ્રીં, ખંખ; પ્રકાશ કરનારા તથા સર્વના મૂર્ત્તિરૂપ સૂર્યને દાન કરવું. ઓમ્ શ્રી -હ્રીં, ખંખ; પ્રકાશ કરનારા તથા સર્વના મૂર્ત્તિરૂપ સૂર્યને દાન

કરવું. ઓમ્. ન્હું એવા બીજવડે કરી, માર્તંડ નામના સૂર્યનું દાન કરવું. હજાર પ્રકારે પ્રકાશ કરવાવાળા સૂર્યને તથા અગ્નિ સદૃશ પ્રકાશ કરવાળાને નમસ્કાર છે. હે સૂર્ય ભગવાન્! આપજ મારૂં અર્ઘ્ય ગ્રહણુ કરો, તથા સર્વ દેવના દેવરૂપ આપને નમસ્કાર છે. ૧૦૮

नमो भगवते तुभ्यं नमस्ते जातवेदसे ।
दत्तमर्घ्यं मया भानो त्वं गृहाण नमोस्तु ते ॥ ९ ॥

હે ભગવતે! તમને નમસ્કાર છે. અગ્નિ સ્વરૂપ આપને નમસ્કાર છે. હે ભાનુ! મેં જે અર્ઘ્ય અર્પણુ કરેલ છે. તેને ગ્રહણુ કરો, હું આપને નમસ્કાર કરૂં છું. ૧૦૯

एहि सूर्य सहस्रांशो तेजोराशे जगत्पते ।
अनुकंपय मां देव गृहणार्घ्यं नमोऽस्तु ते ॥ ११० ॥

હે હજાર કિરણોવાળા, સૂર્યનારાયણુ! તેજનારાશિ! જગત્‌ના પતિ! મારા ઉપર કૃપા કરીને મારા અર્ઘ્યને ગ્રહણુ કરો, હું આપને નમસ્કાર કરૂં છું. ૧૧૦

नमो भगवते तुभ्यं नमस्ते जातवेदसे ।
ममेदमर्घ्यं गृह्ण त्वं देवदेव नमोस्तु ते ॥ ११ ॥

ઐશ્વર્યને આપનારા તથા અગ્નિ સ્વરૂપ સૂર્યને નમસ્કાર છે. હે દેવ દેવ! મારા આ અર્ઘ્યને આપ ગ્રહણુ કરો આપને નમસ્કાર છે. ૧૧૧

सर्वदेवाधिदेवाय आधिव्याधिविनाशिने ।
इदं गृहाण मे देव सर्वव्याधिर्विनश्यतु ॥ १२ ॥

સર્વ દેવના પણ અધિદેવ તથા આધિ અને વ્યાધિનો નાશ કરનારા, મારાં અર્ધ્યને ગ્રહણ કરો, અને મારા સર્વ વ્યાધિ નાશ પામો. ૧૧૨

नमः सूर्याय शांताय सर्वरोगविनाशिने ।
ममेप्सितं फलं दत्वा प्रसीद परमेश्वर ॥ १३ ॥

શાન્તા, સર્વ રોગને નાશ કરવાવાળા, મારાં ઇચ્છિત ફળને દેવાવાળા હે સૂર્ય પરમેશ્વર! પ્રસન્ન થાઓ, હું આપને નમસ્કાર કરૂં છું. ૧૧૩

ॐ नमो भगवते सूर्याय स्वाहा । ॐ शिवाय स्वाहा ।
ॐ सर्वात्मने सूर्याय नमः स्वाहा ।
ॐ अक्षय्यतेजसे नमः स्वाहा ।
सर्वसंकटदारिद्रय शत्रुं नाशय नाशय ।
सर्वलोकेषु विश्वात्मन्त्सर्वात्मन्सर्वदर्शक ॥ १४ ॥

ઓમ્ ભગવાન્ એવા જે સૂર્ય તેને નમસ્કાર છે. ઓમ્ શિવ-રૂપ સૂર્યને અને સર્વના આત્મારૂપ સૂર્યને નમસ્કાર છે. ઓમ્ અક્ષય તેજવાળાને નમસ્કાર છે. હે ભગવાન્! સર્વ સંકષ્ટ, દારિદ્ર અને શત્રુનો નાશ કરો, નાશ કરો. સર્વ લોકને વિષે વિશ્વના આત્મા, સર્વના આત્મા અને સર્વને જોનારા તમે છો. ૧૧૪

नमो भगवते सूर्ये कुष्ठरोगान्विखंडय ।
आयुरारोग्यमैश्वर्यं देहि देव नमोस्तु ते ॥ १५ ॥

કોઢના રોગને નાશ કરવાવાળા ભગવાન્ સૂર્યને નમસ્કાર છે. હે દેવ! આયુ આરોગ્ય અને ઐશ્વર્ય આપો. આપને નમસ્કાર છે. ૧૧૫

नमो भगवते तुभ्यमादित्याय नमो नमः ।
ॐ अक्षय्यतेजसे नमः ॐ सूर्याय नमः ।
ॐविश्वमूर्तये नमः ।
आदित्यं च शिवं विद्याच्छिवमादित्यरूपिणम् ।
उभयोरंतरं नास्ति आदित्यस्य शिवस्य च ॥ १६ ॥

હે ભગવાન્ ! તમને નમસ્કાર છે. આદિત્યને નમસ્કાર છે, નમસ્કાર છે. ઓમ્ અક્ષય છે તેજ જેનું એને નમસ્કાર છે. ઓમ્ સૂર્યને નમસ્કાર છે. ઓમ્ વિશ્વમૂર્ત્તિને નમસ્કાર છે. આદિત્યને શિવ અને શિવને આદિત્યરૂપ જાણવા. આદિત્ય અને શિવ એ બન્નેમાં અંતર નથી. ૧૧૬

एतदिच्छाम्यहं श्रोतु पुरुषो वै दिवाकरः ।
उदये ब्रह्मणो रूपं मध्याह्ने तु महेश्वरः ॥ १७ ॥
अस्तमाने स्वयं विष्णुस्त्रिमूर्तिश्च दिवाकरः ।
नमो भगवते तुभ्यं विष्णवे प्रभविष्णवे ॥ १८ ॥

આ શ્રવણ કરવા હું ઇચ્છા રાખું છું. દિવાકર–સૂર્ય ઉદય સમય બ્રહ્મારૂપ, મધ્યાહ્ન સમય મહેશ્વરરૂપ, આથમતી વેળાએ પોતે વિષ્ણુરૂપ, એવી ત્રણ મૂર્ત્તિને ધારણ કરનારા દિવાકર છે. એવા વિષ્ણુ અને પ્રભવિષ્ણુ રૂપ હે સૂર્ય ભગવાન્ ! આપને નમસ્કાર છે.

ममेदमर्घ्यं प्रतिगृह्णदेव देवाधिदेवाय नमो नमस्ते ।
श्रीसूर्याय सांगाय सपरिवाराय श्रीसूर्यनारायणायेदमर्घ्यम् १९

હે દેવદેવાધિદેવ ! મારા અર્ધ્યને આપ ગ્રહણ કરો. આપને નમસ્કાર છે. શ્રી સૂર્યને અંગસહ, તથા પરિવાર સહિત શ્રી સૂર્ય-નારાયણને આ અર્ધ્ય આપું છું. ૧૧૯

हिमघ्नाय तमोघ्नाय रक्षोघ्नाय च ते नमः ।
कृतघ्नाय सत्याय तस्मै सूर्यात्मने नमः ॥ १२० ॥

ટાઢને હણનારા, અન્ધારાનો નાશ કરનારા, કૃતઘ્નનો નાશ કરનાર એવા સત્યરૂપ, સૂર્ય ભગવાનને નમસ્કાર કરૂં છું. ૧૨૦

जयो जयश्च विजया जितप्राणो जितश्रमः ।
मनोजवो जितक्रोधो वाजिनः सप्त कीर्तिताः ॥२१॥

જયં, અને વિજયને જીતનાર, પ્રાણને જીતનાર તથા થાકને જીતનાર, કામ દેવને જીતનાર તથા ક્રોધને જીતનાર એવા સૂર્ય કે જેના સાત ઘોડા કહેવાય છે. ૧૨૧

हरितहयरथं दिवाकरं कनकमयांबुजरेणुपिंजरम् ।
प्रतिदिनमुदये नवं नवं शरणमुपैमि हिरण्यरेतसम् ॥२२॥
न तं व्यालाः प्रबाधते न व्याधिभ्यो भयं भवेत् ।
न नागेभ्यो भयं चैव न चभूतभयं क्वचित् ॥ २३ ॥

લીલા ઘોડાવાળો રથ જેનો છે અને દિવસને કરનારા, તથા સુવર્ણમય કમળ તેની રજના સમાન પીળા, તથા પ્રતિદિન નવીન ઉદયને કરનાર, અને સુવર્ણ સમાન પ્રભાવાળા સૂર્યનું ધ્યાન કર-નારને, સર્પની•પીડા બાધા કરી શકતી નથી. તેમ વ્યાધિયોનો ભય થતો નથી. હાથીનો ભય થતો નથી, અને ભૂતનો ભય કોઇ સમય થતો નથી. ૧૨૨-૧૨૩

अग्निशत्रुभयं नास्ति पार्थिवेभ्यस्तथैव च ।
दुर्गतिं तरते घोरां प्रजां च लभते पशून् ॥ २४ ॥

અગ્નિ, શત્રુ કે રાજાનો ભય તેને થતો નથી અને ઘોર દુર્ગતિથી તરી જાય છે, તથા પ્રજા અને પશુને પામે છે. ૧૨૪

सिद्धिकामो लभेत्सिद्धिं कन्याकामस्तु कन्यकाम् ।
एतत्पठेत्स कौंतेय भक्तियुक्तेन चेतसा ॥ २५ ॥

હે કુન્તાના પુત્ર અર્જુન! જો કોઇ મનુષ્ય આનો ભક્તિ પૂર્વક પાઠ કરે તો, સિદ્ધિની ઇચ્છાવાળો સિદ્ધિ તથા કન્યાની ઇચ્છાવાળો કન્યા પામે છે. ૧૨૫

अश्वमेधसहस्रस्य वाजपेयशतस्य च ।
कन्याकोठिसहस्रस्य दत्तस्य फलमाप्नुयात् ॥ २६ ॥

પાઠ કરવાથી હજાર અશ્વમેધ યજ્ઞનું અને સો વાજપેય યજ્ઞનું અને હજાર કરોડ કન્યાદાન દેવાનું ફળ તેને પ્રાપ્ત થાય છે. ૧૨૬

इदमादित्यहृदयं योऽधी ते सततंनरः ।
सर्वपापविशुद्धात्मा सूर्यलोके महीयते ॥ २७ ॥

જે મનુષ્ય આ આદિત્ય હૃદયને હૃદયમાં નિરન્તર ધારણ કરે છે, તે સર્વ પાપથી મુક્ત થઇ, શુદ્ધાત્મા સૂર્ય લોકમાં જાય છે. ૧૨૭

नास्त्यादित्यसमो देवो नास्त्यादित्यसमा गतिः ।
प्रत्यक्षो भगवान्विष्णुर्येन विश्व प्रतिष्ठितम् ॥ २८ ॥

આદિત્ય સમાન બીજો કોઇ દેવ નથી. આદિત્ય સમાન ગતિ નથી. આદિત્ય પ્રત્યક્ષ ભગવાન્ વિષ્ણુ રૂપ છે. જેનાવડે સકળ જગત રહેલું છે. ૧૨૮

नवतिर्योजनं लक्ष सहस्राणि शतानि च ।
यावद्घटीप्रमाणेन तावच्चराति भास्करः ॥ २९ ॥

નેવું લાખ અને સો હજાર યોજનનો રસ્તો ઘડીના પ્રમાણમાં ભાસ્કર ફરી વળે છે. ૧૨૯

गवां शतसहस्रस्य सम्यग्दत्तस्य यत्फलम् ।
तत्फलं लभते विद्वान् शांतात्मा स्तौति यो रविम् ॥१३०॥

સો હજાર ગાયો આપવાથી જે ફળ પ્રાપ્ત થાય, તે ફળને જે શાન્તાત્મા રવિની સ્તુતિ કરે છે તો તે ફળને તે વિદ્વાન્ પામે છે. ૧૩૦

योऽधीते सूर्यहृदयं सकलं सफलं भवेत् ।
अष्टानां ब्राह्मणानां च लेखयित्वा समर्पयेत् ॥ १३१ ॥
ब्रह्मलोके ऋषीणां च जायते मानुषोऽपि वा ।
जातिस्मरत्वमाप्नोति शुद्धात्मा नात्र संशयः ॥ १३२ ॥

જે મનુષ્ય આદિત્ય હૃદયનો પાઠ કરે, તેના સકળ મનોરથ સફળ થાય છે. આઠ બ્રાહ્મણોને જે મનુષ્ય આદિત્યહૃદય લખીને આપે, તો તે મનુષ્ય બ્રહ્મલોકમાં જ્યાં ઋષિયો જાય છે, ત્યાં જાય છે. અને પોતાની જાતિનું સ્મરણ રહે છે. અને શુદ્ધાત્મા થાય છે એમાં સંશય નથી. ૧૩૧-૧૩૨

अजायलोकत्रयपावनाय भूतात्मने गोपतये वृषाय ।
सूर्याय सर्व प्रलयांतकाय नमो महाकारुणिकोत्तमाय ॥१३३॥

જન્મરહિત અને ત્રૈલોક્યને પવિત્ર કરનાર સર્વ પ્રાણીના આત્મા તથા ઇન્દ્રિઓને વશ્ય રાખનાર, એવા સૂર્ય સર્વનો પ્રલય કરવાવાળા અને વળી મહાદયાળુઓમાં ઉત્તમ તેને નમસ્કાર છે. ૧૩૩

विवस्वते ज्ञानभृदंतरात्मने जगत्प्रदीपाय जगद्धितैषिणे ।
स्वयंभुवे दीप्तसहस्रचक्षुषे सुरोत्तमायामिततेजसे नमः ॥१३४॥

અત્યન્ત તેજવાળા અને જ્ઞાનવડે અન્તરાત્મા, જગત્‌ને પ્રદીપ્ત કરનારા, જગતનું શ્રેયઇચ્છવાવાળા સ્વયંભુ, દીવ્ય હજાર નેત્રવાળા, દેવતાઓમાં ઉત્તમ, અપરિમિત છે તેજ જેનું એવા સૂર્યને નમસ્કાર છે.

सुरैरनेकैः परिसेविताय हिरण्यगर्भाय हिरण्मयाय ।
महात्मने मोक्षपदाय नित्यं नमोस्तु ते वासरकारणाय ॥१३५॥

અનેક દેવતા જેનું સેવન કરી રહ્યા છે એવા હિરણ્યગર્ભ અને હિરણ્યમય મહાત્મન, મોક્ષને દેવાવાળા અને દિવસના કારણરૂપ એવા સૂર્યને નમસ્કાર કરૂંછું. ૧૩૫

आदित्यश्चार्चितो देव आदित्यः परमं पदम् ।
आदित्यो मातृको भूत्वा आदित्यो वाङ्मयं जगत् ॥१३६॥

આદિત્યજ પૂજવા યોગ્ય દેવ છે. આદિત્યજ પરમ પદ છે. આદિત્ય માતા થઇને આદિત્ય વાણીમય જગત્ છે. ૧૩૬

आदित्यं पश्यते भक्त्या मां पश्यति ध्रुवं नरः ।
नादित्यं पश्यते भक्त्या न स पश्यति मां नरः ॥१३७॥

જે મનુષ્ય આદિત્ય ભક્તિસહ જુએ છે તે અવશ્ય મને જુએ છે. અને જે ભક્તિવડે આદિત્યને જોતો નથી તે મને પણ જોતો નથી. ૧૩૭

त्रिगुणं च त्रितत्वं च त्रयो देवास्त्रयोऽग्नयः ।
त्रयाणां च त्रिमूर्तिस्त्वं तुरीयस्त्वं नमोस्तु ते ॥ १३८ ॥

ત્રણ ગુણ, ત્રણ તત્વ, ત્રણ દેવ, ત્રણ અગ્નિ અને બીજા પણ ત્રણ મૂર્તિ તમે છો. તુરીય પણ તમે છો. તમને નમસ્કાર છે. ૧૩૮

नमः सवित्रे जगदेकचक्षुषे जगत्प्रसूतिस्थितिनाशहेतवे ।
त्रयीमयाय त्रिगुणात्मधारिणे विरिंचिनारायणशंकरात्मने ॥१९॥

જગતના ચક્ષુરૂપ, જગતની ઉત્પત્તિ સ્થિતિ અને નાશના હેતુ સવિતા કે જે ત્રણ વેદરૂપ, ત્રિગુણાત્મક, બ્રહ્મ અને નારાયણ એવા શંકરાત્મન્ સૂર્યને નમસ્કાર છે. ૧૩૯

यस्योदयेनेह जगत्प्रबुद्ध्यते प्रवर्तते चाखिलकर्मसिद्धये ।
ब्रह्मेंद्रनारायणरुद्रवंदितः स नः सदा यच्छतु मंगलं रविः ।१४०।

જેના ઉદ્યમ વડે જગત્ જણાય છે, અને સર્વ સકળ કર્મની સિદ્ધિના અર્થે પ્રવર્ત્તે છે. બ્રહ્મા, ઇન્દ્ર, નારાયણ અને રૂદ્ર તેણે વન્દન કરેલ સૂર્ય સર્વદા મંગળને આપો. ૧૪૦

नमोऽस्तु सूर्याय सहस्ररश्मये सहस्रशाखान्वितसंभवात्मने ॥
सहस्रयोगोद्भवभावभागिने सहस्रसंख्यायुगधारिणे नमः ॥१४१॥

હજાર કિરણોવાળા સૂર્યને, હજાર શાખા વડે યુક્ત શ્રેષ્ઠ આત્મારૂપ, હજાર યોગીયોથી ઉદ્‌ભવ થયેલ ભાવના ભાગવાળા, હજાર યુગને ધારણ કરનાર સૂર્યને નમસ્કાર છે. ૧૪૧

यन्मंडलं दीपकरं विशालं रत्नप्रभं तीव्रमनादिरूपम् ।
दारिद्रयदुःख क्षयकारणं च पुनातु मां तत्सवितुर्वरेण्यम् ॥१४२॥

જેનું મન્ડળ પ્રકાશ કરનાર તથા વિશાળ છે, રત્ન સદૃશ પ્રભાવાળું અને અનાદિ રૂપ છે, તથા દારિદ્ર અને દુઃખનો ક્ષય

કરનાર છે. એવા શ્રેષ્ઠ સવિતા નારાયણનું મન્ડળ મને પવિત્ર કરો. ૧૪૨.

यन्मंडलं देवगणैः सुपूजितं विप्रैः स्तुतं भावनमुक्तिकोविदम् ।
तं देवदेवं प्रणमामि सूर्यं पुनातु० ॥ १४३ ॥

જે મન્ડળ દેવગુણોથી પૂજીત છે. વિપ્રોથી સ્તુતિ કરાયલ છે. વિદ્વાન્‌ને મુક્તિ દાતા છે. દેવના દેવ સૂર્યને પ્રણામ કરૂ છું, તે ઉત્તમ સવિતાનારાયણનું મંડળ મને પવિત્ર કરો. ૧૪૩

यन्मंडलं ज्ञानघनं त्वगम्यं त्रैलोक्यपूज्यं त्रिगुणात्मरूपम् ।
समस्ततेजोमयदिव्यरूपं पुनातु मां तत्सवि० ॥ १४४ ॥

તે મન્ડળ જ્ઞાનઘન, અગમ્ય, ત્રૈલોક્યને પૂજવા યોગ્ય ત્રિગુણાત્મ રૂપ, સકળ તેજોમય, દિવ્યરૂપ એવું સવિતા નારાયણનું મન્ડળ મને પવિત્ર કરો. ૧૪૪.

यन्मंडलं गूढमतिप्रबोध धर्मस्य वृद्धिं कुरुते जनानाम् ।
यत्सर्वपापक्षयकारणं च पुनातु मां त० ॥ १४५ ॥

જે મન્ડળ અજ્ઞાનીને જ્ઞાન આપનાર તથા મનુષ્યના ધર્મની વૃદ્ધિ કરનાર અને સર્વ પાપનો ક્ષય કરનારૂ ઉત્તમ પ્રકારનું સવિતા નારાયણનું મંડળ મને પવિત્ર કરો. ૧૪૫

यन्मंडलं व्याधिविनाशदक्षं यदृग्यजुःसामसु संप्रगीतम् ।
प्रकाशितं येन च भूर्भुवःस्वः पुनातु मां त० ॥ १४६ ॥

જે મંડળ વ્યાધિના વિનાશમાં કુશળ છે. અને જે ઋગ્, યજુ અને સામવેદમાં ગવાયેલ છે. જે થકી ભુર્ભુવસ્વ વિગેરે પ્રકાશે છે. તે ઉત્તમ સવિતા નારાયણનું મન્ડળ મને પવિત્ર કરો. ૧૪૬

यन्मंडलं वेदविदो वदंति गायंति यच्चारणसिद्धसंघाः ।
यद्योगिनो योगजुषां च संघाः पुनातु मां त० ॥ १४७ ॥

જે મંડળને વેદને જાણનારા સિદ્ધ લોકો કહે છે, ગાય છે, અને ઉચ્ચારે છે અને જેને યોગી લોકો યોગ સમયે નિરખે છે તે ઉત્તમ સૂર્ય મન્ડળ મને પવિત્ર કરો. ૧૪૭

यन्मंडलं सर्वजनेषु पूजितं ज्योतिश्च कुर्यादिह मर्त्यलोके ।
यत्कालकालादिमनादिरूपं पुनातु मां त० ॥ १४८ ॥

જે મન્ડળ સર્વજનોને પૂજવા યોગ્ય છે. અને જે આ મૃત્યુ લોકમાં પ્રકાશ કરે છે. જે કાળનાકાળ અનાદિ રૂપવાળું છે, તે ઉત્તમ સૂર્યનું મન્ડળ મને પવિત્ર કરો. ૧૪૮

यन्मंडलं विष्णुचतुर्मुखाख्यं यदक्षरं पापहरं जनानाम् ।
यत्कालकल्पक्षयकारणं च पुनातु मां त० ॥ १४९ ॥

જે મન્ડળ વિષ્ણુ અને બ્રહ્માએ કહેલ છે અને જે મનુષ્યના અક્ષય પાપને પણ હરે છે. જે કાળ અને કલ્પના ક્ષયનું કારણ છે, તે શ્રેષ્ટ સૂર્યનું મન્ડળ મને પવિત્ર કરો. ૧૪૯

यन्मंडलं विश्वसृजां प्रसिद्धमुत्पत्तिरक्षाप्रलयप्रगल्भम् ।
यस्मिन्जगत्संहरतेऽखिलं च पुनातु मां त० ॥ १५० ॥

જે મન્ડળ વિશ્વ રચાયું ત્યારથી પ્રસિદ્ધ, ઉત્પત્તિ, રક્ષા, અને નાશ કરવામાં સમર્થ, જેમાં અખિલ જગત્ સંહાર પામે છે તે શ્રેષ્ટ સૂર્યનું મન્ડળ મને પવિત્ર કરો. ૧૫૦

यन्मंडलं सर्वगतस्य विष्णोरात्मा परं धाम विशुद्धतत्त्वम् ।
सूक्ष्मांतरैर्योगपथानुगम्य पुनातु मां तत्स० ॥ १५१ ॥

જે મન્ડળ સર્વ જીવના અન્તર્યામી વિષ્ણુનો આત્મા છે. પરમ ધામ છે, વિશુદ્ધ તત્ત્વ છે તથા સૂક્ષ્મ વિચાર વડે યોગ માર્ગે જવા યોગ્ય છે, તે શ્રેષ્ટ સૂર્યનું મન્ડળ મને પવિત્ર કરો. ૧૫૧

यन्मंडलं ब्रह्मविदो वदंति गायंति यच्चारणसिद्धसंघाः ।
यन्मंडलं वेदविदः स्मरंति पुनातु मां तत्स० ॥ १५२ ॥

જે મન્ડળને બ્રહ્મવાદિયો કહે છે. ગાય છે, તથા સિદ્ધ લોકો ઉચ્ચારણ કરે છે. જે મન્ડળને વેદને જાણવાળાઓ સ્મરણ કરે છે. તે શ્રેષ્ટ સૂર્યનું મન્ડળ મને પવિત્ર કરો. ૧૫૨

यन्मंडलं वेदविदोपगीतं यद्योगिनां योगपथानुगम्यम् ॥
तत्सर्ववेदं प्रणमामि सूर्यं पुनातु मां त० ॥ १५३ ॥

જે મન્ડળ વેદ જ્ઞાતા પુરૂષોને ગાયન કરવા યોગ્ય, તથા જે યોગિયોના યોગ માર્ગે કરીને અનુગમ્ય, અને તે સર્વને જાણનાર સૂર્યને પ્રણામ કઈ છું, તે શ્રેષ્ટ સૂર્ય મન્ડળ મને પવિત્ર કરો. ૧૫૩

मंडलाष्टमिदं पुण्यं यः पठेत्सततं नरः ।
सर्वपापविशुद्धात्मा सूर्यलोके महीयते ॥ १५४ ॥

આવાં આઠ મંગળવાળાં પુણ્યરૂપ આદિત્ય હૃદયનો જે મનુષ્ય નિરંતર પાઠ કરે છે, તે સર્વ પાપથી મુક્ત શુદ્ધાત્મા સૂર્ય લોકમાં જાય છે. ૧૫૪

ध्येयः सदा सवितृमंडलमध्यवर्ती नारायणः सरसिजासनसन्निविष्टः ।
केयूरवान्मकरकुंडलवान् किरीटी हारी हिरण्मयवपुर्धृतशंखचक्रः ५५

સૂર્ય મન્ડળના મધ્યને વિષે રહેનારા અને બ્રહ્માના આસને કરીને યુક્ત તથા મકરાકૃત કુન્ડલ, કિરીટ, તથા તાપને હરણુ કરનાર સુવર્ણ સમાન જેનું શરીર છે અને શંખ ચક્ર ધારણુ કરેલ છે. એવા નારાયણનું સદા ધ્યાન કરવું. ૧૫૫

सशंखचक्रं रविमंडले स्थितं कुशेशयक्रांतमनतंमच्युतम् ।
भजामि बुद्ध्या तपनीयमूर्तिं सुरोत्तमं चित्रविभूषणोज्वलम् ५६

શંખ અને ચક્રવડે કરીને યુક્ત રવિ મંડળમાં સ્થિત, દર્ભને વિષે વ્યાપ્ત, અનન્ત, અચ્યુત, અને તપાવનારી જેની મૂર્તી છે, દેવતાઓમાં ઉત્તમ, નાના પ્રકારનાં ભૂષણોથી ઉજ્વળ નારાયણને બુદ્ધિ પૂર્વક ભજું છું. ૧૫૬

एवं ब्रह्मादयो देवा ऋषयश्च तपोधनाः ।
कीर्तयंति सुरश्रेष्ठं देवं नारायणं विभुम् ॥ १५७ ॥

આ પ્રમાણે બ્રહ્મા—આદિ દેવતા, ઋષિયો, અને તપ છે ધન જેને એવા યોગીઓ, દેવતાઓમાં શ્રેષ્ટ વિભુ એવા સૂર્ય નારાયણને કહે છે. ૧૫૭

वेदवेदांगशारीरं दिव्यदीप्तिकरं परम् ।
रक्षोघ्नं रक्तवर्णं च सृष्टिसंहारकारकम् ॥ १५८ ॥

વેદ, વેદનાં અંગ અને શરીર તે સર્વનો દિવ્ય પ્રકાશ કરનારા રાક્ષસને હણુનારા લાલ છે વર્ણ જેનો અને સૃષ્ટિનો સંહાર કરનારા છે.

एकचक्रोरथो यस्यः दिव्यः कनकभूषितः ।
स मे भवतु सुप्रीतः पद्महस्तो दिवाकरः ॥ १५९ ॥

જેનો ભવ્ય સુવર્ણથી શોભાયમાન એક પૈડાંવાળો રથ છે, અને હાથમાં જેણે કમળ ધારણ કરેલ છે. એવા સૂર્ય મારા ઉપર પ્રસન્ન થાઓ. ૧૫૯

आदित्यः प्रथमं नाम द्वितीयं तु दिवाकरः ।
तृतीयं भास्करः प्रोक्तं चतुर्थं तु प्रभाकरः ॥ १६० ॥

પ્રથમ નામ આદિત્ય છે. બીજું નામ દિવાકર છે. ત્રીજું ભાસ્કર અને ચોથું પ્રભાકર કહેવાય છે. ૧૬૦

पंचम तु सहस्रांशुः षष्ठं चैव त्रिलोचनः ।
सप्तमं हरिदश्वश्च अष्टमं तु विभावसुः ॥ १६१ ॥

પાંચમું સહસ્રાંશ, છઠું ત્રિલોચન, સાતમું હરિદશ્વ અને આઠમું વિભાવસુ નામ કહેવાય છે. ૧૬૧

नवमं दिनकृत्प्रोक्तं दशमं द्वादशात्मक् ।
एकादशं त्रयीमूर्तिर्द्वादशं सूर्य एव च ॥ १६२ ॥

નવમું દિનકર, દશમું દ્વાદશાત્મક, અગ્યારમું ત્રયીમૂર્તી અને બારમું સૂર્ય નામ કહેવાય છે. ૧૬૨

द्वादशादित्यनामानि प्रातःकाले पठेन्नरः ।
दुःस्वप्ननाशनं चैव सर्वदुःखं च नश्यति ॥ १६३ ॥

આ બાર આદિત્યના નામનો જે મનુષ્ય પ્રાતઃકાળે પાઠ કરે, તો તેના દુષ્ટ સ્વપ્નનો નાશ થાય છે અને તેનાં સર્વ દુઃખ પણ નાશ થઇ જાય છે. ૧૬૩

दद्रूकष्ठहरं चैव दारिद्रयं हरते ध्रुवम् ।
सर्वतीर्थप्रदं चैव सर्वकामप्रवर्धनम् ॥ १६४ ॥

દાદર અને કોડના રોગને હરે છે અને દારિદ્રને નિશ્ચય દુર કરે છે. તથા સર્વ તીર્થોના પુણ્યને આપનાર અને સર્વ કામની વૃદ્ધિ કરનાર છે. ૧૬૪

यः पठेत्प्रातरुत्थाय भक्त्या नित्यमिदं नरः ।
सौख्यमायुस्तथाऽरोग्यं लभते मोक्षमेव च ॥ १६५ ॥

જે મનુષ્ય પ્રભાતે શક્તિસહ આનો પાઠ કરે, તે સુખ આયુ આરોગ્ય અને મોક્ષને પામે છે. ૧૬૫

अग्निमीळे नमस्तुभ्यमिषेत्वोर्जेस्वरूपिणे ।
अग्न आयाहि वीतस्त्वं नमस्ते ज्योतिषां पते ॥ १६६ ॥

અગ્નિ મીડે તમને નમસ્કાર છે. ઇષેત્વોર્જે એવા મંત્ર સ્વરૂપી, તારામન્ડલના સ્વામી સૂર્યનારાયણને નમસ્કાર છે. ૧૬૬

शन्नो देवि नमस्तुभ्य जगच्चक्षुर्नमोऽस्तु ते ।
पंचमायोपवेदाय नमःतुभ्यं नमो नमः ॥ १६७ ॥

શન્નો દેવી એવા મંત્ર તે રૂપી, આપને નમસ્કાર છે. જગતના ચક્ષુ આપને નમસ્કાર છે. પાંચમા ઉપવેદ રૂપી તમને નમસ્કાર છે, પુનઃ પુનઃ નમસ્કાર છે. ૧૬૭

पद्मासनः पद्मकरः पद्मगर्भसमद्युतिः ।
सप्ताश्वरथसंयुक्तो द्विभुजः स्यात्सदा रविः ॥ १६८ ॥

કમળ જેનું આસન છે, કમળ જેના હાથમાં છે. કમળના ગર્ભ સમાન જેની કાન્તિ છે. સાત અશ્વ કરીને યુક્ત છે રથ જેનો તથા બે ભુજાવાળા રવિ સદા અમારી પાસે રહો. ૧૬૮

आदित्यस्य नमस्कारं ये कुर्वंति दिने दिने ।
जन्मांतरसहस्रेषु दारिद्र्यं नोपजायते ॥ १६९ ॥

જે કોઇ મનુષ્ય રોજ રોજ આદિત્યને નમસ્કાર કરે છે. તે હજારો જન્મમાં પણ દરિદ્રિ થતો નથી. ૧૬૯

उदयागिरिमुपेतं भास्कर पद्महस्त निखिलभुवननेत्रं रत्नरत्नोपमेयम् । तिमिरकरिमृगेंद्रं बोधकं पद्मिनीना सुरवरमभिवदे सुंदर विश्ववंद्यम् ॥

જે મેરૂ પર્વતમાંથી ઉદય થાય છે. એવા ભાસ્કર કે જેના હાથમાં કમળ છે, અખિલ ભુવનનાનેત્ર તથા રત્નરત્નોપમેય છે. તિમિર રૂપી હાથીનો નાશ કરવામાં મૃગેન્દ્રના સમાન અને કમળને જાણનારા, તથા સુરવર જેને પ્રણામ કરે છે, એવા સુન્દર અને વિશ્વને વન્દન કરવા યોગ્ય છે.

इति श्रीभविष्योत्तरपुराणे श्रीकृष्णार्जुनसंवादे
आदित्यहृदयस्तोत्र संपूर्णम् ।



अथ चंद्र ग्रह प्रारंभ.

अथ विरुद्ध चंद्रस्य शांतेः प्रारम्भः

(અથ શ્રી દુષ્ટ સ્થાન સ્થિત ચંદ્રની શાંતિનો પ્રારંભ.)

जन्मकाले गोचरेचदशास्वंतर्दशासुच ।
चंद्रेविरुद्धेलोकानांपीडास्याात्तद्विधातनः ॥ १ ॥
जन्मकालेष्टमेषष्ठेचंद्रेमृत्युर्नसंशयः ।
पापयुक्तेमहत्कष्टंतच्छांतिराभिधीयते ॥ २ ॥

જન્મકુંડળીમાં અથવા પોતાની નામરાશીની કુંડળીમાં અને દશા તથા અંતર્દશામાં ચંદ્ર દુષ્ટ સ્થાને હોવાથી લોકોને પીડા થાય.

જન્મ લગનની કુંડળીમાં છઠ્ઠું (રોગ) સ્થાન અને આઠમું (મૃત્યુ) સ્થાનમાં ચંદ્ર રહ્યો હોય તો, નિઃસંશય મૃત્યુકારક થાય છે. તેમજ પાપ ગ્રહોથી યુક્ત હોય તો મ્હોટું કષ્ટ કરે. માટે તેની વિધિપૂર્વક શાંતિ કહીએ છીએ. ૧—૨

सुज्ञंसुपंडितंशांतंविद्वांसंब्राह्मणंकविम् ।
तंपृच्छेत्सुविनीतात्मापीडाचंद्रोद्भवायादि ॥ ३ ॥

જો ચંદ્રની પીડા થએલી હોય તો મનુષ્યે ઘણા નમ્ર થઇને સમજુ તથા શાંત અને વિદ્વાન્ બ્રાહ્મણને પુછવું. ૩

जपंदानं तथा होमं प्रकर्तव्यंनृणामिह ।
ब्राह्मणोक्तं च तत्कुर्याज्ज्योतिः शास्त्रानुसारतः ॥ ४ ॥

જ્યોતિઃશાસ્ત્રના અનુસારથી બ્રાહ્મણે કહેલાં, જપ, દાન, તથા હોમ મનુષ્યે કરવાં. ૪

जपेच्चंद्रमसःपूर्वंगायत्र्यालक्षजापकम् ।
शिवपूजाथवाकार्यादुग्धेनचजलादिना ॥ ५ ॥

પૂર્વે +લક્ષ ગાયત્રીનો જપ કરી ચંદ્રમાનો જપ (૧૧૦૦૦) કરવો, અથવા દુધ અને જળથી મહાદેવજીની ઉપચારો યુક્ત પુજા કરવી. ૫

दानंस्वशक्त्याकर्तव्यंवित्तशाठ्यंविवर्जयेत् ।
चंद्रदानंप्रवक्ष्यामिलोकानांहितकाम्यया ॥ ६ ॥

+ ગાયત્રીનો જપ અધિકારીએ કરવો. કારણ કે અનધિકારી કરે તો દોષભાગી થાય છે.

દ્રવ્ય આપવામાં શઠતા કર્યા વગર પોતાની શક્તિ પ્રમાણે ચંદ્રનું દાન કરવું. હવે લોકોના હીતને માટે ચંદ્રનું દાન કહું છું. ૬

राजतीद्व्यंगुलामूर्तिः कार्याचंद्रस्यनिर्मला ।
तांपूजयेच्चंद्रनाद्यैः कर्पूरागरुधूपकैः ॥ ७ ॥
पुष्पैर्नानाविधैश्चैवजलजैः कमलैस्तथा ।
नीराजनैश्चनैवेद्यैः पयोभिरन्वितैस्तथा ॥ ८ ॥

ચંદ્રમાની મૂર્તી નિર્મલ રૂપાની તથા બે આંગળના પ્રમાણવાળી કરવી પછી તે મૂર્તીને (પ્રાણ પ્રતિષ્ટાદિ કરીને) ચંદન, કપૂર, અગરૂનો ધુપ, તથા નાના પ્રકારનાં પુષ્પો, અને જળમાં ઉત્પન્ન થયેલાં કમળો તેમજ દુધથી યુક્ત નૈવેદ્ય તથા આરતી ઇત્યાદીક ઉપચારોથી પુજા કરવી. ૭–૮

अर्घ्यंदद्याच्चंद्रमसेभक्त्याप्रयतमानसः ।
नारिकेलेनपूगेनकालोचितफलेनवा ॥ ९ ॥

ભક્તિથી યુક્ત માનવાળા થઇને શ્રીફલ, તથા સોપારીથી અથવા રૂતુ પ્રમાણે પ્રાપ્ત થએલા ફળથી ચંદ્રમાને અર્ઘ્ય આપવો. ૯

चंद्रध्यानंप्रवक्ष्यामिलोकानांपुष्टिहेतवे ।
ध्यानंयस्यशशांकस्यपीडोपद्रवनाशनम् ॥ १० ॥

લોકોના સુખની વૃદ્ધિને માટે પીડા અને રોગાદિ ઉપદ્રવોને નાશ કરનાર ચંદ્રમાનું ધ્યાન કહું છું. ૧૦

श्वेतवर्णंशीतरश्मिंद्विभुजंभुवनार्चितम् ।
गदावरधरंशांतमिंदुमंडलसंस्थितम् ॥ ११ ॥

मृगारूढंद्विजशांतंत्वौषधीशंवरप्रदम् ।
रोहिणीसहितंध्यायेत्सर्वकामफळप्रदम् ॥ १२ ॥

શ્વેત વર્ણવાળા અને શીતળ કીરણોવાળા બે હાથવાળા ત્રણે ભુવનોએ પૂજેલા શ્રેષ્ટ ગદાને ધારણ કરનાર તથા શાંત અને ચંદ્ર મંડલમાં રહેલા મૃગના ઉપર બેઠેલા તથા દ્વિજની જાતીવાળા ઔષધીઓના સ્વામી અને વરદાનને આપનાર તથા પોતાની સ્ત્રી રોહિણીથી યુક્ત ઇચ્છિત ફળોને આપનાર એવા ચંદ્રમાનું ધ્યાન કરીએ છીએ. ૧૧-૧૨

सद्वाग्विलासोऽमलधीः सकामोनक्ताधिपः कुंचितकृष्णकेशः ।
कफानिलात्मांबुजपत्रनेत्रोनक्षत्रनाथः सुभगोतिगौरः ॥ १३ ॥

સુંદર વાણી બોલનાર, તથા ચોખી બુદ્ધિવાળા, અને કામથી યુક્ત, રાત્રીના સ્વામી, તથા જેના મુસ્તકના વાંકડીયા કાળા કેશ છે એવા, અને વાત તથા કફની પ્રકૃતિવાળા, કમળના પત્ર સરખાં નેત્રવાળા, નક્ષત્રોના સ્વામી, તથા અત્યંત ગૌર વર્ણવાળા એવા, અને વાત તથા કફની પ્રકૃતિવાળા, કમળના પત્ર સરખાં નેત્રવાળા, નક્ષત્રોના સ્વામી, તથા અત્યંત ગૌર વર્ણવાળા એવા, ચંદ્રમાનું ધ્યાન કરવું. ૧૩

एवंध्यानंचंद्रमसः स्तवपूर्वसनातनम् ।
प्रांजलिःप्रयतोभूत्वाजितवाक्कायमानसः ॥ १४ ॥

શુદ્ધ થઈ વાણી, કાયા, તથા મનને વશ રાખી ×સ્તુતિપુર્વક ચંદ્રમાનુ ધ્યાન કરવું. ૧૪

× તે સ્તુતી આગળ આવતા શ્લોકોમાં કહે છે તે પ્રમાણે કરવી.

नमश्चंद्रायशशिनेनमस्तेतारकाधिपः ।
औषधीशायचनमःशर्वरीपतयेनमः ॥ १५ ॥

હે તારાના સ્વામિન્ તમને નમસ્કાર છે. શશિ એ પ્રકારના નામવાળા તમને નમસ્કાર છે. ચંદ્રને નમસ્કાર છે. ઔષધીઓના સ્વામી એવા તમને નમસ્કાર છે. રાત્રિના સ્વામિને નમસ્કાર છે. ૧૫

अजचंद्रनमस्तुभ्यंनमस्तेशिवरूपिणे ।
सोमायसौम्यरूपायनमस्तेऽमृतरूपिणे ॥ १६ ॥

હે ચંદ્ર ! તમને નમસ્કાર છે. શીવરૂપી તમને નમસ્કાર છે. સોમને તથા શાંત રૂપવાળાને, તેમજ અમૃત રૂપી તમને નમસ્કાર છે.

अत्रिपुत्रायाब्धिजायद्विजराजनमोस्तुते ।
यामिनीशायशुद्धायकलाधीशायतेनमः ॥ १७ ॥

હે બ્રાહ્મણોના રાજન્, સમુદ્રમાંથી ઉત્પન્ન થએલા, તથા ×અત્રી રૂષીના પુત્ર એવા, તમને નમસ્કાર છે. અને ક્ષપાપતીને, શુદ્ધ એવાને તથા કળાઓના સ્વામિ એવા તમને નમસ્કાર છે. ૧૭

कालायकालरूपायनमस्तेकालसाक्षिणे ।
कालांगायनमस्तुभ्यंकालकर्त्रेनमोनमः ॥ १८ ॥

કાલને, અને કાલરૂપ એવાને, તથા સમયના સાક્ષી એવા તમને નમસ્કાર છે. સમયના અંગરૂપ એવાને નમસ્કાર છે. તેમજ સમયને જણાવનાર તમને નમસ્કાર છે. ૧૮

×અત્રી ઋષિએ વરદાન માગવાથી ચંદ્રમાએ તેમને ઘેર જન્મ લીધો હતો તે વાર્તા પૂરાણુમાં પ્રસિદ્ધ છે.

तमोनुदायतमसेतमिस्त्रापितयेनमः ।
नमस्तेदक्षगुरवेकाममित्रायतेनमः ॥ १९ ॥

અંધકારને નાશ કરનાર એવાને તથા અંધકાર રૂપ એવાને, અને રાત્રિપતિ તમને નમસ્કાર છે. દક્ષપ્રજાપતીના ગુરુ એવા તમને નમસ્કાર છે તથા કામદેવના મિત્ર તમને નમસ્કાર છે. ૧૯

कुमुद्वनप्रबोधायदक्षायचनमोनमः ।
मृगांकायचक्षेत्रायक्षेत्राधीशायतेनमः ॥ २० ॥

પોયણીનોના વનને ખીલાવનાર, અને હોંશીઆર એવા તમને નમસ્કાર છે. મૃગ લાંછનથી યુક્ત તથા *ક્ષેત્રરૂપ એવા, અને ક્ષેત્રને જાણુવાવાળા તમને નમસ્કાર છે. ૨૦

क्षपाकरायक्षेमायनमस्तेशीतरश्मये ।
सागरायनमस्तुभ्यंनमस्तेसागरात्मज ! ॥ २१ ॥

રાત્રી કરનારને, તથા કલ્યાણરૂપ એવાને, તથા શીતલ કિરણો-વાળા તમને નમસ્કાર છે. સમુદ્રરૂપ તમને નમસ્કાર છે, તથા સમુ-દ્રમાંથી ઉત્પન્ન થએલા તમને નમસ્કાર છે. ૨૧

एवंकृत्वास्तुतिंभक्त्यादंडवत्प्रणमेद्भुवि ।
प्रांजलिःपुनरुत्थायवारंवारंनमेत्सुधीः ॥ २२ ॥

સારી બુદ્ધિવાળા પુરૂષે એ પ્રકારે સ્તુતી કરીને તથા ભક્તિયુક્ત થઇ પૃથ્વી ઉપર દંડવત્ પ્રણામ કરવા, અને ફરીથી ઉભા થઇને હાથ જોડી વારંવાર નમસ્કાર કરવા. ૨૨

---

* ક્ષેત્ર એટલે શરીર.

॥ अथ मंडल पूजा ॥

હવે મંડલની પૂજા કહે છે.

मंडलंचतुरस्रंचषोडशांगुलसंमितम् ।
कारयेद्राजतंशुद्धंतदभावेचतंडुलैः ॥ २३ ॥

સોળ (૧૬) આંગળના પ્રમાણવાળું ચોખી ચાંદીનું ચતુરસ્ર (ચોખંડુ) મંડળ કરવું. ચાંદીનું કરવાની શક્તિ ન હોય તો તેટલા પ્રમાણવાળું ચોખાનું મંડલ કરવું. ૨૩

चतुर्दिक्षुनामभिस्तं पूजयेच्छशलांछनम् ।
मध्येमूर्तिसमालिख्यपूजयेच्चंदनादिभिः ॥ २४ ॥

પછી તે મંડલમાં પુર્વ દીશામાં અનુક્રમે કરીને ચંદ્રના નામથી ચંદ્રની પૂજા કરવી. તેની મધ્યે ચંદ્રની મૂર્તી રાખીને ચંદનાદિ ઉપચારોથી પૂજન કરવું. ૨૪

पूर्वेषणनामभिःपूज्यःपंचभिश्चततस्तथा ।
ओषधीशःक्षपानाथोद्विजराजोहिमांशुकः ॥ २५ ॥
सोमश्चरात्रिनाथश्चतारकेशोहिमद्युतिः ।
हरिणांकः शशांकश्चसुधारश्मिर्निशाकरः ॥ २६ ॥
इंदुश्चाब्जश्चनाक्षत्रकलानिधिरपांगतिः ।
कौमुदीशोऽत्रिपुत्रश्चलक्ष्मीभ्राताशशीविधुः ॥ २७ ॥
एतानिसोमनामानिपूर्वादिदिक्षुचक्रमात् ।
तंडुलैःशतपत्रैश्चसौवर्णैराजतैस्ततः ॥ २८ ॥

પ્રથમ ૭ નામથી પુજન કરીને પછી પાંચ પાંચ નામથી પુજન કરવું. (તે એવી રીતે કે, આગળ બતાવે છે તે નામમાંથી પેહેલાં ૭ (૬) નામથી પુર્વ દિશામાં પુજા કરાવી. પછી પાંચ (૫) નામથી દક્ષિણુ દિશામાં પુજન કરવું. પછી પાંચ (૫) નામથી પશ્ચિમાં પુજન કરવું. ત્યાર પછી પાંચ (૫) નામથી ઉત્તર દિશામાં પુજા કરવી.) ૧ ઓષધીશ, ૨ ક્ષપાનાથ, ૩ દ્વિજરાજ, ૪ હિમાંશુક, ૫ સોમ, ૬ રાત્રીનાથ, ૭ તારકેશ, ૮ હીમદ્યુતી, ૯ હરિણાંક, ૧૦ શશાંક, ૧૧ સુધારશ્મિ, ૧૨ નિશાકર, ૧૩ ઇંદુ, ૧૪ અબ્જ, ૧૫ નાક્ષત્રકલાનિધિ, ૧૬ અપાંગતિ, ૧૭ કૌમુદીશ, ૧૮ અત્રીપુત્ર, ૧૯ લક્ષ્મીભ્રાતા, ૨૦ શશી, ૨૧ વિધુ–આ પ્રકારના ચંદ્રના એકત્રીશ (૨૧) નામને પુર્વાદિ દિશામાં અનુક્રમે કરીને, સોનારૂપાથી તથા કમળોથી તેમજ ચોખાથી ચંદ્રની પૂજા કરવી. ૨૫–૨૬–૨૭–૨૮

ज्येष्ठमासेद्वितीयायांमृगर्क्षेसोमवासरे ।
मृगसंस्थेरवौपूजासूर्यपर्वशताधिका ॥ २९ ॥
संपूजयेच्चंद्रमसंह्यमुनाविधिनानरः ।
सर्वार्थास्तस्यासिध्यंतिधनधान्यादिसंयुताः ॥ ३० ॥

જેઠ મહિનાની બીજને દીવસે મૃગશીર નક્ષત્ર, સોમવાર, તથા મૃગશીર નક્ષત્રને સૂર્ય, એ પ્રકારના યોગમાં ચંદ્રમાની પૂજા હજારો સૂર્ય ગ્રહણના પર્વથી પણ વધારે છે. અર્થાત તેવા યોગમાં ચંદ્રમાની પુજા કરે તો હજારો સૂર્ય ગ્રહણમાં દાનાદીક કરે તે કરતાં વધારે ફલની પ્રાપ્તી થાય છે. મનુષ્ય આ પ્રકારના વિધિથી ચંદ્રમાની પુજા કરે, તેથી તે માણસને ધન ધાન્ય યુક્ત સર્વ કાર્ય સિદ્ધ થાય છે. ૨૯–૩૦

विजयीसर्वलोकेषुपुत्रपौत्रसमन्वितः ।
स्वतंत्रःस्याद्धिसततमायुरारोग्यमेवच ॥ ३१ ॥

અને સર્વત્ર જય મેળવે છે. તથા પુત્ર અને પૌત્ર (પુત્રના પુત્ર) વાળા થઇને સ્વતંત્ર થાય છે અને આવરદા તથા આરોગ્યતાને પામે છે. ૩૧

श्वेतां१कंतंडुलाश्चवंशपात्रान्विततथा ।
मुक्ताफलंचकर्पूरंकांस्यपात्रंचशर्करा ॥ ३२ ॥
षण्मासंपूजयेत्सोमंतथाचवत्सरावधि ।
ब्राह्मणान्भोजयेद्भक्त्यादंपतीपरिदापयेत् ॥ ३३ ॥
धृतंरौप्यंवृषश्चैवपूगानिचघटस्तथा ।
सौवर्णीदक्षिणादेयावित्तशाठयेविवर्जयेत् ॥ ३४ ॥

૭ માસ પર્યંત અથવા એક વર્ષ પર્યંત ઉક્ત પ્રકારે ચંદ્રનું પૂજન કરીને પછીથી ભક્તી પૂર્વક બ્રાહ્મણોને જમાડી, શ્વેત વસ્ત્ર, ચોખા, વંશપાત્ર (વાંસનું સુપડું), મોતિ, કપુર, કાંસાનું વાસણ, તથા સાકર, ઘી, રૂપું, વૃષભ, સોપારીઓ, ઘડો, એ પ્રકારનું ચંદ્રમાનું દાન સોના મ્હોરની દક્ષીણા સહીત વિત્તશાઠય ન કરતાં બ્રાહ્મણ દંપતીને (સ્ત્રી પુરૂષ અથવા જોડું) આપવું. ૩૨-૩૩-૩૪

दैवज्ञंसाध्वंतंयज्ञक्रियासुनिपुणंद्विजम् ।
सुवर्णेनचवस्त्रेणनानांभोगः समर्चयेत् ॥ ३५ ॥

જ્યોતિષ વિધાને જાણનારા તથા યજ્ઞાદિક ક્રિયાઓમાં પ્રવીણ

એવા બ્રાહ્મણનું સુવર્ણ, વસ્ત્ર, તથા નાના પ્રકારના ઉપચારોથી પૂજન કરવું. ૩૫

एवंसंपूज्यदेवेशंप्रार्थयेच्छशलांछनम् ।
पीडानाशकरंवंदेत्वामहंशरणंगतः ॥ ३६ ॥
रोहिणीश ! सुधामुर्ते ! सुधाभाव ! सुधाशन ! ।
विषमस्थानसंभूतांपीडांनाशयमे विधो ! ॥ ३७ ॥

એ પ્રકારે બ્રાહ્મણને પૂજી ચંદ્રમાની પ્રાર્થના કરવી. હે રોહિણીના સ્વામિન્, હે અમૃતમય શરીરવાળા, આપને શરણે આવેલો એવો હું પીડાઓના નાશ કરનાર તમને નમસ્કાર કરૂં છું. હે અમૃતને ભક્ષણ કરનાર ચંદ્રમા દુષ્ટ સ્થાનથી ઉત્પન્ન થયેલી મારી પીડાને નાશ કરો. ૩૬-૩૭

इतिश्रीस्कंदपुराणेउमामहेश्वरसंवादेचंद्रपूजाविधिः ॥

अथ चन्द्र मन्त्रः

હવે ચંદ્રનો મંત્ર કહે છે.

"दधिशङ्खतुषाराभं क्षीरार्णव समुद्भवम् ।
नमामि शशिनं सोमं शंभोर्मुकुट भूषणम् " ॥

ચંદ્રના મંત્રનો અર્થ—ક્ષીરસમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા એવા, અને દહીં અથવા શંખ, અને બરફના જેવી કાંતીવાળા, તથા મહાદેવજીની જટાને ધરાણાંરૂપ એવા ચંદ્રમાને નમસ્કાર કરૂં છું.

इति चंद्र मंत्रः ॥

॥ *अथभिन्नपूजाविधि ॥

હવે બીજે પ્રકારે પૂજા કથન કરે છે.

द्विजराज ! गुरुश्रेष्ठ ! ताराधीशात्रिनंदन ! ।
औषधीनांचराजानंसोममावाहयाम्यहम् ॥ १ ॥

હે દ્વિજરાજન્, હે તારાઓના સ્વામિન્, હે અત્રીઋષિના પુત્ર, તથા હે ઔષધીઓના રાજન્, ચંદ્ર, તમારૂં આવાહન કરૂં છું. ૧

अहोचंद्र ! जगत्प्राण ! यमुनाविषयोद्भव !
वरप्रद ! गदापाणे ! श्वेतवर्णात्रिगोत्रज ! ॥ २ ॥
दशाश्ववाहनागच्छउमारूपसमन्वित ! ।
तद्भलेदेवमंत्रेणमंत्रेणह्यग्निनार्चितः ॥ ३ ॥

હે જગતના જીવનરૂપ, યમુના નદીના સમીપ (કીનારે) ઉત્પન્ન થએલા, તથા હે વરદાનને આપનાર, અને ગદા જેમના હાથમાં છે એવા, શ્વેત વર્ણવાળા, અત્રીગોત્રમાં ઉત્પન્ન થએલા, તથા અગ્નીએ પણ જેમની પૂજા કરેલી છે એવા હે ચંદ્ર, આપ આ જગાએ પધારો. ૨–૩

रोहिणीशःसुधामूर्तिःसुधागात्रःसुधाशनः
विषमस्थानसंभूतांपीडांदहतुमे विधुः ॥ ४ ॥

રોહીણીના સ્વામી, અને અમૃતમય શરીરવાળા, અમૃતને ભક્ષણ કરનાર, એવાં ચંદ્ર દુષ્ટ સ્થાનથી (ચંદ્ર દુષ્ટસ્થાનમાં રહેવાથી) ઉત્પન્ન થએલી મારી પીડાને નાશ કરો. ૪

* આ પૂજા સ્તોત્રાત્મક છે.

ग्रहाराज्यंप्रयच्छंतिग्रहाराज्यंहरंतिच ।
ग्रहैश्वन्यापितंसर्वत्रैलोक्यंसचराचरम् ॥ ५ ॥

ગ્રહો (પ્રસન્ન થવાથી) રાજ્ય આપે છે, અને ગ્રહોજ (કોપવાથી, અથવા તો દુષ્ટ સ્થાનમાં રહેવાથી) રાજ્યને હરણ કરે છે, અને આ સંપુર્ણ [1]સ્થાવર [2]જંગમાત્મક જગત ગ્રહોથીજ વ્યાપ્ત થઇ રહેલું છે, અર્થાત્ આ સર્વ જગત ગ્રહોનેજ આધીન છે. ૫

इतिश्रीस्कंदपुराणेउमामहेश्वरसंवादेचंद्रस्तोत्रं समाप्तम् ॥

---

૧ સ્થાવર એટલે ઝાડ, પહાડ, તથા પૃથ્વી ઇત્યાદિ.

૨ જંગમ એટલે મનુષ્ય, પશુ, તથા પક્ષી ઇત્યાદિ.

मंगल



अथ मंगल व्रतम् ॥

હવે મંગળના વ્રતનો વિધિ કહે છે.

भौमवारे अरुणोदय वेलायामुत्थाय मलमूत्र त्यागं कृत्वानन्तरं शास्त्रोक्तविधिना शौचं त्रिधियापामार्गेण दन्तधावनं कृत्वा तिलामलकचूर्णेन नद्यादौ गृहे वा स्नात्वा धौतमारक्तवस्त्रं परिधाय रक्तोतरीयञ्च स्त्रीवाप्येवं परिदध्यात्. ततस्ताम्रपात्रे रक्ताक्षतारक्त पुष्परक्त चन्दनानि निक्षिप्य भौमगायत्र्या अष्टोत्तरशतार्घ्याणिदद्यात. भौमगायत्री यथा। अंगारकाय विद्महे शक्तिहस्तायधीमहि॥ तन्नो भौमःप्रचोदयात्॥ इति मंत्रेणार्घ्याणिदद्यातततोगृहमागत्य रक्तगोमयेन भूमिं विलिप्य शुद्धदेशे पुत्रार्थी धनार्थीच पत्न्या सह मङ्गलपूजनमारभेत्.

મંગળવારને દિવસે ચાર ઘડી રાત્રી રહે ત્યારે ઉઠી મળમૂત્ર ત્યાગ કર્યા પછી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે શૌચ કરીને અંઘેડાના કાષ્ઠનું દાતણ કરવું પછી નદી ઉપર જઇને અથવા ઘેર તલ તથા આમળાના ચૂર્ણથી સ્નાન કરી ધોયેલું રાતું વસ્ત્ર પહેરીને ઉત્તરીય વસ્ત્ર (રૂમાલ) પાસે રાખવું. સ્ત્રી પણ તે પ્રકારેજ વસ્ત્ર ધારણ કરે. એ પ્રકારે સ્નાન કર્યા પછી તાંબાના તરભાણામાં (જળ પુરી) રાતા ચોખા, રાતાં પુષ્પ, અને રાતું ચંદન નાંખી (નીચે લખેલી) ભૌમ ગાયત્રીથી એકસો અને આઠ (૧૦૮) અર્ધ્ય આપવા. હવે ભૌમ ગાયત્રી કહે છે.

" अङ्गारकायविद्महे शक्तिहस्ताय धीमहि । तन्नो भौमःप्रचोदयात् " ॥ भौमाय नमः इदमर्ध्यं दत्तं नमम ।

એ પ્રકારે ઉચ્ચારણ કરી અર્ધ્ય આપવા. એ પ્રકારે અર્ધ્ય આપ્યા પછી ઘેર આવીને શુદ્ધ જગ્યામાં રાતી ગાયના છાણથી લીપીને પુત્રની ઇચ્છાવાળા પુરૂષે અથવા ધનની ઇચ્છાવાળા પુરૂષે સ્ત્રી સહિત મંગળનું પૂજન કરવું.

तत्र विधिः । आचम्य मासाद्युल्लिख्य ऋणव्याधिनाशार्थं पुत्रधनप्राप्तयेच भौमव्रतं करिष्ये इति संकल्प्य पुनर्जलं गृहीत्वा तदङ्गत्वेन भौमपूजन महं करिष्ये. इति पुनरपि संकल्प्य प्रार्थयेत्.

હવે તે પુજાનો વિધિ કહે છે. પ્રથમ *આચમન કરી સંકલ્પ

* આચમનો આ ત્રણ મંત્રોથી ત્રણ વખત કરવું. **केशवायनमः नारायणायनमः माधवायनमः** ઇત્યાદિ.

કરવો. તેમાં પ્રથમ માસ, પક્ષ, તીથી, વાર, નક્ષત્ર; યોગ, તથા કરણુ ઇત્યાદિ બોલીને પછી, હું આજ રૂણુ (દેવું) તથા પીડા નાશ થવાને અને પુત્ર તથા ધનની પ્રાપ્તિને માટે મંગળનું વ્રત કરીશ. એ પ્રકારે સંકલ્પ કરી ફરીથી હાથમાં જળ ગ્રહણુ કરી બોલવું કે, 'તે મંગળના વ્રતના અંગમાં મંગળનું પૂજન કરીશ' એમ ફરીને પણુ સંકલ્પ કરીને, પ્રાર્થના કરવી, તે પ્રાર્થના નીચે પ્રમાણે કરવી.

अद्यदेवेश ! ते भक्त्या करिष्ये व्रतमुत्तमम् ।
ऋणव्याधिविनाशाय धनसंतानहेतवे ॥ १ ॥

પ્રાથના—હે દેવોના સ્વામિન્ મંગળ ! રૂણુ (દેવું) તથા રોગોના નાંશ થવાને તથા ધન અને પુત્રની પ્રાપ્તીને માટે આજે ભક્તિપૂર્વક હું આપનું ઉત્તમ વ્રત કરીશ. ૧


ततो यन्त्रोपरिस्थं भौमं पूजयेत्.

તે પ્રમાણે પ્રાર્થના કર્યા પછી બનાવેલા યંત્ર ઉપર રહેલા મંગળની પૂજા કરવી.

सः यंत्रोऽधो लिखिताकारो कृत्वातत्र कोणानामेकविंशतिः कुर्यात् स ताम्रमयो कर्तव्यः, तथाच तेषु कोणेषु भौमस्यैकविंशतिसंख्यानिनामान्यनुक्रमेण लिखेत्.

તે યંત્ર નીચે કરેલા આકારનો કરવો. પછી તેમાં સરખે ભાગે એકવીશ (૨૧) ત્રીકોણુ કરવાં, તે એકવીશ ત્રીકોણુમાં અનુક્રમે મંગળના એકવીશ નામ લખવાં. તે યંત્ર તાંબાનો કરવો.

યંત્રનો આકાર.



१ मंगलायनमः २ भूमिपुत्रायनमः ३ ऋणहर्त्रेनमः ४ धनप्रदायनमः ५ स्थिरासनायनमः ६ महाकायाय नमः ७ सर्वकार्यविरोधकायनमः ८ लोहितायनमः ९ लोहितांगायनमः १० सामगानां कृपाकराय नमः ११ धरात्मजायनमः १२ कुं-

जाय नमः १३ रक्ताय नमः १४ भूमिदाय नमः १५ भूमिनंद-नायनमः १६ अंगारकाय नमः १७ यमायनमः १८ सर्व-रोगप्रहारिणे नमः १९ सृष्टिकर्त्रेनमः २० प्रहर्त्रेनमः २१ सर्व-काम फलप्रदायनमः एभिर्नामभिः पूजनं कार्यम्.

એ નામોથી પૂજન પણ કરવું.

अथ पूजाप्रकार माह.

હવે પુજન કરવાનો પ્રકાર કહે છે.

अथ ध्यानम् ॥ रक्तमाल्याम्बरधरं शक्तिशूलगदाधरं ।
चतुर्भुजंमेषगमेवं ध्यायेद्धरासुतम् ॥ २ ॥

ધ્યાન—રાતાં પુષ્પ તથા રક્ત વસ્ત્રોને ધારણ કરનાર, તથા શક્તિ અને ત્રીશળને ધારણ કરનાર, ચાર હાથવાળા એવા મેષ (ઘેટું) ના વાહનવાળા, એ પ્રકારના મંગળનું મનુષ્યે ધ્યાન કરવું. ૨

अथ वाहनम् ॥ एह्येहि भगवन् भौम अङ्गारकमहाप्रभो ।
त्वयि सर्वं समायातं त्रैलोक्यं सचराचरम् ॥ ३ ॥
भौममावाहयिष्यामि तेजोमूर्तिदुरासदम् ॥

*ह्रीं नमो भगवते धनसमृद्धिदाय मंगलाय नमः मंगल-मावाहयामि,

હે ભગવન્ અંગારક, તમે આ જગ્યાએ આવો, હે મહા પ્રભો મંગળ, સંપૂર્ણ સચરાચર જગત્ તમારી અંદર રહેલુ છે, તેજમય

* શુદ્ર જાતીએ ૐકારને સ્થાને હ્રીં એ પ્રમાણે બોલવું.

એવા, અને દુઃખે કરીને પણ ન મળી શકે એ મંગળનું આવાહન કરીશ. (એ પ્રકારે કહીને અક્ષત ચડાવવા.)

अथन्यासाः ।

१ ह्रां हृदयाय नमः, २ ह्रीं शिरसे स्वाहा, ३ ह्रं शिखायैवषट्, ४ ह्रैं कवचायहुं. ५ ह्रौ नेत्रत्रयायवौषट्, ६ ह्रः अस्त्राय फट् ७ खंख इति दिग्बंधः, ८ ह्रां अंगुष्ठाभ्यां नमः, ९ ह्रीं तर्जनीभ्यां नमः, १० ह्रैं मध्यमाभ्यां नमः, ११ ह्रैं अनामिकाभ्यां नमः १२ ह्रौं कनिष्ठिकाभ्यां नमः १३ ह्रः करतलकरपृष्ठाभ्यां नमः, १४ हंसः आत्मने नमः, १५ खंखः परमात्मने नमः.

૧ હૃદયને વિષે. ૨ મુસ્તકમાં. ૩ શિખામાં. ૪ કવચની અંદર. ૫ નેત્રોમાં. ૬ અસ્ત્રને વિષે. ૭ એ પ્રકારે બોલીને દીશા બાંધવી. ૮ હાથના બંને અંગુઠાને વિષે. ૯ બંને [1]તર્જનીમાં. ૧૦ બંને [2]મધ્યમામાં. ૧૧ બંને [3]અનામિકામાં. ૧૨ બંને [4]કનિષ્ઠિકામાં. ૧૩ બંને હાથના તળીઆમાં તથા પાછળ.

इति न्यासाः ।

ततो मंगलगायत्र्या आसनादिपुष्पान्तैः षोडषोपचारैः पूज-

૧ તર્જની એટલે અંગુઠાની જોડેની આંગળી.

૨ મધ્યમા એટલે વચલી આંગળી.

૩ અનામિકા એટલે વચલી આંગળીના જોડેની આંગળી.

૪ કનિષ્ઠિકા એટલે ટચલી આંગળી.

यत्वा ततो यंत्रस्यैकविंशतिकोष्ठेषु नाममंत्रेण पूजयेत्, अर्घ्याणि चदद्यात्.

એ પ્રકારે ન્યાસ કર્યા પછી ભોમ ગાયત્રીથી (પ્રથમ બતાવી ગયા છે તે) આસનથી આરંભી મંત્ર પુષ્પાંજલી પર્યંત શોડષોપચારોથી પૂજન કરવું. (શોડષોપચારોનાં નામ. ૧. આવાહન. ૨. આસન. ૩ પાદ્ય. ૪ અર્ઘ્ય. ૫. આચમન. ૬ સ્નાન. ૭. વસ્ત્ર. ૮. યજ્ઞોપવીત (જનોઇ જોટો) ૯. ગંધ. ૧૦. પૂષ્પ. ૧૧. ધુપ. ૧૨ દીપ. ૧૩. નૈવેદ્ય. ૧૪. ફળતાંબુળ. ૧૫. પ્રદક્ષિણા. ૧૬. મંત્ર પૂષ્પાંજલી) ત્યાર પછી યંત્રના એકવીશ કોઠામાં અનુક્રમે મંગળના એકવીશ નામોથી પૂજન કરવું. તથા અર્ધ્ય આપવા.

इति पूजनविधिः

अथ भौम कवचम् ।

હવે [1]મંગળનું કવચ કહે છે.

शिखायांमंगलःपातु भूमिपुत्रश्चमूर्द्धनि ।
ललाटे धनहर्ता च चक्षुषोश्च धनप्रदः ॥ १ ॥

મંગળ, મ્હારી શીખાને વિશે રક્ષણ કરો, ભુમીપુત્ર, માથાનું રક્ષણ કરો, ધનહર્તા, લલાટમાં રક્ષા કરો અને ધનપ્રદ, મ્હારી આંખોનું રક્ષણ કરો. ૧

स्थिरासनः श्रोत्रयोश्च महाकायश्च नासिके ।
आस्यदन्तोष्ठजिव्हासुसर्वकार्यावरोधकः ॥ २ ॥

૧ આ મંગળના કવચનો પાઠ કરવો.

हनौमेलोहितःपातु लोहिताक्षश्च कण्ठके।
स्कन्धयोरुभयोरक्षेत्सामगानां कृपाकरः ॥ ३ ॥

સ્થિરાસન, મ્હારા કાનની રક્ષા કરો, મહાકાય, નાસિકાનું રક્ષણ કરો, તથા મુખને, દાંતોને, હોઠને, તેમજ જીભને સર્વકાર્યાવરોધક, રક્ષણ કરો. લોહિત, મ્હારી હડબચીને રક્ષા કરો, અને લોહિતાક્ષ, કંઠમાં રક્ષણ કરો, બન્ને ખભાને સામવેદને જાણનારાઓને કૃપા કરનાર, રક્ષણ કરો ૨–૩

धरात्मजोभुजौ पातु कुजोरक्षेत्करद्वयम्।
भौमोमेहृदयं पातु भूतिदस्तुतथोदरे ॥ ४ ॥

भूमिनन्दन नाभौतु गुह्येत्वंगारकस्तथा।
ऊर्वोममयमोरक्षेज्जान्वोरोगापहारकः ॥ ५ ॥

ધરાત્મજ મ્હારા ભૂજાને રક્ષણ કરો, કુજ, હાથને રક્ષણ કરો, મ્હારા હ્રદયને ભૌમ રક્ષણ કરો. તથા ભૂતીને (વૃદ્ધિને) આપનાર ઉદરની રક્ષા કરો. ભૂમિનંદન, નાભીની રક્ષા કરો. અંગારક, ગુહ્ય સ્થાનની રક્ષા કરો. તથા યમ મારા ઉરૂની રક્ષા કરો. રોગને નાશ કરનાર જાનુની રક્ષા કરો. ૪–૫

जंघयोर्व्रीष्टिकर्ताच अपहर्ताच गुल्फयोः।
पादांगुष्ठौच सततं सर्वकामफलप्रदः ॥ ६ ॥

शक्तिर्मांपूर्वतो रक्षेच्छूलं रक्षेच्च दक्षिणे।
पश्चिमेच धनुः पातु उत्तरे चशरस्तथा ॥ ७ ॥

જંઘાને વૃષ્ટિકર્તા, રક્ષણ કરો, અને વૃષ્ટીને નાશ કરનાર, મ્હારા ગુલ્ફસ્થાનની રક્ષા કરો, સર્વ કાર્યોના ફળને આપનાર, પગના અં. ગુઠાને રક્ષણ કરો. પુર્વ તરફ શકિત મારી રક્ષા કરો, અને દક્ષિણ તરફ ત્રીશૂલ રક્ષણ કરો, પશ્ચિમ તરફ ધનુષ રક્ષણ કરો, તથા બાણ ઉત્તર તરફ રક્ષણ કરો. ૬-૭

ऊर्ध्वं षडाननः पातु अधस्तात्पृथिवी सदा ।
एवं न्यस्त शरीरोऽसौ चिन्तयेद्भूमिनन्दनम् ॥ ८ ॥

કાર્તીક સ્વામિ ઉંચે રક્ષણે કરો, પૃથ્વી નીચે રક્ષણ કરો, એ પ્રકારે શરીરે ન્યાસ કરી મંગળનું સ્મરણ કરવું. ૮

॥ इति भौमकवचम् ॥

॥ अथ ध्यानम् ॥

असृगरुणिमवर्णरक्तम ल्यांगरागं ।
कनककमलमालामालिनंविश्ववंद्यम् ॥
अति ललितं कराभ्यां विभृतं शक्तिशुले ।
भजते धराणि सुनुं मंगलं मंगलानां ॥ १ ॥

॥ इति ध्यानम् ॥

રૂધિરના સરખા રાતા વર્ણવાળા, અને રાતા પુષ્પના સરખી કાંતિવાળા, સોનાના કમળની માળાવાળા, વિશ્વને નમસ્કાર કરવા યોગ્ય એવા, અત્યંત સુંદરહાથથી શક્તિ તથા ત્રિશુળને ધારણ કરનાર, મંગળીક કાર્યોને મંગળ કરનાર એવા, પૃથ્વીના પુત્રને ભજો. ૧

આ ઉપર કહ્યા પ્રમાણે ધ્યાન કરી, પછી આગળ કહેલી ભૌમ ગાયત્રીનો જપ (૧૦૮) કરવો.

तत इदं स्तोतं पठेत् ॥

પછી નીચે લખેલા સ્તોત્રનો પાઠ કરવો.

मंगलो भूमिपुत्रश्च ऋणहर्ता धनप्रदः ।
स्थिरासनोमहाकायः सर्वकार्याविरोधकः ॥ १ ॥
लोहितोलोहिताक्षश्च मामगानां कृपाकरः ।
धरात्मजः कुजो भौमो भूतिदोभूमिनंदनः ॥ २ ॥
अंगारकोयमश्चैवसर्वरोगापहारकः ।
वृष्टिकर्ता पहर्ताच सर्वकाम फलप्रदः ॥ ३ ॥
एतानिकुजनामानिनित्यंयः श्रद्धयापठेत् ।
ऋणंनजायते तस्य संतानंवर्द्धत सदा ॥ ४ ॥

મંગળ ૧. ભૂમિપુત્ર ૨. રૂણુહર્તા ૩. ધનપ્રદ ૪. સ્થિરાસન ૫. મહાકાય ૬. સર્વકાર્યાવરોધક ૭. લોહિત ૮. લોહિતાક્ષ ૯. સામગોને કૃપા કરનાર ૧૦. ધરાત્મજ ૧૧, કુજ ૧૨. ભૌમ ૧૩. ભુતિદ ૧૪. ભૂમિનંદન ૧૫. અંગારક ૧૬, યમ ૧૭. સર્વરોગાપહારક ૧૮. વૃષ્ટિકર્તા ૧૯. અપહર્તા ૨૦. સર્વકાર્ય ફલપ્રદ. ૨૧. એ પ્રકારે જે પુરૂષ મંગળના નામને નિત્ય ભણેછે. તે પુરૂષને રૂણ (દેવું) થતું નથી અને પુત્ર પૌત્રની વૃદ્ધિ થાય છે. ૧–૨–૩–૪

एक कालं द्विकालं वायः पठेत्सुसमाहितः ।
एवंकृतेनसंदेहोऋणंहत्वा सुखीभवेत् ॥ ५ ॥

આ સ્તોત્રને જે પુરૂષ સ્વસ્થ થઇ એક વખત અથવા બે વખત ભણે છે તો તે પુરૂષ રૂણુ (દેવું) ને નાશ કરીને સુખી થાય છે તેમાં સંદેહ નથી. ૫

॥ इति मंगल स्तोत्रम् ॥

॥ अथ भौम मंत्रः ॥

હવે મંગળનો મંત્ર કહેછે.

धरणीगर्भ सम्भूतं विद्युत्कान्ति समप्रभम् ।
कुमारं शक्तिहस्तं च मङ्गलं प्रणमाम्यहम् ॥

પૃથ્વીના ગર્ભથી ઉત્પન્ન થએલા, વીજળી સરખી કાંતિવાળા, અને કૌમારાવસ્થાવાળા, જેના હાથમાં શક્તિ છે એવા મંગળને હું પ્રણામ કરૂં છું. [1]

॥ इति भौम मंत्रः ॥

पश्चात्खादिराङ्गारेणरेखात्रयंकृत्वा
धोलिखितैर्मंत्रैर्वामपादेन मार्जयेत्.

પછી ખેરના લાકડાના કોયલાથી ત્રણ રેખાઓ કરીને નીચે લખેલા મંત્રો બોલી ડાબા પગથી ભુશી નાંખવી.

अङ्गारकमहीपुत्र भगवन् भक्तवत्सल ! ॥
त्वां नमस्यामि मेषेशं ऋणमाशु विनाशय ॥ १ ॥

હે ભગવન્, હે ભક્તોમાં પ્રીતીવાળા, હે પૃથ્વીના પુત્ર અંગારક ! હું આંપને નમસ્કાર કરૂં છું. ત્વરાથી (જલદીથી) મારા રૂણને નાશ કરો. ૧

---

૧ આ રીતે ભણીને નમસ્કાર કરવો.

ऋणरोगादिदारिद्र्यं येचान्ये चापमृत्यवः ।
भवक्लेशमनस्तापा नश्यन्तुमम सर्वदा ॥ २ ॥

રૂણ, રોગ તથા દરિદ્રતા, અને અકાળ મૃત્યુ તથા સંસારના ક્લેશ, અને મનના તાપ, તે સર્વ મારા નાશ પામો. ૨

ऋणदुःख विनाशाय पुत्रसंतानहेतवे ।
मार्जयाम्यासितारेखास्तस्त्रोजन्मसमुद्भवाः ॥ ३ ॥

રૂણુ તથા દુઃખનો નાશ થવાને, અને પુત્રની પ્રાપ્તી માટે, જન્મથી ઉત્પન્ન થયેલી, આ ત્રણુ કાળી લીટીઓને ભૂંશી નાખુંછું. ૩

दुःखदौर्भाग्यनाशाय सुखसंपत्ति हेतवे ।
कृतरेखात्रयं वामपादेन मार्जयाम्यहम् ॥ ४ ॥

દુઃખ તથા દુર્ભાગ્યનો નાશ થવાને, અને સુખ તથા સંપત્તી પ્રાપ્ત થવાને કરેલી ત્રણુ રેખાઓને ડાબા પગથી હું ભૂશી નાખુછું. ૪

इति मार्जन मंत्र.

ततः प्राञ्जलिःसन् प्रार्थयत् ।
ત્યારપછી હાથ જોડીને પ્રાર્થના કરવી.

ऋणहर्त्रेनमस्तेस्तु दुःखदारिद्र्य नाशक ।
सुखसौभाग्य धन दोभत्रमेधरणीसुत ! ॥ १ ॥
नमस्ते भूमिपुत्राय रक्षाकर्त्रे नमोनमः ।
सिंहसत्वायदुष्कर्म हस्तिनाशकरायच ॥ २ ॥

દુઃખ તથા દરિદ્રતાને નાશ કરનાર હે પૃથ્વીના પુત્ર, રૂણુને નાશ કરનાર એવા, તમને નમસ્કાર કરૂંછું માટે સુખ, સાૈભાગ્ય, અને ધનને આપનાર એવા આપ થાવ. પૃથ્વીના પુત્ર તમને નમ·

રહાર છે, રક્ષા કરનાર તમને નમસ્કાર છે, સિંહ સરખા બળવાળા અને દુષ્ટ કર્મ કરનાર રૂપી હાથીઓને નાશ કરનાર એવા તમને નમસ્કાર કરૂં છું. ૧-૨

ग्रहराज ! नमस्तेऽस्तु सर्व कल्याणकारक ।
प्रसादात्तव देवेश ! सदा कल्याणभाजनम् ॥ ३ ॥
देवदानवगन्धर्वयक्षराक्षसपन्नगाः
प्राप्नुवन्तिशिवं सर्वे सदापूर्णमनोरथाः ॥ ४ ॥

સર્વને કલ્યાણ કરનાર હે ગ્રહોના રાજન, તમને નમસ્કાર હો. હે દેવેશ, દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, અને સર્પો, તે સર્વે આપની કૃપાથી હમેશા પુર્ણ મનોરથવાળા થઇને કલ્યાણના પાત્રરૂપ થાય છે. ૩-૪

॥ इति प्रार्थना ॥

पनः स्तोत्रं पठेत् ।

પ્રથમ રહેલું ભૌમ સ્તોત્ર ફરીથી ભણવું.

ततः वायनदानं तिलगडमिश्रितानेकविंशति सङ्ख्याकान्मोदकान् फलदक्षिणासहितान्वेदविदेदद्यात् ।

ત્યાર પછી વાયનદાન કરવું તેનો વિધિ કહે છે, તલ અને ગોળના એકવીશ લાડુ કરીને વેદને જાણનાર બ્રાહ્મણને આપવા.

॥ *दान मंत्र ॥

---

* મંગળનું દાન આ પ્રકારે કરવું. પરવાળું, ઘઉં, મસૂરની દાળ, રાતો બળદ, ગોળ, સોનું, રાતુ વસ્ત્ર, કણેરનાં ફુલ, તાંબું, આ દાન દક્ષિણા સહીત આપવું.

હવે દાન આપવાનો મંત્ર કહે છે.

मङ्गलाय नमस्तुभ्यं सर्वमंगलदायक ! ॥
वायनेन च संतुष्टः कुरुत्वंमे मनोरथान् ॥ १ ॥

સર્વ પ્રકારના મંગળને આપનાર હે મંગળ તમને નમસ્કાર છે, આપ આ વાયન દાનથી સંતોષ પામીને મ્હારા મનોરથને પૂર્ણ કરો. ૧

पश्चादर्पयेत् ।

પછી કરેલી પુજા મંગળને અર્પણ કરવી.

॥ इति भौम पूजनम् ॥

॥ अथ भौम व्रत कथा प्रारम्भः ॥

॥ सूत उवाच ॥

पूजितो देवदैत्यैस्तु मङ्गलो मङ्गलप्रदः ।
गौतमेन पुरापृष्टो लोहिताङ्गो महाग्रहः ॥ १ ॥

સુત પૌરાણીક શૌનકાદીક રૂષીઓને કહે છે.–પૂર્વે દેવથી દૈત્યોયે પુજેલા, મંગળ પદાર્થોને આપનાર એવા, અને રક્ત શરીરવાળા એવા મંગળને ગૌતમ રૂષીએ પૂછ્યું હતું. ૧

किंपृष्टं इत्याकांक्षायां तदेवाह

गौतम उवाच ॥

कथयस्व महाभाग गुह्यं पूजनमुत्तमम् ।
मन्त्रमाराधनं दानं सर्वपापप्रणाशनम् ॥ २ ॥

ગૌતમ મંગળ પ્રત્યે કહેછે.—હે મહા ભાગ, આપનું ગુહ્ય એવું ઉત્તમ પુજન બતાવો. તથા સર્વ પાપને નાશ કરનાર આપનો મંત્ર તથા પુજન, દાન, ઇત્યાદિક કહો. ૨

यस्मिन्नाराधितेमर्त्यः सर्वं सौभाग्यवान् भवेत् ।

तद्व्रतं ब्रूहिमेदेव लोहिताङ्ग महाग्रह ! ॥ ३ ॥

જે વ્રત કરવાથી મનુષ્યને સર્વ સૌભાગ્યની પ્રાપ્તી થાય છે, હે દેવ, હે લોહિતાંગ, આપ તે વ્રત મને બતાવો. ૩

मङ्गल उवाच ॥

शृणु. विप्र महाभाग सर्वज्ञ ऋषिसत्तम ! ।

व्रतं च पूजनं दानं प्रख्यातं भुवनत्रये ॥ ४ ॥

મંગળ કહે છે.—હે રૂષીઓમાં શ્રેષ્ઠ ગૌતમરૂષી, ત્રણે ભુવનમાં પ્રસીદ્ધ એવું વૃત, દાન, તથા પુજન, તમે સાંભળો. ૪

आसीत्पूर्वं हि सर्वज्ञा ब्राह्मणा वेदपारंगः ।

तस्य भार्यासुनंदा च नाम्ना ख्याता सुलोचना ॥ ५ ॥

પુર્વે વેદને જાણનાર, સર્વજ્ઞ એવો એક બ્રાહ્મણ હતો, તેને સુલોચના નામે સ્રી હતી. ૫

तस्यापत्यं चसंजातं वृद्धत्वान्न कदाचन ।

तेनान्यस्य सुतापुण्या गृहीत्वा पोषिता ध्रुवम् ॥ ६ ॥

તે બ્રાહ્મણને ઘડપણ હતુ તેથી તેને પ્રજા થઇ નહીં ત્યારે તે બ્રાહ્મણે કોઇ બીજાની પવીત્ર કુળવાળી કન્યાને રાખી પોષણ કરી. "અર્થાત્ દત્તક તરીકે રાખી." ૬

ब्राह्मणस्य कुले जातां सुरूपां गुणसंयुताम् ।
सर्वलक्षणसंपन्नां प्रयत्नेनैव गौतम ! ॥ ७ ॥
तांपुत्रींस्वग्रहेनीत्वा ब्राह्मणेनैव पालिता ।
नित्यं हि स्रवते तस्या अष्टांगं कनकं बहु ॥ ८ ॥

તે કન્યા બ્રાહ્મણના કુળમાં ઉત્પન્ન થએલી, સારા રૂપવાળી, ગુણોથી યુક્ત એવી અને સર્વે લક્ષણોથી યુક્ત એવી તે પુત્રીને પોતાને ઘેર લેઇ જઈને બ્રાહ્મણે પાળીને મ્હોટી કરી, અને તે કન્યાના આઠે અંગોમાંથી દરરોજ સોનું ઝરતું હતું. ૭-૮

तत्सुवर्णेन विप्रोऽसौ धनाढयो मदगर्वितः ।
कोटि कोटीश्वरो जातो राजते भुमिमण्डले ॥ ९ ॥

તે સોનાથી તે બ્રાહ્મણ શોભતા આ ભૂમંડળમાં કરોડોપતિ થયો અને ઘણું ધન મળવાથી અહંકારવાળો થયો. ૯

द्रष्टवानंदक विप्रेण दशवर्षा वरार्थिनी ।
विवाहार्थंच विप्राय दत्ता सोमेश्वरायच ॥ १० ॥

ત્યાર પછી દશ વર્ષની પોતાની કન્યાને પરણાવવા યોગ્ય જોઇને સોમેશ્વર નામના ઋષીની સાથે વીવાહ કર્યો. ૧૦

वेदोक्त विधिनातेन विवाहमकरोत्तदा ॥

ત્યાર પછી વેદમાં કહ્યા પ્રમાણે પોતાની પુત્રીનું લગ્ન કર્યું.

वर्षैर्कतिपयैर्विप्रःस्वांपत्नींदृढयौवनाम् ।
लब्ध्वास्वदेशमार्गेणव्रजन् विप्रोऽप्यहर्निशम् ॥ ११ ॥
मार्गे गच्छन्नयं विप्रश्चौरैश्चविनिपातितः ॥ १२ ॥

પછી તે સોમેશ્વર બ્રાહ્મણ કેટલાંક વર્ષો બાદ યુવાવસ્થાવાળી પોતાની સ્ત્રીને સાથે લેઇને પોતાના દેશના રસ્તે જતાં, અઘોર વનની અંદર ચોર મળવાથી તે શોમેશ્વરને મારી નાંખ્યો. ૧૧-૧૨

तंपतिंमृत मालोक्य सानारीशे कपीडिता ।

मरणे निश्चयं चैव चितांकृत्वाविधानतः ॥ १३ ॥

મૃત્યુ પામેલા પોતાને સ્વામીને જોઇ તે સ્ત્રી ઘણી શોકગ્રત થઇ ગઇ અને મરવાનો નિશ્ચય કરીને વિધિપૂર્વક સતી થવાને ચીતા રચી. ૧૩

पतिं प्रदाक्षिणीकृत्य चितायाश्च समीपतः ।

तस्मिन्क्षणेप्रतुष्टोऽहं वरार्थंचप्रचोदिता ॥ १४ ॥

પછી તે સ્ત્રી ચીતાની સમીપે પોતાના સ્વામીની પ્રદક્ષિણા કરી પ્રવેશ કરવા ઇચ્છેછે તેટલા વખતમાં હું (મંગળ) પ્રસન્ન થયો અને વરદાન માગવાની પ્રેરણા કરી× ૧૪

वरं ब्रूहिमहाभागे यत्ते मनसिवर्तते ।

इतिश्रुत्वाततोव्रते सानारी पतिमानसा ॥ १५ ॥

હે મહાભાગે, તારા મનની અંદર જે કાંઇ ઇચ્છા હોય તે માગ એવું મારૂં (મંગળનું) વચન સાંભળીને પતીમાં મનવાળી તે સ્ત્રીએ વરદાન માગ્યું. ૧૫

× તે બ્રાહ્મણીને વ્રત કર્યાં વિના પણ મંગળ પ્રસન્ન થયા તે મોટી આશ્ચર્યયુક્ત વાર્તા છે, એ પ્રકારે શંકા થાય તો, તે શંકાના સમાધાનમાં તે બ્રાહ્મણીએ પૂર્વ જન્મમાં મંગળનું વ્રત કર્યું હતું, તે વ્રતના પ્રભાવે કરીને તેના ઉપર મંગળ પ્રસન્ન થયા હતા.

ब्राह्मण्युवाच ॥

यदितुष्टोऽसिमेदेव ! तर्हिजीवतुमे पतिः ॥

બ્રાહ્મણી કહેછે.–હે દેવ, જો આપ પ્રસન્ન થયા હોતો આપની કૃપાથી મારો સ્વામી સજીવન થાવ.

॥ मङ्गल उवाच ॥

अजरामरवत्प्राज्ञोतवभर्ताभविष्यति ।
अन्यं याच महासाध्वि ! वरंत्रिभुवनोत्तमम् ॥ १६ ॥

હે મહા સાધ્વિ, તારો સ્વામી વૃદ્ધાવસ્થા રહીત તથા અમર થશે. અને તે શીવાય બીજું કંઇ પણ વરદાન માગ. ૧૬

ब्राह्मण्युवाच ॥

यदितुष्टोऽसिमेदेव ! ग्रहाणामधिपेश्वर ! ।
येत्वांस्मरन्ति देवेशं रक्तचंदन चर्चितम् ॥ १७ ॥
रक्तपुष्पैश्चसंपूज्यप्रत्यूषे भौमवासरे ।
बन्धनव्याधिरोगाश्च कदाचिन्नोपजायताम् ॥ १८ ॥
नच सर्पाग्निशत्रुभ्यो भयश्चस्वजनैस्सह ।
नवियोगोमहीपुत्र ! भक्तानां सुखदोभव ॥ १९ ॥

બ્રાહ્મણી મંગળને કહે છે–હે ગ્રહોના સ્વામિન્ જો આપ મારા ઉપર પ્રસન્ન થયા હો તો, જે પુરૂષો મંગળવારને દીવસે તમારી રાતાં પુષ્પોથી પુજા કરી તમારૂં સ્મરણ કરે છે. તેવા પુરૂષોને બંધન, વ્યાધિ, રોગ, અને સર્પ, અગ્ની, તથા શત્રુઓથી ભય અને પો-

તાના સંબંધીઓ સાથે વિયોગ, આ સઘળું ન થવું જોઇએ. અને આપના ભક્તોને આપ સુખ આપનાર થાવ. ૧૭-૧૮-૧૯

॥ मंगल उवाच ॥

एकविंशति भौमाश्च एकभुक्तोजितेन्द्रियः ।
युवं रक्तमनड्वाहं सर्वोपस्करसंयुतम् ॥ २० ॥
स्वशक्त्याभोजयेद्विप्रान्दातव्यं सहिरण्यकम् ॥ २१ ॥

મંગળ કહેછે.—એક્વીશ મંગળવાર એક વખત ભોજન કરી જીતેંદ્રિય રહીને પછી (વ્રત પૂર્ણ થયા પછી) શક્તિ પ્રમાણે બ્રાહ્મણોને ભોજન કરાવીને જુવાન તથા રાતા વર્ણના બળદનું દક્ષિણા સહીત દાન કરવું. ૨૧-૨૨

तेषांवैग्रहपीडा च न भवेत्तु कदाचन ।
दारिद्र्यं नश्यते तेषां पुत्रपौत्रं च वर्द्धते ॥ २ ॥

એ પ્રકારે જે પુરૂષો વ્રત કરે છે તેઓને કોઇ વખત પણ ગ્રહો સંબંધી પીડા થતી નથી, અને દરિદ્રતા નાશ :પામે છે, તથા પુત્ર પૌત્રની વૃદ્ધિ થાય છે. ૨૩

एवमुक्त्वाचतत्रैव मङ्गलोऽपिदिवं गतः ।
एवं व्रतं समाख्यातं सर्व सौख्य प्रदायकम् ॥ २३ ॥

આ પ્રકારે તે બ્રાહ્મણોને કહીને મંગળ પણ સ્વર્ગમાં ગયા, એ પ્રકારનું સર્વે મનુષ્યોને સુખ આપનારૂં વ્રત કહ્યું. ૨૪

स्त्रीभिर्व्रतं प्रकर्तव्यं पुरुषैश्च विशेषतः ।
तेषां मुक्तिर्भवत्येवं स्वर्गवासो न संशय ॥ २४ ॥

આ મંગળનું વ્રત સ્ત્રીઓએ કરવું જોઇએ, અને પુરૂષોએ તો વિશેષે કરીને કરવું. આ વ્રત કરનારાઓને સ્વર્ગ સુખ મળે છે. અને સર્વ સંસારના બંધનોથી મુક્ત થાય છે. ૨૫

इतिश्री पद्मपुराणे भौमावारव्रत कथा सम्पूर्ण ॥
इति मंगलव्रतं सम्पूर्णम् ॥





अथ बुध पूजनम् ॥

॥ अथ बुध पूजन लिख्यते ॥

હવે બુધનું પૂજન કહે છે.

शशांकसुत ! देवेश ! बुधायप्रभवेनमः ।
यजमानहितार्थायबुधमावाहयाम्यहम् ॥ १ ॥

હે ચંદ્રના પુત્ર! હે દેવેશ! બુધ એવા આપને નમસ્કાર છે. યજમાનના કલ્યાણાર્થે હું બુધનું આવાહન કરૂં છું. ૧

अहोचंद्रसुतश्रीमन्मागधायांसमुद्भवः ।
अत्रिगोत्रश्चतुर्बाहुःखड्गखेटकधारकः ॥ २ ॥

હે શ્રીમન્ ચંદ્રસુત આપ મગધ દેશમાં ઉત્પન્ન થએલા છો. અત્રી ગોત્રવાળા, ચાર હાથવાળા, અને તરવાર તથા ખેટક નામના હથીઆરને ધારણ કરનાર છો. ૨

गदाधरःसिंहबाहुःसुवर्णाभःसनातनः ।
कृष्णमर्दीपश्चात्रेयस्तथा विष्णुसुपूजितः ॥ ३ ॥

ગદાને ધારણ કરવાવાળા, સીંહ સરખા હાથવાળા, સુવર્ણ સરખી દેદિપ્યમાન કાંતિવાળા, તથા સનાતન, વિષ્ણુએ પૂજેલા, તથા અત્રી રૂષીના કુળમાં ઉત્પન્ન થયેલા એવા આપ છો. ૩

शुचौदेशेलिप्तभूमौमण्डलंशुद्धिमन्त्रभिः ।
सिंदुरेणप्रकर्तव्यंसमंत्रैश्चमनोहरम् ॥ ४ ॥

શુદ્ધ મનુષ્યે લીપેલી પવીત્ર જગ્યામાં સિંદુરથી સુંદર મંડળ કરવું. ૪

मध्येतुकलशंस्थाप्यपूरयेत्तीर्थवारिणा ।
हेमगर्भततःकृत्वापञ्चरत्नसमन्वितं ॥ ५ ॥

તે મંડળના મધ્યમાં તાર્થોદકથી ભરેલા કુંભનું સ્થાપન કરવું, તે કુંભની અંદર સોનું તથા પંચ રત્ન નાખવાં. ૫

पूजयेन्मधुनादेवंसर्वकार्यार्थसिद्धये ।
वस्त्रेणान्नेनसंपत्त्यापूजयेत्परमेश्वरम् ॥ ६ ॥
पूजांसमापयेत्कुंभेपंचपंचामृतैस्तथा ।
अभिषिच्यततःशीघ्रंदीक्षाकर्णसमुत्पठेत् ॥ ७ ॥

ત્યાર પછી સર્વ કાર્યોની સિદ્ધિ માટે બુધનું મધથી પૂજન

કરવું. પોતાની સંપત્તિ પ્રમાણે વસ્ત્ર, અન્ન, ઇત્યાદિકથી પુજન કરવું. અને પંચામૃતથી પુજા કરી અભિષેક કરવો. ૬—૭

पूजयेद्गंधपुष्पैश्चधूपदीपयुतैः सदा ।
एकविंशतिकोणेषुत्रिकोणंरक्तमंडलम् ॥ ८ ॥
रक्तैः सुगंधैः पुष्पैश्चकमलैश्चापरैः प्रभुं ।
मंत्रयुक्तैर्घृतैर्देवंपुरश्चरणासिद्धये ॥ ९ ॥

તે કરેલા મંડળના એકવીશ કોઠની અંદર, ગંધ, પુષ્પ, ધુપ, દીપ, ઇત્યાદિ ઉપચારોથી પૂજા કરવી તથા રાતાં પુષ્પોથી, રાતાં કમળોથી મંત્ર ભણી પૂજન કરવું. ૮-૯

गुरवेविधिनाश्रेष्ठांमालंकारांपयस्विनीम् ।
अरुणांवस्त्रसहितांधेनुदद्याद्विशेषतः ॥ १० ॥

* પછી પોતાના ગુરૂને વિધીપૂર્વક ગાય આપવી, તે ગાય શ્રેષ્ઠ અલંકારવાળી, તથા રાતા રંગની અને વસ્ત્રયુક્ત, અને દુધ-વાળી હોવી જોઇએ. ૧૦

अथातःसंप्रवक्ष्यामिरहस्यह्येतदुत्तमम् ।
येनलक्ष्मीर्धृतिः पुष्टिस्तुष्टिःकांतिः प्रजायते ॥ ११ ॥

હવે ઉત્તમ રહસ્ય (છાંની) વાર્તા કહું છું, જે કરવાથી મનુ-ષ્યને લક્ષ્મી, ધૃતિ, પુષ્ટિ, તુષ્ટિ તથા કાંતિ ઇત્યાદિ પ્રાપ્ત થાય છે. ૧૧

* બુધનું દાન કહે છે. નીલ વૃષભ, નીલ વસ્ત્ર, સુવર્ણ, કાંસ્ય, કસ્તુરી, ઘી, પંચરત્ન, દાસી, હસ્તી, એ પ્રકારનું દાન દક્ષિ-ણાસહીત આપવું.

विशाखायांबुधं हेममयं कुर्याद्विधानतः ।
अलंकारयुतंकृत्वास्थापयेत्कांस्यभाजने ॥ १२ ॥

વિશાખા નક્ષત્રની અંદર વિધિપુર્વક સોનાની બુધની મૂર્તી કરવી, પછી તેને ઘરાણાં ઇત્યાદીક ઉપચારોથી શોભીતી કરી કાંસાના વાસણમાં સ્થાપન કરવું. ૧૨

शुक्लवस्त्रयुगच्छन्नंशुक्लमाल्यानुलेपनम् ।
गुडोदनोपहारंचब्राह्मणाय निवेदयेत् ॥ १३ ॥

ધોળાં બે વસ્ત્રો ઓઢાડવાં, તથા શ્વેત ચંદન, શ્વેત પુષ્પ, અર્પણ કરવાં. ગોળ તથા ભાતનું નૈવેદ્ય ધરાવવું, અને પછી (પૂજન થઇ રહ્યા બાદ) તે મૂર્તી ઉપચાર સહીત બ્રાહ્મણને અર્પણ કરવી. ૧૩

बुधत्वंविबुधानन्यान्बोधदान्सर्वदानृणाम् ।
तत्वावबोधंकुरुमेसोमपुत्र ! नमोनमः ॥ १४ ॥

હે બુધ ! તમે સઘળા પંડીતોને તથા મનુષ્યોને બોધ આપનાર છો, માટે હે ચંદ્રના પુત્ર ! મારા અંતઃકરણમાં આપ તત્વનો (બ્રહ્મનો) બોધ કરો, આપને હું નમસ્કાર કરૂંછું (એ પ્રકારે બુધની પ્રાર્થના કરવી.) ૧૪

होमंघृततिलैः कुर्यादबुधनाम्नाचमंत्रवित् ।
समिधाष्टोत्तरशतमष्टाविंशतिरेववा ॥ १५ ॥
होतव्यामधुसर्पिभ्यांदध्नाचैवघृतेनच ।
विशेषेणसमिद्भिश्चहुत्वैवाष्टोत्तरंशतम् ॥ १६ ॥

(હવે બુધ શાંતીને હોમ કહે છે.) મંત્રને જાણનાર પુરૂષે *બુધાયનમઃ એ મંત્રથી ઘી, અને તલથી હોમ કરવો. સમીધોની એકસોને આઠ (૧૦૮) અથવા અઠાવીશ (૨૮) આહુતીઓ આપવી. તેમાં વિશેષે કરીને પ્રથમ સમીધથી એકસો આઠ (૧૦૮) આહુતીઓ આપીને પછી મદ, ઘી તથા દહીંથી હોમ કરવો. ૧૫-૧૬

बुधशांतिरियंप्रोक्ताहोमंकुर्यातथार्चनम् ।
बुधदोषविनाशेचशांतिः सर्वत्रकारणम् ॥ १७ ॥

આ પ્રકારે કહેલા બુધ શાંતી પ્રમાણે હોમ તથા પૂજન કરવું. કારણ કે બુધ સંબંધી પીડા મટાડવાને તો શાંતીજ કારણ છે. ૧૭

बुधस्तुष्टिप्रकर्ताचतथाशांतिकपौष्टिके ।
बुधसौख्यकरश्चैवआयुरारोग्यसंपदः ॥ १८ ॥

શાંતીક તથા પૌષ્ટિક કર્મોમાં બુધજ શાંતી કરનાર છે. તથા સુખ, આયુષ્ય, આરોગ્ય અને સંપતિ આપનાર પણ બુધજ છે. ૧૮

जायतेस्तोत्रपाठेनसर्वसौख्यफलंनृणाम् ।
चंद्रस्यतनयंशांतंमहायोगेनसंयुतम् ॥ १९ ॥
सिद्धिदः सर्वदातस्ययः कुर्यात्पूजनंनरः ॥
तस्यशांतिकरोनित्यंजायतेसर्वदाबुधः ॥ २० ॥

જે પૂરૂષો બુધને સ્તોત્ર પાઠ (આગળ કહીશું તે) તથા પૂજન કરે છે તેઓને નીરંતર બુધ પીડા કરતો નથી અને શાંતિ કરે છે. ૧૯-૨૦

---

* બ્રાહ્મણે આ મંત્રની પહેલાં ૐકાર લેવો.

नित्यंशांतिकरश्चैवबुधो बुद्धिसमन्वितः ।
प्रज्ञासौख्यकरश्चैवनितरामृद्धिदायकः ॥ २१ ॥

બુધ કેવા છે કે નીરંતર શાંતિ કરનાર તથા બુદ્ધિયુક્ત, અત્યંત સમૃદ્ધિને આપનાર બુદ્ધિ તથા સુખ કરનાર એવા બુધ છે. ૨૧

जन्मस्थेज्ञेविशेषेणपूजाकार्याप्रयत्नतः ।
द्वादशेपंचमेचैवनवमेचाविशेषतः ॥ २२ ॥

જન્મનો (પહેલો) બુધ હોય તે સમયમાં બનતા પ્રયાસે કરી બુધની પુજા કરવી જોઇએ, અને બારમો, પાંચમો તથા નવમો હોય તે સમયે તો ઘણું કરીને પુજન કરવું જોઇએ. ૨૨

तृतीयश्चमुनिस्थश्चहानिकर्ताबुधः स्मृतः ।
तदापाठः प्रकर्तव्यः शांत्यर्थंचजनस्यच ॥ २३ ॥

ત્રીજો તથા સાતમો બુધ હાનીકર્તા કહેલો છે, માટે તે સમયમાં મનુષ્યની શાંતિને અર્થે બુધનો પાઠ કરવો. ૨૩

बुधवारेविशेषेणप्रद्राण्नेनचसंयुतम् ।
नीलरत्नंप्रदातव्यंदक्षिणासहितंद्विजे ॥ २४ ॥

બુધવારને દીવસે બ્રાહ્મણને મગ, તથા લીલા વસ્ત્રનું દક્ષણા સહીત દાન આપવું. ૨૪

नीलवस्त्रयुगच्छन्नंवंशपात्रंविशेषतः ।
सर्वान्कामानवाप्नोतिनात्रकार्याविचारणा ॥ २५ ॥

વાંસના સુપડામાં લીલું વસ્ત્ર, તથા મગ સહીત દાન કરવાથી સર્વ મનોરથ સીદ્ધિને પામે છે, તેમાં સંશય નથી ૨૫

॥ इतिश्री भविष्योत्तरपुराणे बधपूजनप्रकारः संपूर्णः ॥

---

[1]अथ बुधस्तोत्रम् ।

प्रियंगुकालिकाश्यामंरूपेणाप्रतिमंबुधम् ।
सौम्यंसौम्यगुणोपेतंतंबुधंप्रणमाम्यहम् ॥ १ ॥

પ્રિયંગુ (કાંગ) ની કળીના સરખા શ્યામ વર્ણ, અર્થાત અત્યંત લીલા વર્ણવાળા, અને જેના સ્વરૂપ સરખું કોઇનું સ્વરૂપ નથી એવા સૌમ્ય તથા સુંદર ગુણોથી યુક્ત એવા બુધને પ્રણામ કરૂંછું. ૧

उत्पातरूपीजगतांचंद्रपुत्रोमहाद्युतिः ।
सूर्यप्रियकरोविद्वान्पीडाहरंतुमेबुध ॥ २ ॥

જગતોને ઉત્પાત રૂપ તથા કાંતીવાળા અને સૂર્યનારાયણને પ્રીતી આપનાર, તથા વિદ્વાન્ એવા ચંદ્રના પૂત્ર બુધ મ્હારી પીડાને નાશ કરો. ૨

श्यामः शिरालश्चकलाविधिज्ञःकौतूहलीकोमलवाग्विलासी ।
रजोधिकोमध्यमरूपहक्स्यादाताम्रनेत्रोद्विजराजपुत्रः ॥ ३ ॥

કાળા વર્ણના કેશવાળો, કળાઓને જાણનાર, કોમળ વાણીવાળો, તથા રજોગુણવાળો અને સાધારણ રૂપવાળો, તામ્ર સરખાં રાતાં નેત્રવાળો, દ્વીજરાજ (ચંદ્રમા) નો પુત્ર છે. ૩

---

૧ હવે બુધનું સ્તોત્ર કહે છે.

बुधबुद्धिप्रदातारंसूर्यरश्मिसमन्वितम् ।
यजयानहितार्थायबुधमावाहयाम्यहम् ॥ ४ ॥

બુદ્ધિને આપનાર તથા સૂર્યના કીરણોથી યુક્ત પંડીત એવા બુધનું યજમાનના કલ્યાણાર્થે આવાહન કરૂં છું. ૪

ज्ञेयोबुधःपंडितश्चरौहिणेश्चसोमतः ।
कुमारोराजपुत्रश्चशैशवःशशिनंदनः ॥ ५ ॥
गुरुपुत्रश्चतारेयोविबुधोबोधनस्तथा ।
सौम्यः सर्वगुणोपितोरत्नदानफलप्रदः ॥ ६ ॥
एतानिबुधनामानिप्रातःकालेपठेन्नरः ।
बुद्धिर्विवृद्धितांयातिबुधपीडानजायते ॥ ७ ॥

બુધ, પંડીત, રૌહીણેય (ચંદ્રની સ્ત્રી રોહિણીનો પુત્ર), સોમ, કુમાર, રાજપુત્ર, શૈશવ, શશીનંદન, *ગુરૂપુત્ર, (બૃહસ્પતીનો પુત્ર),

---

* પ્રથમ બુધને ચંદ્રનો પુત્ર કહી પછી 'ગુરૂપુત્ર, એમ કહેવાથી શંકા થાય છે કે, બે પીતા એક પુત્રને નથી હોતા તો પછી બુધને બે પીતા તે મહા આશ્ચર્યની વાર્તા છે તો સમાધાન કે—પુરાણમાં પ્રસિદ્ધ છે કે ચંદ્રની સ્ત્રી રોહિણી, અને બૃહસ્પતીની સ્ત્રી તારા તે તારાને ચંદ્ર હરણ કરી ગયો અને તે તારાને ચંદ્રમાના વીર્યથી બુધ નામે પુત્ર થયો, તેથી તારાનો સ્વામી બૃહસ્પતી, અને પુત્ર ચંદ્રથી થયો તેટલા માટે બુધને 'ચંદ્રપુત્ર,' અને 'ગુરૂપુત્ર' એ પ્રમાણે કહ્યું. ઇતિ.

તારેય (બૃહસ્પતીની સ્ત્રી તારાનો પુત્ર), વિબુધ, બોધન, સૌમ્ય સર્વ ગુણોવડે યુક્ત, ફલપ્રદ, આ પ્રકારે પ્રાતઃકાળે જે મનુષ્ય બુધના નામનો પાઠ કરે છે, તેની બુદ્ધીની વૃદ્ધિ થાય છે, અને બુધ સંબંધ પીડા કદાપિ થતી નથી. ૫ ૬ ૭

इतिश्री बुधस्तोत्रं संपूर्णम् ।

इतिश्री बुधपूजनं सम्पूर्णतामगमत् ।


अथ बुध मंत्रः

(હવે બુધનો મંત્ર કહે છે.)

प्रियङ्गुकलिकाश्यामं रूपेणाप्रतिमंबुधम् ।
सौम्यं सौम्यगुणोपेतं तंबुधंप्रणमाम्यहम् ॥ १ ॥

॥ इति बुध मंत्रः ॥

(આ મંત્રનો ભાવાર્થ પહેલાં આવેલો છે.)



अथ गुरु पुजनम् ॥

હવે ગુરૂનું પૂજન કહે છે.

तत्रादौ गुरु स्तोत्रम् ॥

તેમાં પ્રથમ બ્રહસ્પતીનું સ્તોત્ર કહે છે.

अथ गुरुस्तोत्र प्रारभ्यते ॥

शक्रादिदेवैःपरिपूजितोसित्वंजीवभूतोजगतोहिताय ।
ददातियोनिर्मलशास्त्रबुद्धिंसवाक्पतिर्मेविदधातुलक्ष्मीम् ॥ १ ॥

ઇંદ્રાદિક દેવતાઓએ પૂજેલા આપ જગતને કલ્યાણ આપનાર છો. તેમજ જે બ્રહસ્પતી શાસ્ત્ર સંબંધી બુદ્ધિને આપે છે તે બ્રહસ્પતી અને લક્ષ્મી આપો. ૧

सकलसुरगुरुर्योब्रह्मतुल्यप्रभावस्त्रिदशपतिकिरीटैर्घृष्टपादारविंदः ।
विमलमतिविलासीसर्वमांगल्यहेतुर्ददतुममविभूतिंवाक्पतिःसुप्रभावः

જે બ્રહસ્પતી બ્રહ્માના સરખા પ્રભાવવાળા, અને સર્વ દેવોના ગુરૂ છે માટે જેમના ચરણ કમળ દેવોના મુગટથી ઘસાઇ રહેલા છે અર્થાત્ જેને દેવો નમસ્કાર કરે છે, એવા અને નીર્મળ બુદ્ધિવાળા, સર્વ જાતના મંગળ પદાર્થોને આપનાર, એવા બ્રહસ્પતી મને સંપત્તિ આપો. ૨

द्वितीयः पंचमः सप्तएवमेकादशोगुरूः ।
अन्नंविविधभोगांश्चरत्नानिकुरुतेगुरुः ॥ ३ ॥

બ્રહસ્પતી બીજો, પાંચમો, સાતમો તથા અગીઆરમો હોય તો નાના પ્રકારના અન્ન તથા ભોગો અને રત્નોને આપનાર થાય છે, (સારાંશ એ કે, બીજો, પાંચમો, સાતમો અને અગીઆરમો બ્રહસ્પતી શ્રેષ્ઠ છે.) ૩

द्वादशदशमचतुर्थेजन्मनिषष्ठाष्टमेतृतीयेच ।
व्याधिर्विदेशगमनंमित्रविरोधंसुरगुरुःकुरुते ॥ ४ ॥

બ્રહસ્પતી બારમો, દશમો, ચોથો, પહેલો, છઠો, આઠમો અને ત્રીજો મનુષ્યને વ્યાધી તથા પરદેશગમન અને મીત્રોની સાથે વીરોધ કરાવે. (સારાંશ કે, ૧૨, ૧૦, ૪, ૧, ૬, ૮, ૩ આ સ્થાનસ્થીત બ્રહસ્પતી નેષ્ટ છે.) ૪

देवानांचऋषीणांचगुरुंकांचनसन्निभम् ।
बुद्धिभूतंत्रिलोकेशंतंनमामिबृहस्पतिम् ॥ ५ ॥

સુવર્ણ સરખા વર્ણવાળા, તથા ત્રણ લોકનો સ્વામી અને સર્વની બુદ્ધિરૂપ એવા દેવોના તથા રૂષીઓના ગુરૂ એવા બ્રહસ્પતીને નમસ્કાર કરૂંછું. ૫

बृहस्पतिमहंनौमिगुरुंदेवेंद्रपूजितम् ।
सर्वशास्त्रप्रवक्तारंसर्वकर्मफलप्रदम् ॥ ६ ॥

સર્વ શાસ્ત્રોને જાણનાર, સર્વ કર્મોના ફલને આપનાર અને ઇન્દ્રવડે પૂજાએલા બ્રહસ્પતીને હું નમસ્કાર કરૂંછું. ૬

सर्वसंशयछेतारंवेत्तारंसर्वकर्मणाम् ।
परब्रह्ममयंनित्यंपरमानंदरूपिणम् ॥ ७ ॥
सर्वसिद्धिप्रदंदेवंशरण्यभक्तवत्सलम् ।
वरेण्यंवरदंशांतत्रिदशार्तिहरपरम् ॥ ८ ॥
लंबकूर्चंसुवर्णाभंस्वर्णयज्ञोपवीतिनम् ।
पीतवस्त्रपरीधानंमार्तंडतिलकान्वितम् ॥ ९ ॥

સર્વ કર્મને જાણનાર તથા સંશયોને કાપનાર, અને પરબ્રહ્મરૂપી નીરંતર આનંદરૂપ એવા અને સર્વ સિદ્ધિને આપનાર તથા શરણે આવેલાનું રક્ષણ કરનાર, પોતાના ભક્તો ઉપર પ્રીતી રાખનાર, શ્રેષ્ઠ તથા વરદાનને દેવાવાળા, તેમજ શાંત સ્વરૂપ એવા, અને દેવોની પીડાને નાશ કરનાર એવા તથા ભૂમધ્ય જેને મોટા છે અને સોના સરખી કાંતીવાળા, તથા સોનાના યજ્ઞોપવીત (જનોઇ) ને ધારણ કરનાર, પીતાંબર પહેરનારા એવા અને સૂર્ય મંડળ સરખા તેજસ્વી એવા બ્રહસ્પતીને હું સાષ્ટાંગ પ્રણામ કરૂંછું. ૭-૮-૯.

चंदनागरुकर्पूरैः सुगंधैः शतपत्रकैः ।
संपूज्यध्यायतेयैस्तुभक्त्यासुदृढयानरैः ॥ १० ॥
धनधान्यं जयंसौख्यंसौभाग्यंनृपमान्यता ।
भवंतिसर्वदातेषांत्वत्प्रसादात्सुरेश्वर ॥ ११ ॥

હે સુરેશ્વર ! જે પૂરૂષો દૃઢ ભક્તિથી ચંદન, અગર, કપુર તથા સુગંધીયુક્ત શતપત્રો વડે આપની પૂજા કરીને ધ્યાન કરે છે તેઓને ધન, ધાન્ય, જય, સુખ, સૌભાગ્ય, તેમજ રાજાથી માન્ય આપની કૃપાથી મળે છે. ૧૦ ૧૧

रोगाग्निसर्पचौराद्यास्तेषांनप्रभवंतिहि ।
सुस्थानस्थोधिदेवेशोध्यानसर्वार्थसाधकः ॥ १२ ॥
प्रभुपंडितराजेनएतत्कृत्वातुचेतसि ।
मनुष्याणांहितार्थायगुरुनामानिसोवदत् ॥ १३ ॥
विषमस्थस्तथानृणांसर्वकष्टप्रभंजन ।
प्रत्यहंपठतेयोवैतस्यकामफलप्रदः ॥ १४ ॥

તેમજ આપનું પુજન કરનારાઓને રોગ, શત્રુ, અગ્ની, સર્પ તથા ચોર ઇત્યાદીકથી ભય થતો નથી તેથીજ પંડિતરાજે મનુષ્યોના સુખમાટે બ્રહસ્પતીના નામ કહેલાં છે તે નામોનો હમેશાં જેઓ પાઠ કરેછે તેઓને બ્રહસ્પતી સર્વ ફલને આપનાર થાય છે. ૧૨-૧૩-૧૪.

नमःसुरेंद्रवंद्यायदेवाचार्यायतेनमः ।
नमस्तनंतसामर्थ्यवेदसिद्धांतपारग ॥ १५ ॥

દેવતાઓને નમસ્કાર કરવા યોગ્ય એવા આપને હું નમસ્કાર કરૂંછું, દેવોના ગુરૂ એવા આપને હું નમસ્કાર કરૂંછું. અને હે અનંત પરાક્રમવાળા તથા હે સર્વ શાસ્ત્રોના પારને પામેલા તમને હું નમસ્કાર કરૂંછું. ૧૫

सदानंदनमस्तेस्तुनमःपीडाकरायच ।

नमोवाचस्पतेतुभ्यंनमस्तेपीतवाससे ॥ १६ ॥

હે નીરંતર આનંદવાળા, દુષ્ટ સ્થાને રહેવાથી પીડા કરનાર એવા આપને નમસ્કાર કરૂંછું, હે વાચસ્પતિ તમને નમસ્કાર છે, તથા પીતાંબરને ધારણ કરનાર એવા આપને નમસ્કાર છે. ૧૬

नमोऽद्वितीयरूपायलंबकूर्चायतेनमः ।

नमःप्रहृष्टनेत्रायाविप्राणांपतयेनमः ॥ १७ ॥

એક રૂપવાળા તથા લાંબા ભ્રૂમધ્યવાળા તમને નમસ્કાર છે, આનંદ વડે યુક્ત નેત્રાવાળા આપને નમસ્કાર છે, વીપ્રોના સ્વામી એવા તમને નમસ્કાર છે. ૧૭

नमोभार्गवशिष्यायविपन्नहितकारक ।

नमस्तेसुरसैन्यस्यविपत्तौत्राणहेतवे ॥ १८ ॥

હે વિપત્તીયુક્ત પુરૂષોની વીપત્તીને નાશ કરનાર શુક્રના શીષ્ય એવા તમને નમસ્કાર છે, તથા દેવતાઓની સેનાને વીપત્તિમાં રક્ષણ કરનાર એવા તમને નમસ્કાર છે. ૧૮

बृहस्पतिःसुराचार्योदयावान्शुभलक्षणः ।

लोकत्रयगुरुः श्रीमान्सर्वज्ञः सर्वतोविभुः ॥ १९ ॥

सर्वेशः सर्वदातुष्टः सर्वगः सर्वपूजितः ।
अक्रोधनोमुनिश्रेष्ठोनातिकर्ताजगत्पिता ॥ २० ॥
विश्वात्माविश्वकर्ताचविश्वयोनिरयोनिजः ।
भूर्भुवोधनदाताचभर्ताजीवोमहाबलः ॥ २१ ॥
पंचविंशतिनामानिपुण्यानिशुभदानिच ।
प्रातरुत्थाययोनित्यंपठद्वासुसमाहितः ॥ २२ ॥
विपरीतोपिभगवान्सुप्रीतःस्याद्बृहस्पतिः ।
नंदगोपालपुत्रेण विष्णुनाकीर्तितानिच ॥ २३ ॥

બ્રહ્સ્પતી ૧, [1]સૂરાચાર્ય ૨, દયાવાન ૩, [2]શુભ લક્ષણ ૪, [3]લોકત્રય ગુરૂ ૫, [4]શ્રીમાન્ ૬, [5]સર્વજ્ઞ ૭, [6]સર્વ વિભૂતિપતિ ૮, [7]સર્વેશ ૯, સર્વદાતુષ્ટ ૧૦, [8]સર્વગ ૧૧, [9]સર્વપુજીત ૧૨, [10]અક્રોધન ૧૩, મૂનિશ્રેષ્ટ ૧૪, નીતિકર્તા ૧૫, જગતપીતા ૧૬, વિશ્વાત્મા ૧૭, વિશ્વકર્તા ૧૮, [11]વિશ્વયોનિ ૧૯, [12]ભૂર્ભુવઃ ૨૧, [13]ધનદાતા

૧ સુરાચાર્ય એટલે દેવોના પૂરોહિત. ૨ શુભ લક્ષણ એટલે સારા લક્ષણવાળા. ૩. લોકત્રય ગુરૂ એટલે ત્રણ લોકોના ગુરૂ. ૪. શ્રીમાન્ એટલે લક્ષ્મીવાળા. ૫. સર્વજ્ઞ એટલે સર્વને જાણનાર. ૬. સર્વ વિભૂતિપતિ એટલે સંપત્તીના સ્વામી. ૭. સર્વના સ્વામી. ૮. સર્વગ એટલે સર્વત્ર રહેલા. ૯. સર્વપૂજીત એટલે સર્વેએ પૂજેલા. ૧૦. અક્રોધન એટલે ક્રોધરહિત. ૧૧. વિશ્વયોનિ એટલે વિશ્વને ઉત્પન્ન કરનાર. ૧૨. અયોનિજ એટલે જન્મરહીત. ૧૩. ધનદાતા એટલે ધનને આપનાર.

૨૨, ભર્તા ૨૩, જીત્ર ૨૪, [1]મહાબલ ૨૫, એ પ્રકારના પવીત્ર અને મંગળકારી બ્રહસ્પતીના પચીશ (૨૫) નામનો જે પુરૂષ પ્રાતઃકાળે પાઠ કરેછે તેને બ્રહસ્પતી વીપરીત હોય તોપણુ પ્રસન્ન થઇને પીડા કરતો નથી, આ બ્રહસ્પતીના નામનો પાઠ નંદજીના પુત્ર શ્રી કૃષ્ણે પણુ કરેલો છે. ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩.

बृहस्पते काश्यपेयदयावनशुभलक्षणः ।
अभीष्टफलद श्रीमनशुभग्रहनमोस्तुते ॥ २४॥

હે કશ્યપના પુત્ર! હે દયાવાન, હે શુભ લક્ષણુવાળા, હે ઇચ્છીત ફળને આપનાર, હે શોભાવાળા, હે શુભગ્રહ! હે બ્રહસ્પતી, આપને હું નમસ્કાર કરૂછું. ૨૪

बृहस्पतिः सुराचार्योदेवोसिसूरपूजितः ।
आचार्योदानवारिश्चसुरमंत्रीपुरोहितः ॥ २५ ॥

હે બ્રહસ્પતિ, આપ દેવોએ પૂજેલા અને રાક્ષસોના શત્રુ દેવોના પુરોહિત (ગોર) એવા આપ છો. ૨૫

उदयास्तेचमध्याह्नेपठेन्नित्यसमाहितः ।
पंचविंशतिनामानियःपठेत्फलदानितु ॥ २६ ॥
नवाधकाग्रहास्तस्यस्वयंदेवोविरक्षिता ।
करोतिविपुलांशांतिसर्वपापप्रमोचनम् ॥ २७ ॥

જે પુરૂષ સવાર, સાંજ તથા મધ્યાન્હે બ્રહસ્પતીના પચીસ નામનો પાઠ કરે છે, તેને ગ્રહો પીડા કરતા નથી અને બ્રહસ્પતી પોતે રક્ષણુ કરીને શાંતી કરે છે. ૨૬-૨૭

---

૧. મહા બલ એટલે અત્યંત બલવાળા.

महाकायो गतःसर्वे नन्दसुतेनपूजितः ।
रक्षाकर्ता सिंहबलो हस्तिदुष्कर्म नाशनः ॥ २८ ॥

મ્હોટી કાયાવાળા સર્વમાં વ્યાપીને રહેલા તથા નન્દજીના પુત્ર શ્રી કૃષ્ણે પૂજેલા અને રક્ષણ કરનાર સિંહ સરખા બલવાળા, અને દુષ્ટ કર્મો કરનાર પુરૂષો રૂપી હાથીઓના નાશને કરનાર એવા આપ છો. ૨૮

नमः सुरेंद्रवंद्यायदेवाचायार्यतनमः ।
पूज्यायसर्वदेवानांत्रिदशाधिपतेनमः ॥ २९ ॥

ઈંદ્રને નમસ્કાર કરવા યોગ્ય એવા આપને નમસ્કાર કરૂં છું, દેવોના પૂરોહિત (ગોર) એવા તમને નમસ્કાર કરૂં છું, સર્વ દેવોને પુજ્ય એવા તમને નમસ્કાર કરૂંછું. ૨૯

जीवोबृहस्पतिः सूरिराचार्योगरुरंगिराः ।
वाचस्पतिर्देवमंत्रीशुभंकुर्यात्सदामम ॥ ३० ॥

જીવ, બ્રહસ્પતી, સુરી, આચાર્ય, ગુરૂ, અંગીરા, વાચસ્પતી, દેવમંત્રી, એ પ્રકારનાં નામવાળા બ્રહસ્પતી મારૂં નીરંતર કલ્યાણ કરો. ૩૦

यस्यत्वंकुपितोदेवग्रहराजमहाबल ।
राज्यंसमृद्धंसौख्यंचतस्यनश्यतितत्क्षणात् ॥ ३१ ॥

હે મહાબલ યુક્ત ! હે ગ્રહરાજ, આપ જે પુરૂષ ઉપર કુપીત થાઓછો તે પુરૂષને રાજ્ય હોય તો પણ નાશ પામે છે તેમ સમૃદ્ધિ સુખ તે પણ નાશ પામે છે. ૩૧

यः पठेत्प्रयतः स्तोत्रंतस्यत्वंदातुमिच्छसि ।
पश्यतांदेवदैत्यानांविरुद्धस्यशुभंफलम् ॥ ३२ ॥

આપની જે પુરૂષો પુજા કરેછે તેઓને આપ તે રાજ્ય, સમૃદ્ધિ, અને સુખ આપોછો. ૩૨

सशैलसागरायांतुपृथिव्यांपरमेश्वर ।
देवासुरमनुष्याणांविरुद्धोसिक्षयंकरः ॥ ३३ ॥

પર્વત અને સમુદ્રો જેના ઉપર રહેલા છે એવી પૃથ્વીમાં હે પરમેશ્વર આપ દુષ્ટસ્થાનમાં હો તો જે આ પૂજન નથી કરતા એવા દેવ, રાક્ષસ, અને મનુષ્યોને ક્ષય કરનાર થાઓછો. ૩૩

त्वयिक्रुद्धेबलिर्वीरोराजावेनोनिपातितः ।
हतोभीष्मस्त्वयिक्रुद्धेराजादुर्योधनाहतः ॥ ३४ ॥

આપ કુપીત થવાથી બલીરાજા, તથા વેનરાજા પણ ક્ષયને પામેલા છે, તથા આપ ક્રોધયુક્ત થવાથી ભીષ્મ પીતામહ, તથા દુર્યોધનનું મૃત્યુ થયું. ૩૪

सुरासुरैः सुरेंद्रेणपूजितोसिसदानरैः ।
कमलैः शतपत्रैश्चपादपद्मंप्रयत्नतः ॥ ३५ ॥

ઇંદ્રાદીક દેવતાઓ અને રાક્ષસો પણ કમળ અને શતપત્રોવડે આપના ચરણકમળને પુજે છે, ૩૫

तेषांनानाविधंसौख्यंयेषां तुष्टोसितत्क्षणात् ।
जगच्चराचरंपूजांविदधातिसदैवतु ॥ ३६ ॥

સ્થાવર (વૃક્ષ પાષાણાદિક) અને જંગમાત્મક (મનુષ્યાદિક) સંપુર્ણ જગત આપની નીરંતર પૂજા કરે છે અને આપ જેઓના ઉપર પ્રસન્ન થાઓ છો, તેઓને નાના પ્રકારનું સુખ આપો છો. ૩૬

यइदंश्रुयान्नित्यंपठेद्वापिसमाहितः ।

बृहस्पतिकृतापीडातस्यनस्यात्कदाचन ॥ ३७ ॥

જે મનુષ્ય આ સ્તોત્રને ભણે અથવા સાંભળે તેને કદાપી બ્રહસ્પતી સંબંધી પીડા થતી નથી. ૩૭

इति गुरुस्तोत्रम समाप्तम् ॥

॥ अथ गुरुपूजनप्रकारः ॥

यः पुनः श्रद्धयाभक्तयाशुचिः संश्चगुरोर्दिने ।

अष्टकोष्टंततःकृत्वातन्मध्येप्रातिमांगुरोः ॥ ३८ ॥

कारयित्वातुसंस्थाप्यशुभैःपंचामृतैर्मुहुः ।

पीतयज्ञोपवीतेनपीतवस्त्रेणयत्नतः ॥ ३९ ॥

कुंकुमाद्यैश्चविविधैःपीतपुष्पैःप्रपूजयेत् ।

ततः सुदीरपंगुरुहृद्याद्वये विधिपूर्वकम् ॥ ४० ॥

શ્રદ્ધા અને ભક્તિવડે પવીત્ર થઇ ગુરૂવારને દીવસે અષ્ટકોણ મંડળ કરીને તેની મધ્યે સુવર્ણથી બનાવેલી બ્રહસ્પતીની મુર્તીનું સ્થાપન કરી પૂજન કરવું તે એવી રીતે કે, પવીત્ર એવાં પંચામૃતોવડે, તથા પીળા પીતાંબરવડે અને યજ્ઞોપવીતવડે તેમજ કંકુથી તથા નાના પ્રકારના પીળાં પુષ્પોથી પૂજન કરવું. ત્યારપછી વીધીપુર્વક બ્રહસ્પતીને સુંદર દીપ અર્પણ કરવો. ૩૮-૩૯-૪૦

नानापक्वान्ननैवेद्यंकल्पयित्वाविचक्षणः ।

आरार्तिकंविधानेनकारयित्वानमेत्सुधीः ॥ ४१ ॥

त्रिधाप्रदक्षिणीकृत्यदद्यादर्घ्यंशुभैः फलैः ।

कृतांजलिपुटोभूत्वास्तोत्रमेतदुदीरयेत् ॥ ४२ ॥

નાના પ્રકારનાં નૈવેદ્ય અર્પણ કરીને આરતી કરવી, અને સાષ્ટાંગ નમસ્કાર કરવો તથા ત્રણ વખત પ્રદક્ષિણા કરી સારા ફળોનો અર્ઘ્ય આપવો, પછી હાથ જોડીને પહેલા કહી ગયા તે (ગુરૂ સ્તોત્ર) નો પાઠ કરવો. ૪૧-૪૨

भवेच्चतस्यसुखदोमानदोधनदोगुरुः ।

जन्मांतरगतापीडातस्यनश्यतितत्क्षणात् ॥ ४३ ॥

આ પ્રકારે પુજન કરનાર પુરૂષને ગુરૂ સુખ ધન તથા માનને આપનાર થાય છે, અને બીજા જન્મે થનારી પીડા પણ નાશ પામે છે. ૪૩

॥ इतिश्री गुरुपूजनप्रकारः समाप्तिमगमत् ॥

॥ अथ पूजाप्रकारः ॥

सुमुखश्चेत्यादि०—अभिलषितमनोरथसिद्ध्यर्थं बृहस्पतिपूजनमहंकरिष्ये ॥

પ્રથમ ગણપતી સ્મરણના મંત્રો ભણીને સંકલ્પ કરવો, પ્રથમ માસ, પક્ષ, તીથી, વાર, યોગ ઇત્યાદિકનું ઉચ્ચારણ કરીને 'મારા ઇચ્છેલા મનોરથ સિદ્ધ થવાને હું બ્રહસ્પતિનું પૂજન કરીશ.' એ પ્રકારે બોલી સંકલ્પ કરવો.

॥ अथ नाम पूजा ॥

बृहस्पतये नमः आवाहनमः ॥

હવે બ્રહસ્પતીના આવાહનનો મંત્ર કહે છે.

अहोवाचस्पतेप्रीत संजात सिंधुमंडले ।
एह्यांगिरसगोत्रेयगजारूढचतुर्भुज ॥ १ ॥

સિંધુ મંડળમાં ઉત્પન્ન થએલા, તથા હે ચાર હાથવાળા, અને આંગીરસ ગોત્રવાળા હાથી ઉપર બેસનાર હે ગુરૂ, આપ અત્રે પધારો. ૧

१ बृहस्पतयेनमः १ सुराचार्यानमः २ दयावतेनमः ३ शुभलक्षणांयनमः ४ लोकत्रयगुरवेनमः ५ श्रीपतयेनमः ६ सर्वज्ञाय० ७ सर्वाविभूतिपतयेनमः ८ सर्वेशायनमः ९ सर्वदातुष्टाय० १० सर्वगाय० ११ सर्वपूजिताय० १२ अक्रोधनाय० १३ मुनिश्रेष्ठाय० १४ नीतिकर्त्रेनमः १५ जगत्पीतायनमः १६ विश्वात्मनेनमः १७ विश्वकर्त्रे० १८ विश्वयोनये० १९ अयोनिजाय० २० भूर्भुवाय० २१ धनप्रदाय० २२ भर्त्रे० २३ जीवाय० २४ महाबलाय० ।

૧ બ્રહસ્પતીને નમસ્કાર છે. ૧ સૂરાચાર્યને નમસ્કાર છે. ૨ દયાવાનને નમસ્કાર છે. ૩ શુભ લક્ષણવાળાને નમસ્કાર છે. ૪ લોકત્રય ગુરૂને નમસ્કાર છે. ૫ શ્રીપતીને નમસ્કાર છે. ૬ સર્વજ્ઞને નમસ્કાર છે. ૭ સર્વ વિભૂતિપતિને નમસ્કાર છે. ૮ સર્વેશને નમસ્કાર છે. ૯ સર્વદા સંતુષ્ટ એવાને નમસ્કાર છે. ૧૦ સર્વગને નમસ્કાર

છે. ૧૧ સર્વ પુજીતને નમસ્કાર છે. ૧૨ અક્રોધનને નમસ્કાર છે. ૧૩ મુનિશ્રેષ્ઠને નમસ્કાર છે. ૧૪ નીતિકર્તાને નમસ્કાર છે. ૧૫ જગત્પ્રીતને નમસ્કાર છે. ૧૬ વિશ્વાત્માને નમસ્કાર છે. ૧૭ વિશ્વકર્તાને નમસ્કાર છે. ૧૮ વિશ્વયોનિને નમસ્કાર છે. ૧૯ અયોનિજને નમસ્કાર છે. ૨૦ ભૂર્ભુવને નમસ્કાર છે. ૨૧ ધનપ્રદને નમસ્કાર છે. ૨૨ ભર્તાને નમસ્કાર છે. ૨૩ જીવને નમસ્કાર છે. ૨૪ મહા બલને નમસ્કાર છે.

इति चंदनं अक्षताः पुष्पंधूपंदीपं नैवेद्यंतांबूलंफलं दक्षिणा फलार्घ्यआरार्तिकंप्रदक्षिणानमस्कारम् स्तुतिपाठः ब्राह्मणपूजा

એ પ્રમાણે ચંદન, અક્ષત, પુષ્પ, ધુપ, દીપ, નૈવેધ, તાંબુલ, દક્ષિણા ફલને અર્ધ્ય, આરતી, પ્રદક્ષિણા, નમસ્કાર ઇત્યાદિ ઉપચારોથી પૂજા કરવી. પછી ગુરૂ સ્ત્રોત્રનો પાઠ કરવો. પછી બ્રાહ્મણની પુજા કરવી.

शक्रादिदेवैः परिपूजितोसित्वंजीवभूतोजगतोहिताय ।
ददातियोनिर्मलशास्त्रबुद्धिंसवाक्पतिर्मेवितनोतुलक्ष्मीम् ॥१॥

હે બ્રહસ્પતી! આપની ઇંદ્રાદીક દેવોએ પૂજા કરેલી છે, આપ જગતના પ્રાણરૂપ છો, તથા જે નીર્મળ એવી શાસ્ત્રની બુદ્ધિને આપે છે, તે બ્રહસ્પતી મારી લક્ષ્મીને વધારો. ૧

॥ इति पूजा ॥

अथातः संप्रवक्ष्यामिरहस्यंह्येतदुत्तमम् ।
येनलक्ष्मीर्धृतिः पुष्टिस्तुष्टिःकांतिश्चजायते ॥ १ ॥

હવે ઘણી ઉત્તમ અને છાની વાત કહું છું, કે જેનાથી ધૃતિ, પુષ્ટિ, તુષ્ટિ તથા કાંતી, એઓની વૃદ્ધિ થાય છે. ૧

गुरुंचैवानुराधासुपूजयेद्भक्तितोनरः ।
पूर्वोक्तविधिनायोगेसप्तमासान्समाचरेत् ॥ २ ॥

મનુષ્યે ભક્તિપૂર્વક પૂર્વે કહેલા વીધિથી અનુરાધા નક્ષત્રમાં સાત માસ પર્યંત બ્રહસ્પતીનું પૂજન કરવું. ૨

हैमंहेममयेपात्रंस्थापयित्वाबृहस्पतिम् ।
पीतांबरयुगच्छन्नंपीतयज्ञोपवीतिनम् ॥ ३ ॥
पादुकोपानहच्छत्रंकमंडलुविभूषितम् ।
पूज्यस्तुपीतकुसुमैःकुंकुमेमचपूजयेत् ॥ ४ ॥

સુવર્ણ વડે બ્રહસ્પતીની મુર્તી બનાવીને× તે બ્રહસ્પતીને સોનાના પાત્રમાં સ્થાપન કરવા અને પીતાંબર તથા યજ્ઞોપવીત, પાવડીઓ, જોડા, છત્રી, કમંડળ ઇત્યાદિક તેમની પાસે મૂકવાં અને પીળાં પુષ્પ તથા ચંદનથી પૂજા કરવી. ૩-૪

धूपदीपादिभिर्दिव्यैः फलैश्चंदनतंडुलैः ।
खंडखाद्योपहारैश्चगुरोरग्रेनिवेदयेत् ॥ ५ ॥

સુગંધીદાર ધુપ તથા ઘીના દીવાથી અને નાના પ્રકારનાં ફળોથી પુજન કરવું અને સાકર ઇત્યાદીકથી યુક્ત તેમને નૈવેદ્ય ધરાવવું. ૫

धर्मशास्त्रार्थतत्वज्ञज्ञानविज्ञानपारग ।
विबुधार्तिहराचिंत्यदेवाचार्यनमोस्तुते ॥ ६ ॥

× તે મૂર્તીને પ્રાણપ્રતિષ્ઠાદીક સંસ્કાર કરીને.

હે ધર્મશાસ્ત્રના તત્વાર્થને જાણુનાર ! હે જ્ઞાન (શાસ્ત્રે કહેલું) તથા વિજ્ઞાન (અનુભવ યુક્ત જ્ઞાન)ના પારને પામેલ ! હે વિદ્વાનોની પીડાને નાશ કરનાર, હે દેવોના આચાર્ય (ગોર) આપને નમસ્કાર છે. ૬

होमंघृततिलैःकुर्याद्गुरुनाम्नाचमंत्रवित् ।
समिधाष्टोत्तरशतमष्टाविंशतिरेववा ॥ ७ ॥

મંત્ર જાણુનાર પુરૂષે "**गुरवे नमः**" એ મંત્રથી ઘી તથા તલથી હોમ કરવો તથા સમીધોવડે એકસોઆઠ (૧૦૮) અથવા તો અઠાવીશ (૨૮) આહુતીઓ આપવી. ૭

होतव्यामधुसर्पिर्भ्यांदध्नाचैवघृतेनच ।
पैप्पलाः समिधोज्ञेयाः सर्वशास्त्रप्रमाणतः ॥ ८ ॥

દહીં, તથા ઘી, અને મધ, તેનાથી હોમ કરવો, તથા સર્વ શાસ્ત્રના પ્રમાણુથી પીંપળાના કાષ્ટની, બ્રહસ્પતીની સમીધો જાણુવી.૮

इमंस्तवंमहापुण्यंसर्वपापहरंशिवम् ।
तुष्टिपुष्टिकरंनृणांगुरुविक्रांतिनाशनम् ॥ ९ ॥

આ સર્વ પાપને નાશ કરનાર તથા પવીત્ર મનુષ્યોને તુષ્ટિ તથા પુષ્ટીને આપનાર અને ગુરૂ સંબંધી પીડાને નાશકારી એવું આ સ્તોત્ર છે. ૯

विषमस्थेगुरौकार्यामहाशांतिरियंनृभिः ॥ १० ॥

બ્રહસ્પતી દુષ્ટ સ્થાને હોય ત્યારે મનુષ્યોએ આ ગુરૂશાંતીનો હોમ કરવો જોઇએ. ૧૦

હવે બ્રહસ્પતીનું દાન કહે છે.

शर्कराच रजनी तरङ्गमः पीतधान्यमपिचपिताम्बरम् ।
पुष्परागलवणे च काञ्चनं प्रीतये सुरगुरोःप्रदीयताम् ॥११॥

દાન—સાકર, હલદર, ઘોડો, પીળું ધાન્ય, પીતાંબર, પોખરાજ નામનું નંગ, મીઠું, અને સોનુ એ પ્રકારનું બ્રહસ્પતીને પ્રસન્ન કરવાને દાન કરવું. ૧૧

॥ इतिश्री भविष्योत्तरपुराणे बृहस्पति पाठः समाप्तः ॥

अथ बृहस्पतेर्मन्त्रः ॥

હવે બ્રહસ્પતીનો મંત્ર કહેછે.

देवानांच ऋषीणांच गुरुं कांचनसन्निभम् ।
बुद्धिभूतंत्रिलोकेशंतंनमामिबृहस्पतिम् ॥ १ ॥

ટીકા—આ મંત્રનો ભાવાર્થ પહેલાં આવેલો છે.*

॥ इति बृहस्पति पूजन सम्पूर्णम् ॥

* ગુરૂસ્તોત્રના પાંચમા શ્લોકની ટીકા વાંચો.



अथ शुक्र पूजनम् ॥

॥ तत्रादौ शुक्र पूजाविधिः ॥

હવે શુક્રની પૂજાનો વિધિ કહે છે.

गोचराष्टकवर्गेषुदुष्टस्थःस्यादभृगुर्यदा ।
तदापूजाप्रकर्तव्याशुक्रारिष्टविनाशिनी ॥ १ ॥

ચાલતા ગ્રહોમાં જ્યારે શુક્ર નબળો હોય ત્યારે તેના દોષને નાશ કરનારી શુક્રની પુજા કરવી. ૧

स्थाप्यैनंतंडुलैः श्वेतैः श्वेतवस्त्रैर्भृगुंततः ।
पंचकोणंलिखेत्पद्मंतस्मिन्काव्यंसमर्हयेत् ॥ २ ॥

હવે તે પુજા કરવાનો વિધિ બતાવે છે.

ધોળા વસ્ત્ર ઉપર ચોખાવડે પાંચ પાંખડીવાળા કમળ જેવો આકાર કરી પછી તે મંડળ ઉપર શુક્રની મૂર્તીનું સ્થાપન કરીને પુજન કરવું. ૨

सोमतुल्याकृतिंप्राज्ञंदानवानांपुरोहितम् ।
त्रातारंसर्वदैत्यानांशुक्रमावाहयाम्यहम् ॥ ३ ॥

પછી આ પ્રકારે બોલી શુક્રનું આવાહન કરવું.

ચંદ્ર સરખી આકૃતીવાળા, તથા વિદ્વાન, અને રાક્ષસોના પૂરોહિત (ગોર) તથા સર્વ દૈત્યોના રક્ષણને કરનાર એવા શુક્રનું હું આવાહન કરૂંછું. ૩

भोभोभोजकटेजात शुक्रश्वेताश्ववाहन ।
समागच्छचतुर्बाहोभृगुगोत्रविभूषणं ॥ ४ ॥
परिघाक्षावलीहस्तकमंडलुधरमभो ।
शुक्रवत्पूर्वपत्रेषुशुक्रज्योतिःप्रपूजयेत् ॥ ५ ॥

હે ભોજકટ નામના દેશમાં ઉત્પન્ન થએલા, હે ધોળા ઘોડાના વાહનવાળા, હે ચાર ભૂજાવાળા તથા હે ભ્રગુ રૂષીના ગોત્રને શોભા આપનાર શુક્ર, આપ અતરે પધારો. હે પ્રભુ, આપ પરીઘ, તથા કમંડળ અને અક્ષ માળાને ધારણ કરનાર છો. આ પ્રકારે બોલી આવાહન કરવું. ૪–૫

तंडुलैश्चंदनैःपुष्पैःश्वेतैर्वाकमलैस्तथा ।
सुमभैराजपुष्पैश्चकालोत्थैःशतपत्रकैः ॥ ६ ॥

पूजयेद्भार्गवंचैवमेकाविंशातिनामाभिः ।
प्रणवाद्यैश्चतुर्थ्यंतैःपंचकोणप्रपूजयेत् ॥ ७ ॥

એ પ્રકારે આવાહન કરી પછીથી સુગંધીયુક્ત ચંદન તથા પુષ્પોવડે તથા ચોખાવડે તેમજ ધોળા રંગના કમળોવડે તથા શત પત્રોવડે શુક્રના એકવીશ નામોથી શુક્રનું પૂજન કરવું, તે શુક્રના નામનો પ્રથમ ૐકાર બોલવો અને નામ ચતુરથી અંતમાં આવે તેમ બોલી નમસ્કારપૂર્વક પૂજા કરવી. નામ બોલવાને માટે ઉદાહરણ જેમકે ×ૐ शुक्राय नमः ઇતિ. ૬–૭

भृगुपुत्रायकाव्यायनमश्चोशनसेक्रमात् ।
दैत्याचार्यायशुक्रायभार्गवायद्विजन्मने ॥ ८ ॥
क्रतवेक्रतुरूपायमृतसंजीवनीभृते ।
पूर्वगीर्वाणवंद्यायकवयशुरमांत्रणे ॥ ९ ॥
हितकर्त्रेचजगतांनेत्ररूपायतेनमः ।
देवयान्याश्चशुरवेकचविद्याप्रदायिने ॥ १० ॥
कचजीवितदात्रेचययातिश्वशुरायच ।
ययातिशापदात्रेचपंचकोणायतेनमः ॥ ११ ॥

×ૐકાર અધિકારી પુરૂષેજ લેવો જોઇએ કેમકે અધિકાર વિના જે પુરૂષ ૐકાર અથવા તો વેદમંત્રનો ઉચ્ચાર કરેછે તે પ્રત્યવાયી થાય છે. ઇતિ. ૐ આ ઠેકાણે સઘળા નામ ચતુર્થ્યંત છે, પરંતુ વાંચનારને એકવીશ નામ સ્પષ્ટ રીતે જણાઇ આવે માટે ટીકામાં પ્રથમાંત લખ્યાં છે, ઇતિ.

હવે શુક્રનાં એકવીશ નામ બતાવે છે.

ૐ ભ્રગૂપુત્ર ૧, કાવ્ય ૨, ઉશનસ ૩, દૈત્યાચાર્ય ૪, શુક્ર ૫, ભાર્ગવ ૬, દ્વિજન્મન્ ૭, ક્રતુ ૮, ક્રતુરૂપ ૯, મૃતસંજીવની ભ્રત ૧૦, (મૃત સંજીવની વિદ્યાનો જાણનાર) ગીર્વાણવંદ્ય ૧૧, (દેવોને નમસ્કાર કરવાને યોગ્ય) કવિ ૧૨, શુરમંત્રી ૧૩, હિતકર્તા ૧૪, જગન્નેત્રરૂપ ૧૫, (ત્રણે જગતના નેત્રરૂપ) દેવયાનિ ગુરૂ ૧૬, (દેવયાનીના પીતા) કચ વિદ્યાપ્રદાથી ૧૭, (કચ નામે બ્રહસ્પતીનો પુત્ર હતો. તેને શુક્રાચાર્યે વિદ્યા ભણાવી હતી.) કચ જીવીતદાતા ૧૮. (તે કચને ઘણી વિદ્યા ભણેલો જોઇ રાક્ષસોએ વીચાર કર્યો કે આ બ્રહસ્પતીનો પુત્ર આપણા ગુરૂ પાસેથી વીદ્યા ભણી બળવાન થયો છે માટે જો તે હવે સ્વર્ગમાં જશે તો પછી ઇંદ્ર તરફ થઇ આપણા સર્વેનો નાશ કરશે માટે આને આપણે અહિંજ મારી નાંખીએ એ પ્રકારે રાક્ષસોએ ગોઠવણ કરીને તે કચને રાક્ષસોએ શુક્રાચાર્ય ન જાણે તેમ મારી નાંખ્યો, પછી શુક્રાચાર્યને જાણ પડવાથી તેને જીવાડયો છે. એ પ્રકારે પુરાણમાં પસીદ્ધ છે અત્રે ગ્રંથ વધી પડે માટે નથી લખતા, ઇતિ.) યયાતીશ્વશુર ૧૯, (યયાતી રાજાના સસરા) યયાતી શાપદાતા ૨૦, પંચકોણ ૨૧. ૮. ૯. ૧૦. ૧૧.

एभिश्चनामाभिः पूज्यः पंचकोणस्थभार्गवः ॥
चंदनागरुकस्तूरीबिल्वपुष्पोपहारकैः ॥ १२ ॥
आरार्तिकैश्चनैवेद्यैर्नानापक्वान्नसंभवैः ॥
तांबूलैर्दीपदानैश्चपूजितस्तुष्टिदःसदा ॥ १३ ॥

આ પ્રકારના નામોવડે મંડળમાં રહેલા શુક્રનું પુજન કરવું, ચંદન, અગરૂ, કસ્તુરી, બીલી તથા પુષ્પ ઇત્યાદિ નાના પ્રકારની

ભેટોવડે, તથા આરતી અને નાના પ્રકારના પક્વાનના નૈવેદ્યવડે, તેમજ તાંબુલ, દીપ, ઇત્યાદીક ઉપચારોવડે પુજા કરવાથી શુક્ર પીડા કરતો નથી. ૧૨-૧૩

षष्ठेनोशनसादैत्योहिरण्यकशिपुर्मृतः ॥
सप्तमेनगतोरण्यंराज्यभ्रष्टोयुधिष्ठिरः ॥ १४ ॥
दशमेनरघुश्रेष्ठोरामः प्रव्राजितोवनम् ॥
द्वादशेनैवशुक्रेणरावणो निधनंगतः ॥ १५ ॥

"દુષ્ટ સ્થાનમાં રહેલો શુક્ર હાનીકર્તા થાય છે, તે વાતને દ્રઢ કરવાને પુરાણોના દાખલા બતાવે છે"—છઠો શુક્ર હોવાથી હીરણ્યકશીપુનું મૃત્યુ થયું, તથા સાતમો શુક્ર હોવાથી યુધીષ્ઠીર રાજ્યથી ભ્રષ્ટ થઇને વનમાં ગયા, તેમજ દશમો શુક્ર હોવાથી રામચંદ્રને પણ વનમાં જવું પડયું હતું, અને બારમો શુક્ર હોવાથી રાવણ મૃત્યુ પામ્યો. ૧૪-૧૫.

गोचरेजन्मकालेवायदाऽनिष्टोभृगुर्भवेत् ।
तदापूजाप्रकर्तव्यादानानिविधानिच ॥ १६ ॥

ચાલતા ગ્રહોમાં અથવા જન્મકુંડળીમાં શુક્ર નબળો હોય, ત્યારે પૂજા કરવી અને નાના પ્રકારનાં દાન કરવાં. ૧૬.

जपोहोमस्तथाशांतिःस्तुतिपाठः प्रयत्नतः ॥
कर्तव्योवरयेद्विप्रंशास्त्रज्ञंमंत्रकोविदम् ॥ १७ ॥

મંત્ર તથા શાસ્ત્રને જાણનાર બ્રાહ્મણનું વરણ કરીને પાઠ, હોમ, તથા શાંતિ ઇત્યાદિ કરવાં. ૧૭

विप्रेप्रसन्नेशुक्रोपिप्रसन्नः स्नान्नसंशय ॥
तस्माद्वस्त्रैश्चरत्नैश्चसुवर्णैर्यानसंचयैः ॥ १८ ॥
घृतैश्चशर्कराभिश्चफलैः शाकैः समाहिता ॥
पश्चाच्छुक्रस्यप्रीत्यर्थंदद्याद्दानंद्विजन्मने ॥ १९ ॥

બ્રાહ્મણ પ્રસન્ન થવાથી શુક્ર પણ પ્રસન્ન થાય છે તેમાં કાંઇ પણ સંશય નથી, તેટલા માટેજ વસ્ત્ર, રત્ન, સુવર્ણ, તથા વાહન (ધોળો ઘોડો) ઘી, સાકર, નાના પ્રકારનાં ફળ, ઇત્યાદિક ઉપચારોથી બ્રાહ્મણની પણ પૂજા કરવી, અને પછી શુક્રને પ્રસન્ન કરવાને શુક્રનું દાન કરવું. ૧૮. ૧૯.

पूजाकर्त्रेप्रदातव्यंगणकायप्रयत्नतः ॥
तद्दानानिप्रवक्ष्यामिभार्गवस्यमहात्मनः ॥ २० ॥

ઘણું કરીને પૂજા કરાવનારનેજ તે દાન આપવું, હવે તે દાન હું કહું છું. ૨૦.

चित्रांम्बरंशुभ्रतरस्तुरङ्गो धेनुसवत्सारजतंसुवर्णम् ॥
सतण्डुलंचोत्तमगन्धयुक्तं वदन्तिदानंभृगुनन्दनस्य ॥२२॥

॥ इति भृगुदानमुक्तम् ॥

ચીત્ર વિચીત્ર વસ્ત્ર, ધોળો ઘોડો, વાછડીવાળી ગાય, રૂપું, સોનું, ચોખા, ઉત્તમ સુગંધી પદાર્થ, આ વસ્તુવાળા દાનને 'શુક્રનું દાન' કહે છે. ૨૧

स्तुतिपाठंप्रकुर्याच्चप्रांजलिः प्रयतोद्विजः ॥
यजमानः प्रयत्नेनशृणुयाद्भक्तिसंयुतः ॥ २२ ॥

પછી તે બ્રાહ્મણે હાથ જોડી શુક્રનો પાઠ (સ્તોત્ર) ભણવો, અને યજમાને ભક્તિયુક્ત થઇ સાંભળવો. ૨૨

॥ इति पूजा विधिः ॥

॥ *अथ शुक्र स्तोत्रम् ॥

હવે શુક્રનો સ્તોત્ર પાઠ કહે છે.

नमस्तेभार्गवश्रेष्ठदैत्यदानवपूजित ॥
वृष्टिरोधप्रकर्त्रेचवृष्टिकर्त्रेनमोनमः ॥ २३ ॥

હે ભાર્ગવ ગોત્રમાં શ્રેષ્ઠ! હે દૈત્ય દાનવોએ પૂજેલા! તમને નમસ્કાર છે, વૃષ્ટીને રોકનાર એવા આપને નમસ્કાર છે, વૃષ્ટી કરનાર આપને નમસ્કાર છે. ૨૩

देवयानीपितस्तुभ्यंवेदवेदांगपारग ॥
परेणतपसाशुद्धःशंकरोलोकसुंदरः ॥ २४ ॥

હે દેવયાનીના પિતા! હે વેદ તથા વેદનાં +છ અંગને જાણનાર! તમને નમસ્કાર છે, આપ તપ કરવાથી શુદ્ધ થએલા છો, તથા લોકોને કલ્યાણ આપનાર છો. ૨૪

प्राप्तोविद्यांजीवनाख्यांतस्मैशुक्रात्मनेनमः ॥ २५ ॥

સંજીવની વિદ્યાને પામેલા શુક્રને નમસ્કાર છે. ૨૫

---

* આ પાઠ ભણવાનો છે.

+વેદનાં છ અંગ જેવાં કે–છંદ ૧, કલ્પ ૨, જ્યોતિષ ૩, નિરૂક્ત ૪, શિક્ષા ૫, વ્યાકરણ ૬.

नमस्तस्मैभगवतेःभृगुपुत्रायवेधसे ॥

तारामंडलमध्यस्थस्वभासाभासितांबर ॥ २६ ॥

હે નક્ષત્રોના મંડળમાં રહેલા ! હે પોતાની કાંતીવડે આકાશને પ્રકશીત કરનાર, ભ્રગુના પુત્ર એવા આપને નમસ્કાર છે. ૨૬

यस्योदयेजगत्सर्वंमंगलार्हंभवेदिह ॥

अस्तंयातेह्यरिष्टंस्यात्तस्मैमंगलरूपिणे ॥ २७ ॥

જેનો ઉદય થવાથી આ જગતમાં સર્વ માંગળીક થાય છે, અને જેનો અસ્ત થવાથી અમાંગળીક થઈ જાય છે, એવા મંગળરૂપ આપને નમસ્કાર છે. ૨૭

त्रिपुरावासिनोदैत्यान्शिवबाणप्रपीडितान् ॥

विद्ययाजीवयच्छुक्रोनमस्तेभृगुनंदन ॥ २८ ॥

ત્રીપુરાસુરના બનાવેલા નગરોમાં રહેનારા, અને મહાદેવના બાણથી પીડાયેલા દૈત્યોના જે શુક્રાચાર્યે પોતાની વિદ્યા બળવડે જીવાડયા હતા, તેમને નમસ્કાર છે. ૨૮

ययातिगुरवेतुभ्यंनमस्तेकाविनंदन ॥

बलिराज्यप्रदोजीवस्तस्मैजीवात्मनेनमः ॥ २९ ॥

હે કવિઓને આનંદ આપનાર ! યયાતી રાજાના ગુરૂ એવા આપને નમસ્કાર છે, બલીરાજાને રાજ્ય આપનાર જીવરૂપ તમને નમસ્કાર છે. ૨૯

भार्गवायनमस्तुभ्यंपूर्वगीर्वाणवंदित ॥

जीवपुत्राययोविद्यांप्रादात्तस्मैनमोनमः ॥ ३० ॥

પૂર્વે દેવોએ નમસ્કાર કરેલા! ભાર્ગવ નામવાળા આપને નમસ્કાર છે, જેણે બ્રહસ્પતીના પુત્ર કચને વિદ્યા ભણાવી હતી તે શુક્રને નમસ્કાર છે. ૩૦.

नमःशुक्राचक्राव्यायभृगुपुत्रायधीमहि ॥
नमःकारणरूपायनमस्तेकारणात्मने ॥ ३१ ॥

શુક્ર એવા, કાવ્ય એવા આપને નમસ્કાર છે, ભ્રગુ પુત્રનું હું ધ્યાનં કરૂં છું, તથા સર્વના કારણરૂપ આપને નમસ્કાર કરૂ છું. ૩૧

स्तवराजमिमपुण्यंभार्गवस्यमहात्मनः ॥
यःपठेच्छणुयाद्वापिलभतेवांच्छितंफलम् ॥ ३२ ॥

શુક્રના મહાત્મ્યનું જે આ સ્તોત્ર છે તેનો જે પુરૂષ પાઠ કરે અથવા સાંભળે તો તેને મનવાંછીત ફળની પ્રાપ્તિ થાય છે. ૩૨

पुत्रकामोलभेत्पुत्राञ्छ्रीकामोलभतेश्रियम् ॥
राज्यकामोलभेद्राज्यंस्त्रीकामः स्त्रियमुत्तमाम् ॥ ३३ ॥

પુત્રની ઇચ્છાવાળાને પુત્ર મળે છે, લક્ષ્મીની ઇચ્છાવાળાને લક્ષ્મી પ્રાપ્ત થાય છે, રાજ્યની ઇચ્છાવાળા પુરૂષને રાજ્ય મળે છે, સ્ત્રીની કામનાવાળા પુરૂષને ઉત્તમ કુળવાન સ્ત્રી મળે છે. ૩૩

भृगुवारेप्रयत्नेनपठितव्यंसमाहितः ॥
अन्यवारेतुहोरायांपूजयेद्भृगुनंदनम् ॥ ३४ ॥

આ સ્તોત્રનો શુક્રવારે એકચીત્ત થઇ પાઠ કરવો, તથા શુક્રનું પૂજન કરવું. ૩૪

रोगार्तोमुच्यतेरोगाद्भयार्तोमुच्यतेभयात् ॥
यद्यत्प्रार्थयतेजंतुस्तत्तत्प्राप्नोतिसर्वदा ॥ ३५ ॥

એ પ્રકારે કરવાથી રોગી હોય તેનો રોગ નાશ થાય છે, તથા કોઇ પણ જાતનો ભય હોય તો તે ભય નાશ થાય છે, અને મનની અંદર જે વસ્તુ મેળવવાને ઇચ્છે તે તે વસ્તુ તેને પ્રાપ્ત થાય છે. ૩૫

प्रातःकालेप्रकर्तव्याभृगुपूजाप्रयत्नतः ॥
सर्वपापाविनिर्मुक्तःप्राप्नुयाच्छिवसन्निधिम् ॥ ३६ ॥

અને ધ્યાનું કરી શુક્રની પૂજા પ્રાતઃકાળે કરવી, આ પ્રકારે કરવાથી મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થઇ મહાદેવના પાસે જાય છે. ૩૬

॥ इतिश्री स्कन्दपुराणे शुक्रस्तोत्रम् सम्पूर्णम् ॥

॥ अथ शुक्रैकविंशति नामानि ॥

भृगुपुत्रायनमः ॥ १ ॥ काव्यायनमः ॥ २ ॥ उशनसेनमः ॥ ३ ॥ क्रतवेनमः ॥ ४ ॥ दैत्याचार्याय० ॥ ५ ॥ शुक्रायन० ॥ ६ ॥ भार्गवाय० ॥ ७ ॥ मृतसंजीविनीभृतोक ॥ ८ ॥ द्विजात्मने ॥९॥ क्रतुरूपाय० ॥१०॥ पूर्वगीर्वाणवंद्याय० ॥ ११ ॥ कवयेनम० ॥ ११ ॥ असुरमंत्रिणेन० ॥ १३ ॥ हिमनेत्राय० ॥ १४ ॥ जगतांनेत्र रूपाय० ॥ १५ ॥ कचविद्याप्रदायिने० ॥ १६ ॥ देवयानीगुरवेनमः ॥ १७ ॥ कचजीवितदात्रे ॥१८॥ ययातिश्वशुराय० ॥ १९ ॥ ययातिशापदात्रे० ॥ २० ॥ पंचकोणाय० ॥ २१ ॥

ભ્રગુ પુત્રને નમસ્કાર છે. ૧ કાવ્યને નમસ્કાર છે. ૧ ઉશન-સને નમસ્કાર છે. ૩ કતુને નમસ્કાર છે. ૪ દૈત્યાચાર્યને નમસ્કાર છે. ૫ શુક્રને નમસ્કાર છે. ૬ ભાર્ગવને નમસ્કાર છે. ૭ મૃતસંજીવની વિદ્યાને ધારણ કરનારને નમસ્કાર છે. ૮ દ્વીજાત્મનને નમસ્કાર છે. ૯ યજ્ઞરૂપને નમસ્કાર છે ૧૦ દેવોને નમન કરવા યોગ્યને નમસ્કાર છે. ૧૧ કવિને નમસ્કાર છે. ૧૨ દૈત્યોના મંત્રીને નમસ્કાર છે. ૧૩ હીમ નેત્રને નમસ્કાર છે. ૧૪ જગતોના નેત્રરૂપને નમસ્કાર છે. ૧૫ બ્રહ્મસ્પતીના પુત્ર કચને વિદ્યા આપનારને નમસ્કાર છે. ૧૬ દેવયાનીના પીતાને નમસ્કાર છે. ૧૭ કચને જીવાડનારને નમસ્કાર છે. ૧૮ યયાતી રાજાના સસરાને નમસ્કાર છે. ૧૯ યયાતીને શાપ આપનારને નમસ્કાર છે. ૨૦ પંચકોણવાળાને નમસ્કાર છે. ૨૧

॥ इति शुक्रैकविंशति नामानिं ॥


॥ अथ शुक्र मंत्रः ॥

હવે શુક્રનો મંત્ર કહે છે.

हिमकुन्दमृणालाभं दैत्यानां परमं गुरुम् ॥
सर्वशास्त्रप्रवक्तारं भार्गवं प्रणमाम्यहम् ॥ १ ॥

માઘ માસમાં થનારા કમળના બીસતંતુના સરખી શ્રેષ્ટ કાંતિ-વાળા, અને દૈત્યોના શ્રેષ્ટ ગુરૂ, તથા સર્વ શાસ્ત્રોને જાણનાર એવા શુક્રને હું નમસ્કાર કરૂં છું. ૧

॥ इति शुक्र पूजनं सम्पूर्णम् ॥



अथ शनि पूजनम् ॥

(હવે શનીનું પૂજન કહે છે.)

ईश्वर उ० रघुवंशोतिविख्यातोराजादशरथः प्रभुः ॥
बभूवचक्रवर्तीचसप्तद्वीपाधिपोवली ॥ १ ॥

મહાદેવજી કહે છે, રઘુરાજાના વંશમાં પ્રસિદ્ધ અને ચક્રવર્તી એવો તથા સાતે દ્વીપનો રાજા એવો દશરથ નામે રાજા થયો ૧

कृत्तिकांतेशनिर्यातोदैवज्ञैर्ज्ञापितोहिसः ॥
रोहिणींभेदयित्वातुशनिर्यास्यतिसांप्रतम् ॥ २ ॥
शकटंभेदयित्वातुसुरासुरभयंकरः ॥
द्वादशाब्दंतुदुर्भिक्षंभविष्यतिसुदारुणम् ॥ ३ ॥

કોઇ સમય તે દશરથરાજાને જ્યોતિષને જાણનાર વિદ્વાનોએ કહ્યું કે–"હાલમાં કૃત્તિકા નક્ષત્રના અંતમાં શની આવેલો છે, તે શની હવે રોહીણી નક્ષત્રના શકટને (જેને આપણા દેશના ખેડુતો 'ગાલ્લી, કહે છે.) ભેદીને જશે, તેથી બાર વર્ષ સુધી દુકાળ પડશે.*" ૨–૩

इतिश्रुत्वाततोवाक्यंमंत्रिभिः सहपार्थिवः ॥
मंत्रयामासकिमिदंभयंकरमुपास्थितम् ॥ ४ ॥

એ પ્રકારે જ્યોતિષિઓનું વચન સાંભળીને દશરથરાજા પોતાના પ્રધાનો સહિત. "અરે, આ શું ભયંકર કષ્ટ પ્રાપ્ત થયું" એ પ્રકારે વિચારવા લાગ્યા. ૪

देशाश्चनगरग्रामाभयभीतास्तदाभवन् ॥
ब्रुवंतिसर्वलोकाश्चक्षयएषसमागतः ॥ ५ ॥

તે વખતમાં દેશ, નગર, ગામ, તથા સર્વ લોકો ભયભીત થઇ ગયા, અને કહે છે કે–"અરે, આ સર્વેનો ક્ષય પ્રાપ્ત થયો." ૫

आकुलंचजगद्दष्ट्वापौरजानपदादिषु ॥
पप्रच्छप्रयतोराजावसिष्ठंमुनिपुंगवम् ॥ ६ ॥

---

*વરાહમિહિરે, પોતાની સંહિતામાં કહ્યું છે કેઃ—

यदिभिन्ते सूर्यसूतो रोहिण्याः शकटमिलोके ॥
द्वादशवर्षाणितदा नहि वर्षति वासवोभूमौ ॥ १० ॥

શનૈશ્ચર જો કે રોહિણી શકટને ભેદે, તો બાર વર્ષ પર્યંત આ પૃથ્વીમાં ઇંદ્ર વરસાદ વરસાવે નહિ.

આ પ્રકારે સર્વ ઠેકાણે જગતને આકુલ જોઇને દશરથરાજાએ મુનીઓમાં શ્રેષ્ઠ એવા વશિષ્ઠને પૂછ્યું. ૬

संविधानंकिमस्यास्तिवदमांद्विजसत्तम ॥ वसिष्ठउवाच ॥
प्रजानांपरिरक्षार्थंतस्मिनभिन्नेकुतः ॥ ७ ॥

હે બ્રાહ્મણોના મધ્યે શ્રેષ્ઠ! આ થનાર ઉત્પાતની શાંતીનો ઉપાય છે? વસિષ્ઠ કહે છે, અરે, તે રોહીણી શકટને શનૈશ્ચર ભેદશે ત્યારે તો પ્રજાનું રક્ષણ કેવી રીતે થનાર છે. ૭

प्राजापत्यंसनक्षत्रंशनिर्यास्यतिसांप्रतम् ॥
इमंयोगमसाध्यंतुब्रह्मशक्रादिभिःसुरैः ॥ ८ ॥

હાલમાં શનૈશ્ચર રોહિણીના શકટને ભેદીને નક્કી જશે, તો યોગ તો બ્રહ્માદિકથી પણ મટે તેમ નથી.

ईश्वरउवाच ॥ ततः संचिंत्यमनसासाहसंपरमंनृपः ॥
समादायधनुर्दिव्यंदिव्यायुधसमन्वितम् ॥९॥
रथमारुह्यवेगेनगतोनक्षत्रमंडले ॥
शकटंयोजनंलक्षंसूर्यस्योपरिसंस्थितम् ॥ १० ॥

મહાદેવજી કહે છે, એ પ્રકારે વસિષ્ઠનું વચન સાંભળીને રાજાએ એકદમ. સાહસિક કર્મ કરવાનો વીચાર કરીને દીવ્ય ધનુષ લેઇ નાના પ્રકારના આયુધવાળા પોતાના રથ ઉપર બેસી નક્ષત્ર મંડળમાં ગયો, કે-જ્યાં સૂર્ય મંડળની ઉપર એક લાખ યોજન રોહિણી શકટ છે. ૯-૧૦

रोहिणींपृष्ठतः कृत्वाराजादशरथस्तदा ॥
रथेचकांचनेदिव्यमणिरत्नविभूषिते ॥ ११ ॥
हंसवर्णैर्हयैर्युक्तेमहाकेतुसमन्विते ॥
दीप्यमानोमहारत्नैःकेयुरमुकुटोज्ज्वलः ॥ १२ ॥
विराजितस्तदाकाशेद्वितीयइवभास्करः ॥
आकर्णपूरितेचापेसंहारास्त्रंन्ययोजयत् ॥ १३ ॥

દેદિપ્યમાન મણીઓથી શોભતા અને હંસના સરખા શ્વેત વર્ણના ઘોડા જેને જોડેલા છે એવા તથા મ્હોટી ધ્વજાઓવાળા, સોનાના રથમાં બેડેલો, તથા અમૂલ્ય રત્નોથી શોભતો દશરથરાજા આકાશમાં બીજો સૂર્ય હોય તેમ શોભવા લાગ્યો. પછી રોહિણી શકટને પાછળ રાખીને તથા કાન સુધી ધનુષ ખેંચી તે ધનુષ ઉપર 'સંહારાસ્ત્ર' ચઢાવ્યું. ૧૧-૧૨-૧૩

कृत्तिकांतेशनिःस्थित्वाप्राविशन्किलरोहिणीम् ॥
दृष्ट्वादशरथश्चाग्रेसरोषभ्रुकुटीमुखम् ॥ १४ ॥
संहारास्त्रंशनिर्दृष्ट्वासुरासुरभयंकरम् ॥
हसित्वातद्भयात्सौरिरिदंवचनमब्रवीत् ॥ १५ ॥

શનૈશ્ચર કૃત્તિકા નક્ષત્રથી નીકળી રોહીણી નક્ષત્રમાં પ્રવેશ કરતાંજ, ક્રોધથી વાંકી ભ્રગુટીવાળા દશરથને જોઇને તથા સંહારાસ્ત્રને જોઇને ભય લાગવાથી હાસ્ય કરી આ પ્રકારે કહેવા લાગ્યો. ૧૪-૧૫

पौरुषंतवराजेंद्रपरंरिपुभयंकरम् ॥
देवासुरमनुष्याश्चसिद्धविद्याधरोरगाः ॥१६॥

मयाविलोकितराजन्भस्मसाच्चभवंतिते ॥
तुष्टोहंतवराजेंद्रतपसापौरुषेणच ॥ १७ ॥

હે રાજેન્દ્ર! શત્રુઓને ભય આપનાર તારૂં આ પરાક્રમ જોઇને હું પ્રસંન્ન થયો છું, શાથી કે–દેવો, રાક્ષસો, મનુષ્યો, સિદ્ધો, વિદ્યાધરો, તથા સર્પો પણુ મ્હારી દૃષ્ટિ પડવાથી ભસ્મ થઇ જાય છે, તેથીજ હું તારા ઉપર પ્રસંન્ન છું. ૧૬ ૧૭

वरंब्रूहिप्रदास्यामियथेष्टंरघुनंदन ॥
दशरथ उवाच–रोहिणींभेदयित्वातनगंतव्यंत्वयाशने ॥ १८ ॥
सरितःसागराश्चैवयावच्चंद्रार्कमेदिनि ॥
याचितंतुमयासौरेनान्यमिच्छाम्यहंवरम् ॥ १९ ॥

હે રઘુવંશને આનંદ આપનાર! તેટલા માટે તારા મનમાં જે ઇચ્છા હોય તે વરદાન માગ્ય, હું આપીશ. દશરથરાજા કહે છે, હે શનિ! તારી રોહીણી શકટને ભેદીને જ્યાં સુધી નદીઓ, સમુદ્રો, ચંદ્ર, તથા સૂર્ય અને પૃથ્વી હોય, ત્યાં સુધી ન જવું. હે સૌરી! મ્હારે જે ઇચ્છિત હતું તે માગ્યું, હું બીજું કાંઇ પણ વરદાન માગવાને ઇચ્છતો નથી. ૧૮-૧૯.

एवमस्तुशनिः प्राहवरंदत्वातुशाश्वतम् ॥
प्राप्येवतुवरंराजाकृतकृत्योभवत्तदा ॥ २० ॥

શનૈશ્ચરે પણ '**एवमस्तु**'–એમ હો, એ પ્રકારે કહ્યું, દશરથ પણ આ પ્રકારનું વરદાન પામીને કૃતકૃત્ય થયો. ૨૦

द्वादशाब्दंनदुर्भिक्षंभविष्यतिकदाचन ॥
कीर्तिरेषामदीयाचत्रैलोक्येतुभविष्यति ॥ २१ ॥

દશરથ રાજાએ મનમાં વિચાર્યું કે—હવે બાર વર્ષનો દુકાળ નહિ પડે, અને આ મારી કીર્તી ત્રૈલોક્યમાં થશે. ૨૧

ततोवरंचसंप्राप्यहृष्टरोमासपार्थिवः ॥
उपतस्थेधनुस्त्यक्त्वाभूत्वाचैवकृतांजलिः ॥ २२ ॥

ત્યાર પછી રોમાંચીત થઇને દશરથરાજા પોતાનું ધનુષ ત્યાગ કરી હાથ જોડીને સ્તુતી કરવા લાગ્યો. ૨૨

ध्यात्वासरस्वतींदेवींगणनाथंविनायकम् ॥
गुरुपादांबुजंस्मृत्वास्तोत्रंकर्तुंप्रचक्रमे ॥ २३ ॥

સરસ્વતી દેવીનું ધ્યાન કરી તથા ગણપતીને અને ગુરૂચરણને સંભારી સ્તોત્ર ભણવાનો આરંભ કર્યો. ૨૩

॥ अथ शनि स्तोत्रम् ॥

(હવે શનીનું સ્તોત્ર કહે છે.)

दशरथ उवाच—ॐ नमः कृष्णायनीलायशितिकंठनिभायच ॥
नमः पुरुषगात्रायस्थूलरोमाश्रितायच ॥ २४ ॥

દશરથરાજા બોલતા હવા—કૃષ્ણ વર્ણવાળા તથા નીલ એવા, અને મયુર (મોર) સરખી કાંતિવાળા એવા તમને નમસ્કાર છે. સ્થૂલ (જાડાં) રૂંવાટાવાળા, અને પુરૂષના શરીરવાળા તમને નમસ્કાર છે. ૨૪

नमोनिलमणिग्रीवनीलोत्पलनिभायच ॥
नमोनित्यंक्षुधार्तायह्यतृप्तायनमोनमः ॥ २५ ॥

હે નીલમણી સરખી ગ્રીવાવાળા ! કાળા કમળ સરખી કાંતીવાળા તમને નમસ્કાર છે. નીત્ય ક્ષુધાથી પીડીત એવાને નમસ્કાર છે. તૃપ્તિ નહિ પામનાર એવા તમને નમસ્કાર છે. ૨૫

नमः कालाग्निरूपायकृतांतायनमोनमः ॥
नमोघोरायरौद्रायभीषणायकरालिने ॥ २६ ॥

પ્રલયકાળના અગ્નિના સરખા રૂપવાળા તમને નમસ્કાર છે. યમરૂપ તમને નમસ્કાર છે. ઘોર એવા, ભયંકર તથા કરાલ એવા તમને નમસ્કાર છે. ૨૬

नमस्तेसर्वभक्षायशनैश्चर नमोस्तुते ॥
सूर्यपुत्रनमस्तेस्तुकाश्यपायनमोनमः ॥ २७ ॥

સર્વ ભક્ષી એવા તમને નમસ્કાર છે. હે શનૈશ્ચર ! તમને નમસ્કાર છે. હે સૂર્યનારાયણના પુત્ર ! તમને નમસ્કાર છે. હે કશ્યપના પુત્ર તમને નમસ્કાર છે. ૨૭

नमोमंदगतेतुभ्यंकृष्णवर्णनमोस्तुते ॥
तपसादग्धदेहायानित्यंयोगरतायच ॥ २८ ॥
ज्ञानचक्षोनमस्तेस्तुकश्यपात्मजसूनवे ॥
तुष्टोददासराज्यंचरुष्टोहरासितत्क्षणात् ॥ २९ ॥

હે ધીમી ચાલવાળા ! તમોને નમસ્કાર છે. હે કૃષ્ણ વર્ણવાળા ! તમને નમસ્કાર છે. તપશ્ચર્યા કરવાથી જેનો દેહ બળી ગયો છે એવા

તથા દરરોજ યોગસાધન કરવામાં પ્રીતિવાળા, તથા કાશ્યપ ઋષિના પુત્ર એવા હે જ્ઞાન* ચક્ષો ! તમને નમસ્કાર છે. આપ જેઓ ઉપર પ્રસન્ન હો છો તેઓને રાજ્ય પણ આપો છો, અને કોપાયમાન થવાથી તરત હરણ કરો છો. ૨૮–૨૯

देवासुरमनुष्याश्चपशुपक्षिमहोरगाः ॥
त्वयाविलोकिताः सर्वेदैन्यमाशुव्रजंतिते ॥ ३० ॥

शक्रादयःसुराश्चैवमुनयःसप्ततारकाः ॥
स्थानभ्रष्टाभवंत्येतेत्वयादृष्टिविलोकिताः ॥ ३१ ॥

ઇન્દ્રાદિક દેવતાઓ, તથા આકાશ માંહે રહેનારા સપ્તઋષિએ પણ તારી દૃષ્ટિ પડવાને લીધે સ્થાનભ્રષ્ટ થઇ જાય છે. ૩૧,

देशाश्चनगरग्रामाद्वीपाश्चैवद्रुमास्तथा ॥
त्वयाविलोकितास्तेचविनाशंयांतिमूलतः ॥ ३२ ॥

દેશ, નગર, ગ્રામ, દ્વીપ, તથા વૃક્ષો પણ તારી દૃષ્ટિએ કરી નાશ પામે છે. ૩૨

प्रसादंकुरुमेसौरेवरार्थंत्वामुपागतः ॥
एवमुक्तस्तदासौरिर्ग्रहराजोमहाबलः ॥ ३३ ॥

अब्रवीच्चशनिर्वाक्यंहृष्टरोमासभास्करिः ॥
तुष्टोहंतवराजेंद्रस्तवेनानेनसुव्रत ॥ ३४ ॥

---

* જ્ઞાનચક્ષો એટલે જ્ઞાનરૂપી જેને નેત્ર છે એવા !

દેવો, અસુરો, મનુષ્યો, પશુઓ, પક્ષીઓ, તથા સર્પો, તેઓ, પણ ત્હારી દૃષ્ટિ પડવાથી તુરત દીનદશાને પામી જાય છે. ૩૦.

હે શનૈશ્ચર ! આપ મ્હારી ઉપર દયા કરો, અને હું વરદાનને માટે આવેલો છું. આ પ્રકારે સ્તુતિ કરવાથી પ્રસન્ન થએલો, ગ્રહોમાં રાજારૂપ એવો તથા બળવાન સૂર્યનો પુત્ર એવો શની આ પ્રકારે વચન બોલ્યો, કે–હે રાજાઓમાં શ્રેષ્ઠ ! હે સારા આચરણવાળા ! હું આ સ્તુતિ કરવાથી તારા ઉપર પ્રસન્ન થયો છું. ૩૩–૩૪

वरंब्रूहिप्रदास्यामियथेष्टंरघुनंदन ॥
राजोवाच–अद्यप्रभृतिभोसौरेपीडाकार्यानकस्यचित् ॥३५॥

માટે હે રઘુકુળને આનંદ આપનાર ! ત્હારી જે ઇચ્છા હોય તે વરદાન માગ્ય.

દશરથ રાજા બોલ્યા–હે સૌરિ ! આજ દીનથી આરંભીને ત્હારે કોઇને પણ પીડા કરવી નહીં. ૩૫

देवासुरमनुष्याणांपशुपक्षिसरीसृपाम् ॥
शनिरुवाच–गृह्णंतीतिग्रहाज्ञेयास्तेचपीडाकरास्तथा ॥ ३६ ॥

તથા દેવોને, રાક્ષસોને, મનુષ્યોને, પશુઓને, પક્ષીઓને, વીંછી તથા સર્પોને પણ પીડા કરવી નહિ.

શનૈશ્ચર કહે છે—હે રાજન્ ! જે મનુષ્યોને પીડા કરે તેનું નામ 'ગ્રહ' કહેવાય છે. ૩૬

अद्यत्वत्प्रार्थितंराजन्युक्तंचैवददामिते ॥
राजोवाच–आदिशत्वंवरंमह्यंयुक्तमस्मिन्महामते ॥ ३७ ॥

તોપણ જે તેં વરદાન માગ્યું છે તેમાં જેમ ઘટતું હશે તેમ આપીશ. (ભાવાર્થ એ છે કે–ગ્રહો એટલે–गृह्णन्ति इतिग्रहाः— અર્થ–' गृह्णन्ति એટલે ગ્રહણ કરે જે " અર્થાત્ પીડા કરે જે "

તે ગ્રહો કહેવાય. આ પ્રકારનો 'ગ્રહ' શબ્દનો અર્થ છે. હવે તે પ્રકારે ન કરે તો, તે ગ્રહ ન કહેવાય, તેથી શનૈશ્ચર કહે છે કે—અમારો જે ગ્રહ શબ્દ છે તેના અર્થ પ્રમાણે ન વર્તતાં સર્વને સુખ આપીએ તો અમારો 'ગ્રહ' શબ્દ નકામો પડે, તેથી જેવું યોગ્ય વરદાન આપવું ઘટશે તેવું વરદાન હું તને આપીશ. ઇતિ)

દશરથ બોલ્યા—હે મ્હોટી બુદ્ધિવાળા! આપની મરજીથી ભલે જેવો યોગ્ય હોય તેવો વર આપો. ૩૭

शनिरुवाच—त्वयाप्रोक्तमिदंस्तोत्रयःपठिष्यतिमानवः ॥
एककालंद्विकालंवापीडांमुंचामितस्यैव ॥ ३८ ॥

શનૈશ્ચર કહે છે—હે રાજન્! ત્હારા કરેલા આ સ્તોત્રનો જે મનુષ્ય એક વખત અથવા બે વખત પાઠ કરશે, તેને હું પીડા નહિ કરૂં. ૩૮

श्रावणेमासियोदानंकुर्याच्छनिदेनतथा ॥
मापांश्चैवतिलांश्चैवदद्यात्तंपीडयामिनो ॥ ३९ ॥

શ્રાવણ માસમાં શનીવારને દીવસે જે પુરૂષ અથવા સ્ત્રી મ્હારૂં (શનીનું) દાન કરે છે, તથા અડદ અને તલનું દાન કરે છે તેને હું પીડા કરતો નથી. ૩૯

पुरुषाश्चस्त्रियोवापिमद्भयेनोपपीडिताः ॥
स्तोत्रमेतत्पठिष्यंतिस्नात्वाचाविजितेंद्रियाः ॥ ४० ॥
पीडांतेषांनचैवाहंकरिष्यामिकदाचन ॥
देवासुरमनुष्याश्चसिद्धविद्याधरोरगाः ॥ ४१ ॥

येपाठिष्यंतिमत्स्तोत्रंनाहंतेषांग्रपीडकः ॥

यःपुनःश्रद्धयायुक्तःशुचिःस्नातःसमाहितः ॥ ४२ ॥

शनियंत्रंसमभ्यर्च्यप्रतिमांलोहजांमम ॥

मद्दिनेगंधपुष्पैश्चदीपैर्नैवेद्यधूपकैः ॥ ४३ ॥

तिलमाषप्रदानैश्चकृष्णासुराभिदानतः ॥

माषदानंतिलैर्मिश्रंदद्यानैवेद्यमुत्तमम् ॥ ४४ ॥

મ્હારા (શનીના) ભયથી પીડાએલા જે પુરૂષ, અથવા સ્ત્રીઓ પોતાની ઇંદ્રીઓને નિયમમાં રાખીને તથા સ્નાન કરીને આ સ્તોત્રનો પાઠ કરશે, તેઓને હું કોઇ વખત પણ પીડા કરીશ નહિ. દેવો, રાક્ષસો, મનુષ્યો, સિદ્ધો, વિદ્યાધરો તથા સર્પો, તેઓમાંથી જે કોઇ મ્હારા સ્તોત્રનો પાઠ કરશે તેઓને હું પીડા નહી કરૂં અને વળી જે મનુષ્યે શ્રદ્ધાયુક્ત થઇ તથા સ્નાન કરીને શનીના યંત્રની પૂજા કરીને મ્હારી લોહથી (લોઢાથી) બનાવેલી મુર્તીને પૂજવી. (તે પુજાનો વિધિ કહે છે.) શનીવારને દીવસે ગંધ, પૂષ્પ, ધુપ, દીપ, નૈવેધ ઇત્યાદિથી પૂજન કરી તથા તલ અને અડદના, તેમજ કપીલા ગાયના દાન કરવાથી પૂજન કરી, તલથીયુક્ત અડદનું ઉત્તમ નૈવેધ ધરાવવું. ૪૦-૪૧-૪૨-૪૩-૪૪.

लोहंचदक्षिणांदद्याद्वृषभंचधुरंधरम् ॥

तिलदानेनसंतोष्यस्तोत्रेणानेनसंस्तुतः ॥ ४५ ॥

દક્ષિણા સહીત લોહનું, અને દક્ષિણા સહીત તથા ભાર ઉપાડવામાં સમર્થ એવા બળધનું દાન કરવું. તથા તલનું દાન આપવાથી મને સંતોષ પમાડવો અને આ સ્તોત્રથી સ્તુતિ કરવી. ૪૫

गोचरेजन्मलग्नेचदशास्वंतर्दशासुच ॥
रक्षामिसततंतस्यपीडानान्यग्रहादपि ॥ ४६ ॥

આ રીતે જે મ્હારૂં આરાધન કરે છે તેને હું નબળો હોઉં, તોપણ પીડા કરતો નથી તેમ બીજા ગ્રહો પણ તેને પીડતા નથી.૪૬

पूजयित्वाजपेत्स्तोत्रंभुत्वाचैवकृतांजलिः ॥
तस्यपीडांनचैवाहंकरिष्यामिकदाचन ॥ ४७ ॥

જે મનુષ્ય મ્હારી પૂજા કરીને, હાથ જોડીને આ સ્તોત્રથી મ્હારી સ્તુતી કરે છે, તેને કોઇ સમય પણ હું પીડા નહી કરીશ. ૪૭

मृत्युस्थानगतोयद्वादशाजन्मगतोपिवा ॥
तस्यपीडामत्प्रभावान्नचैवान्यग्रहादपि
चतुर्थस्थानगोवापितद्वत्सौम्यगतोपिवा ॥ ४८ ॥

એ પ્રકારે જે પુરૂષ પુજા કરે છે તેને જન્મકુંડળીમાં, અથવા ચાલતા ગ્રહોમાં દુષ્ટ સ્થાન* જેવાં કે—આઠમું, બારમું-જન્મ-ચોથું. તેવા સ્થાનમાં હોઉ તોપણ પીડા નહી કરૂં. ૪૮

अनेनचविधानेनपीडामुक्तंजगद्भवेत् ॥
वरद्वयंतुसंप्राप्यराजादशरथस्तथा ॥ ४९ ॥
मेनेकृतार्थमात्माननमस्कृत्यशनैश्वरम् ॥
शनिनासमनुज्ञातः स्वस्थानमगमत्ततः ॥ ५० ॥

હે રાજેન્દ્ર! આ રીતે કરવાથી જગતપીડાથી મુક્ત થાય છે. (આ રીતે કહી શનૈશ્વર બોલતા બંધ રહ્યા.) દશરથ રાજા પણ તે

*આ દુષ્ટ સ્થાન શનીનાં છે.

વરદાન મેળવી પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યો અને શનૈશ્ચરને નમસ્કાર કરી આજ્ઞા લેઇને પોતાની રાજધાની અયોધ્યામાં આવ્યો. ૪૯-૫૦.

स्वस्थानंचनृपोगत्वाप्राप्तैश्वर्योभवत्तदा ॥
यइदंप्रातरुत्थायसौरेर्वारेयदापठेत ॥ ५१ ॥
पूजयित्वाशनिंचैवंतस्यतुष्यातिभास्करिः ॥
सर्वाभीष्टप्रदोनित्यंभविष्यतिनसंशयः ॥ ५२ ॥

દશરથરાજા પોતાના રાજ્યમાં ઐશ્વરકાળો થયો (તથા શનીની કૃપાથી સુખથી રાજ્ય કરવા લાગ્યો.) જે કોઇ શનીવારે સવારમાં ઉઠીને શનીની પૂજા કરી આ સ્તોત્રનો પાઠ કરશે, તેને શની સર્વ મનોરથ પૂર્ણ કરનાર થશે તેમાં કંઇ સંશય નથી. ૫૧-૫૨.

ईश्वरउवाच—कोणोऽतकोरौद्रयमौ बभ्रुःकृष्णःशनिस्तथा ॥
पिंगलोमंदसौरीच स्मृतोदुःखहरःस्मृतः ॥ ५३ ॥

મહાદેવજી કહે છે—કોણ, અંતક, રૌદ્ર, યમ, બભ્રુ, કૃષ્ણ, શનિ, પિંગલ, મંદ, સૌરિ, આનાચ સ્મરણ કરવાથી દુઃખને નાશ કરનાર થાય છે. ૫૩

एतानिदशनामानिप्रातरुत्थाययः पठत ॥
तस्यशनिकृतापीडानभवेत्तुकदाचन ॥ ५४ ॥

જે મનુષ્ય આ શનીના દશ નામોનું સવારમાં ઉઠી સ્મરણ કરે છે, તેને શની સંબંધી પીડા થતી નથી. ૫૪

एतत्तेकथितंदेविमाहात्म्यंशनिदैवतम् ॥
सर्वदुःखप्रशमनंसर्वाभीष्टफलप्रदम् ॥ ५५ ॥

હે પાર્વતી ! આ શનીનું માહાત્મ્ય સર્વ દુઃખોને નાશ કરનારૂં તથા મનઇચ્છિત ફળને આપનારૂં એવું કહ્યું. ૫૫

॥ इतिश्री स्कन्दपुराणे प्रभासक्षेत्र माहात्म्ये दशरथकृतं शनिस्तोत्रं सम्पूर्णम् ॥

अथ शनिमंत्रः

(હવે શનીનો મંત્ર કહે છે.)

नीलाञ्जनसमाभासंरविपुत्रंयमाग्रजम् ॥
छायामार्तंडसंभूतंतंनमामिशनैश्वरम् ॥ १ ॥

કાળા અંજન (મેંશ) સરખી જેની કાન્તી છે, તથા યમના પહેલા ઉત્પન્ન થએલા, સૂર્યના પુત્ર એવા, તથા છાયા સ્ત્રીમાં સૂર્યથી ઉત્પન્ન થએલા શનૈશ્વરને હું નમસ્કાર કરૂંછું. ૧

अथ शनिदानं

(હવે શનીનું દાન કહે છે.)

माषास्तिलास्तैलमिन्द्रनीलंमहिषीलोहकृष्णागौः ॥
कृष्णवस्त्रंचएतैयुक्तंसदक्षिणंमंददानंब्राह्मणायदद्यात्. ॥

અડદ, તલ, તેલ, ઇંદ્રિનીલ, ભેંસ, લોઢું, કપીલાગાય, કાળું વસ્ત્ર, આટલી વસ્તુથીયુક્ત શનીનું દાન બ્રાહ્મણને આપવું.

॥ इति शनिपूजनं संपूर्णम् ॥

राहु



अथ राहु पूजनम् ॥

(હવે રાહુનું પૂજન કહે છે.)

गर्गउवाच—गुरुंनत्वागिरंनत्वाहरिंनत्वापुनःपुनः ॥
राहुपूजांप्रवक्ष्यामिग्रहत्वंयः समागतः ॥ १ ॥

ગર્ગાચાર્ય કહે છે—પ્રથમ પોતાના ગુરૂને નમસ્કાર કરીને તથા સરસ્વતીને નમસ્કાર કરીને, તથા વિષ્ણુને નમસ્કાર કરીને ગ્રહરૂપ બનેલા રાહુનું પૂજન કહું છું. ૧

आदित्याद्याग्रहाः सर्वेसैंहिकेयवशंगताः ॥
तस्माच्चपूजनंवक्ष्येसर्वपीडाविनाशनम् ॥ २ ॥

સૂર્યાદિક સર્વે ગ્રહો રાહુને વશ છે, તેથીજ સર્વ પીડાને કરનાર રાહુનું પૂજન કરૂંછું. ૨

अमृतोन्मथनेवाहर्षनिर्भरमानसाः ॥
क्षीराख्यमुदधिंसर्वेदानवाश्चमुदान्विताः ॥ ३ ॥

(હવે તે રાહુ ગ્રહ કેવી રીતે થયો તે કહે છે) અમૃત મથન કરવાને અત્યંત હર્ષવાળા દેવો તથા દૈત્યો ક્ષીરનામના સમુદ્રને મથન કરવા લાગ્યા. ૩

उदधेरमृतंजातमसुरैश्चहृतंतदा ॥
योषिद्रूपंसमासाद्यददौदेवगणेहरिः ॥ ४ ॥

તે સમુદ્રમાં પ્રથમ અમૃત ઉત્પન્ન થયું, તે રાક્ષસોએ લેઇ લીધું. ત્યારે શ્રીહરીએ મોહનીરૂપ ધારણ કરીને દેવોને તે અમૃત પાયું. ૪

मोहयित्वासुरान्सर्वान्पाययित्वासुरान्यदा ॥
तदाराहुः समाज्ञायचंद्रसुर्यांतरंगतः ॥ ५ ॥

સઘળા દૈત્યોને મોહ પમાડી જ્યારે અમૃત દેવોને પાયું ત્યારે રાહુ અમૃત પીવાની લાલચથી સૂર્ય અને ચંદ્ર, તેમની વચમાં બેસી ગયો. ૫

विभज्यामृतमाज्ञायराहुपीतामृतंहरिः ॥
सूचितश्चंद्रसूर्याभ्यांजहारमस्तकंतदा ॥ ६ ॥

પછી તે રાહુને દેવની પંક્તિમાં બેઠેલો જોઈ ભગવાન ઓળખી શક્યા નહીં, અને અમૃત પીવાને આપ્યું. ત્યારે સૂર્ય ચંદ્રે નેત્રસંજ્ઞાથી ભગવાનને જણાવ્યું કે—આ તો રાહુ છે. ત્યારે ભગવાને પોતાનું ચક્ર મુકી તેનું માથું કાપ્યું. ૬

द्विधाभूतोग्रहत्वंचप्रापितोविष्णुनाहतः ॥

प्राणिनांदुःखदोराहुःपूजनात्सुखदोभवेत् ॥ ७ ॥

વીષ્ણુએ માર્યો તેથી તે રાહુના બે ભાગ થયા, તે રાહુ પ્રાણીઓને દુઃખ દેનારો છે, અને તેનું પૂજન કરવાથી સુખ આપનાર થાય છે. ७

तस्मात्पूजांप्रवक्ष्यामिराहोः संक्षेपतोऽधुना ॥

कृष्णकंबलकृष्णान्नंलोहंलवणमेवच ॥ ८ ॥

તેથી સંક્ષેપથી રાહુની પૂજા કહુંછું. કાળો કાંબળો, કાળું અન્ન, લોઢું, અને મીઠું એ વસ્તુઓ રાહુને પ્રસન્ન કરનાર છે. ८

राहुर्ग्रहोमहाक्रूरः प्राणिनांदुःखदायकः ॥

शांत्यर्थांहिसदापूज्यः सदारिः सोमसूर्ययो ॥ ९ ॥

મહા ક્રૂરગ્રહ રાહુ પ્રાણીઓને દુઃખદાયક છે, તથા ચંદ્ર સૂર્યનો શત્રુ છે, અને તેની પીડા શાંતિ કરવાને પૂજવા યોગ્ય છે. ९

पूर्वोक्तविधिनाकार्यंपीठंलोहमयंतथा ॥

कुंकुमेनसदाकार्योराहुःकायाविवर्जितः ॥ १० ॥

પૂર્વે કહેલા વીધીએ કરી લોઢાનો બાજઠ કરવો. તેના ઉપર કંકુથી રાહુના મસ્તકની મૂર્તી ચીતરવી. १०

आयंगौरित्यृचापूज्योदिशंनैरृत्यगोचरे ॥

विबुधान्नाशनःकालःकरालवदनोजनः ॥ ११ ॥

राहुश्चैवसदापूज्योदिशंनैर्ऋत्यगोचरे ॥

षट्कोणमंडलेपुज्योगंधपुष्पाक्षतैस्तथा ॥ १२ ॥

નૈઋત્યકોણમાં ષટ્કોણના કરેલા મંડળ ઉપર (आयंगोः) એ વેદની ઋચાથી પુજન કરવું, તથા ગંધ પૂષ્પથી પુજા કરવી. ૧૧-૧૨

फलंतुनारिकेलंचधूपंदीपमतःपरम् ॥

नैवेद्येमाषमांसंचवृतंवाथप्रकल्पयेत् ॥ १३ ॥

અર્ઘ્ય શ્રીફળનો આપવો. ધુપ, દીપ, તથા અડદ ઇત્યાદિથી મિશ્ર નૈવેદ્ય અર્પણુ કરવું. ૧૩

ब्राह्मणान्भोजयेत्तत्रमाषान्नैःपायसैस्तथा ॥ १४ ॥

અડદનાં વડાં તથા દુગ્ધપાકથી બ્રાહ્મણોને જમાડવા. ૧૪

विधुंतुदप्रसीदत्वंसदारेशशिसूर्ययोः ॥

शांत्यर्थंतंमयादत्तुगृहाणार्घ्यंनमोस्तुते ॥ १५ ॥

(પછી હાથ જોડી સ્તુતી કરવી) ચંદ્ર સૂર્યના શત્રુ એવા હે વિધુંતુદ ! (ચંદ્રને દુઃખ દેનારા) મ્હારા ઉપર પ્રસન્ન થાઓ, અને શાંતિ થવાને આપેલા અર્ઘ્યને ગ્રહણુ કરો, તમને નમસ્કાર છે. ૧૫

करालवदनःश्रेष्ठःसर्वव्याधिविनाशकः ॥

सुखार्थंतुमयापूज्यःप्रसीदपरपीडन ॥ १६ ॥

હે બીજાઓને પીડા કરનાર ! વીકાળ મુખવાળા, તથા સર્વ વ્યાધિયોને નાશ કરનાર એવા તમને પૂજ્યાનો હેતુ એ છે જે મને સુખ થાય. ૧૬

मौढेसुरकुलेजातःसिंहारूढोवरःप्रभुः ॥

विधिवत्पूजितोदेवोममशांतिंप्रयच्छतु ॥ १७ ॥

અસુરકુળમાં ઉત્પન્ન થએલા, તથા સિંહ ઉપર બેઠેલા અને વિધીપૂર્વક પૂજેલા, દેવ રાહુ મને સુખ આપો. ૧૭

तमोमयंमहाक्रूरंरुद्रसर्पानुगामिनं ॥
सर्ववेधहरंदेवस्वर्भानुंप्रणमाम्यहम् ॥ १८ ॥

તમો ગુણવડે વ્યાપ્ત, તથા મહા ક્રૂર એવા, અને ભયંકર સર્પો જેના અનુગામી છે, તથા સર્વ પ્રકારના વેધને નાશ કરનાર રાહુને હું નમસ્કાર કરૂંછું. ૧૮

सैंहिकेयस्तमोराहुः कज्जलाचलसन्निभः ॥
यःपर्वणिमहाकायोग्रसतेचंद्रभास्करौ ॥ १९ ॥
विष्णुनायस्यमूर्धावैछिन्नै भक्षयतोमृतम् ॥
योजितोग्रहभावेनत्वामहंशरणंगतः ॥ २० ॥

સિંહીકાનો પુત્ર, તમો ગુણાત્મક, તથા મોટી કાયાવાળો, અને કાજળના પર્વત સરખી કાંતીવાળો, જે રાહુ અમાસને દીવસે અને પુર્ણીમાને દીવસે સૂર્ય ચંદ્રને ગળે છે, અને અમૃતપાન કરતાં જેનું માથું વીષ્ણુએ કાપ્યું, અને ગ્રહોની પંક્તિમાં જેને રાખેલ છે એવા તમારા શરણે હું આવેલો છું. ૧૯-૨૦

एतांराहुस्तुतिंचैवयः पठेच्चद्विजोत्तमः ॥
नभेवत्तज्ञवापीडातस्यायुश्चप्रवर्धते ॥ २१ ॥

આ રાહુની સ્તુતિનો જે કોઇ પાઠ કરે તેને રાહુની પીડા થતી નથી અને આયુષ્યવૃદ્ધિ પામે છે. ૨૧

इतिनारदपञ्चरात्रोक्तराहुपुजनदानस्तुतिपाठाः संपूर्णाः ॥

ઇતિ નારદ પંચરાત્ર નામના ગ્રંથમાં કહેલા રાહુદાન, રાહુપૂજન, તથા રાહુસ્તુતિ, તે સમાપ્ત થયાં.

अथ राहुदानम्

(હવે રાહુનું દાન કહે છે.)

नीलरत्नंनीलवस्त्रमश्वःलोहंतिलास्तैलम्कम्बलः अभ्रकश्च एतैर्युक्तंमदक्षिणंराहोर्दानंब्राह्मणायदद्यात्.

નીલ રત્ન, નીલ વસ્ત્ર, અશ્વ, લોહ, તલ, તેલ, કાંબળો, અભરખ, એ વસ્તુઓથી યુક્ત દક્ષિણા સહીત રાહુનું દાન બ્રાહ્મણને આપવું.

अथ राहुमंत्रः

(હવે રાહુનો મંત્ર કહે છે.)

अर्धकायंमहावीर्यंचन्द्रादित्यविमर्दनम् ॥
सिंहीकागर्भसम्भूतं तराहुंप्रणमाम्यहम् ॥ १ ॥

અર્ધી કાયાવાળા, મહાન્ બળવાળા, તથા ચંદ્ર સૂર્યને દુઃખ દેનાર, અને સિંહીકાના ગર્ભથી ઉત્પન્ન થએલા એવા રાહુને હું નમસ્કાર કરૂંછું. ૧

॥ इति राहुपूजनं संपूर्णम् ॥



अथ केतु पूजनम् ॥

(હવે કેતુનું પૂજન કહે છે.)

॥ अथ केतु स्तोत्रम् ॥

नंद्युवाच—देवदेवजगन्नाथशूलपाणेवृषध्वज ॥
कथयस्वप्रसादेनकेतुपूजांविधानतः ॥ १ ॥

નંદી કહે છે—હે દેવોના દેવ! હે હાથમાં ત્રીશૂળને ધારણ કરનાર! હે વૃષભધ્વજ! તથા હે જગતના સ્વામીન્! આપ વિધીપૂર્વક મને કેતુનું પૂજન બતાવો. ૧

स्नानमंत्राःकतिप्रोक्ताः कथंमंत्रंजपेद्विभोः ॥
किंप्रमाणंतुकर्तव्यंजातकंसुमुखंशुभम् ॥ २ ॥

હે વિભુ! તે કેતુના પૂજનમાં સ્નાનમંત્રો કેટલા કહેલા છે, તથા કયા મંત્રનો જપ કરવાનો છે, અને કયા શાસ્ત્રના પ્રમાણુવડે પૂજન કરવાનું છે તે મને કહો. ૨

शिवउवाच—शुभेचंद्रेमुहुर्तेवाकेतुपुजांममारभेत् ॥
चत्वारश्चाव्रणाःकुमाश्चतुर्दिक्षुव्यवस्थिताः ॥ ३ ॥

મહાદેવજી કહે છે—હે નંદીકેશ્વર! સારો ચંદ્ર હોય ત્યારે અને ચોખ્ખો દીવસ હોય ત્યારે કેતુની પૂજાનો આરંભ કરવો, (હવે તે પૂજાનો વિધિ કહે છે) તેમાં ચાર ઘડા છીદ્ર વીનાના ચાર દિશામાં સ્થાપવા. ૩

पीतचंदनलिप्तांगागंधतोयेनपूरिताः ॥
पंचपल्लवसंयुक्ताःपीतवस्त्रेणवेष्टिताः ॥ ४ ॥

તે ઘડા પીળા ચંદનવડે ચોપડેલા, તથા જળથી ભરેલા, અને પંચ પલ્લવવડે યુક્ત, તથા પીળા રંગના રેશમી વસ્ત્રથી વીંટેલા હોવા જોઇએ. ૪

पूर्वकुंभेतुविन्यस्यवंचामारीहारिद्रकाः ॥
दक्षिणेसहदेवीचमुरामांसिजटातथा ॥ ५ ॥
पश्चिमेहरितालिंचउशीरंतगरंतथा ॥
फलमूलसुसंयुक्तमक्षतान्चंदनंतथा ॥ ६ ॥

પૂર્વ દિશાના કુંભમાં વજ, મરી, તથા હળદર નાખવી, દક્ષિણ દિશાના કુંભમાં *સહદેવી, મુરામાંસિ, જટામાંસી, એ ચીજો નાખવી.

*કોઇ પ્રકારની વનસ્પતિ છે.

પશ્ચિમ દિશાના કુંભમાં હરતાલ, ઉશીર, તગર, ફળ, અક્ષત, ચંદન, એ વસ્તુઓ નાખવી. ૫–૬

उत्तरेतुघटेदेयाः सर्वौषध्यश्चसर्वशः ॥
अग्निमीळेइषेत्वाचअग्नआयाहिचैवच ॥ ७ ॥
शन्नोदेवीतिचप्रोक्तापूर्वादिक्रमयोगतः ॥
पूर्वेकुंभे श्रियायुक्तंदक्षिणेब्राह्मणस्तथा ॥ ८ ॥
पश्चिमेमधुवातास्त्विरानोभद्रास्तथैवच ॥
व्याघ्रचर्मसमास्तीर्याप्यथवावस्तचर्मच ॥ ९ ॥
रुद्रासनसमायुक्तः कुशानास्तीर्यतत्रच ॥
संफल्गांवारुणींशाखांमूर्ध्निधृत्वाभिषिंचयेत् ॥ १० ॥

ઉત્તર દિશાના કુંભમાં સર્વૌષધી નાખવી. તથા "×अग्निमिळे०" "इषेत्वा०" "अग्नआयाहि०" "शन्नोदेवी०" એ પ્રકારના ચાર વેદના મંત્રવડે અનુક્રમે ચાર દિશાના ચારે કુંભોનું અભીમંત્રણ કરવું. પૂર્વ દિશાના કુંભમાં લક્ષ્મી સૂક્ત ભણવું. દક્ષિણ દિશામાં બ્રાહ્મણના મંત્રો ભણવા. પશ્ચિમમાં "मधुवाता०" ઇત્યાદિ મંત્ર ભણવા, તથા ઉત્તર દિશાના કુંભમાં "आनोभद्रा०" ઇત્યાદિ મંત્ર ભણવા. પછી વ્યાઘ્રચર્મ અથવા આસન પાથરી રૂદ્રાસન નામનું આસન વાળીને બેસવું. અને ફળવાળી ધરો માથા ઉપર રાખીને અભીશેક કરવો. ૭–૮–૯–૧૦.

×આ, પૂજનમાં બતાવેલા મંત્રો વેદના છે, માટે અધિકારી વર્ગે પૂજનમાં લેવા, કેમકે અધિકારી ન હોય ને વેદમંત્રનો ઉચ્ચાર કરે તો પ્રત્યવાયી થાય છે. ઇતિ.

पुरुषं सूक्तंपठन्नेवकलशैरभिषेचयेत् ॥
राहुवत्पूजयेत्केतुंराहुवद्दानमाचरेत् ॥ ११ ॥

પુરૂષ સૂક્તના મંત્રો ભણી ઘડાના જળથી અભિશેક કરવો, તથા કેતુની પૂજા રાહુ સરખી કરવી, અને રાહુના દાન સરખું દાન કરવું. ૧૧

एतत्सर्वमयाप्रोक्तंकेतुपूजनमुत्तमम् ॥
राहुदेहात्समुद्भूतंतंकेतुंप्रणमाम्यहम् ॥ १२ ॥

(હે નંદિકેશ્વર !) આ ઉત્તમ એવું કેતુનું પૂજન મેં તને કહ્યું, અને રાહુના દેહથી ઉત્પન્ન થએલા કેતુને હું નમસ્કાર કરૂંછું. ૧૨

पूजनाद्धरते दुःखंसुखंसौभाग्यवर्धनम् ॥
रौद्ररूपंतथाघोरंधूम्रवर्णमहोत्कटम् ॥ १३ ॥

नमामिग्रहराजंचप्रतिष्ठापूजनेषुच ॥
कृतंयद्यधुनास्वामिन्गृहाणार्घ्यंचपूजनम् ॥ १४ ॥

પૂજન કરવાથી દુઃખને નાશ કરે છે. તથા સુખ, સૌભાગ્યને વધારનાર, અને ભયંકર એવા મ્હોટા બળવાળા તથા ધુમાડા સરખા વર્ણવાળા અને ગ્રહોના રાજા એવા કેતુને નમસ્કાર કરૂંછું. હે સ્વામિન્ ! આ કરેલું પૂજન તથા અર્ઘ્યને ગ્રહણ કરો. ૧૩–૧૪

॥ इति मन्त्रशास्त्रोक्तं केतुपूजनं समाप्तम् ॥

अथ पाठः ॥

હવે કેતુનો પાઠ કહે છે.

स्कंद उवाच—मृत्युपुत्रः शिखीकेतुश्चानलोत्पातरूपधृक् ॥
वहुरूपश्चधूम्राभः श्वेतः कृष्णश्चपीतरुक्
छायारूपीध्वजः पुच्छोजगत्प्रलयकृत्सदा ॥
अदृष्टरूपोदृष्टश्चेज्जंतूनांभयकारकः ॥ २ ॥
नामान्येतानिकेतोश्चानित्यंयः प्रयतः पठेत् ॥
केतुपीडानतस्यास्तिसर्पचोराग्निभिर्भयम् ॥ ३ ॥

સ્કંધ બોલતા હવા,—મૃત્યુપુત્ર, શિખી, કેતુ, અનલોત્પાત રૂપ-ધૃક્, (અગ્ની સરખા ઉત્પાત કરનાર, રૂપને ધારણ કરનાર) બહુરૂપ, ધુમ્રાભ (ધુમાડા સરખી કાન્તિવાળો), શ્વેત, કૃષ્ણ, પીતરૂક્ (પીળી કાંતિવાળો) છાયારૂપી, ધ્વજ, પુચ્છ, જગત્પ્રલય કૃત્ (નીરંતર જગતને પ્રલય કરનાર), અદ્રષ્ટરૂપ (જેનું સ્વરૂપ જોવામાં ન આવે તેવાં), અને જો કદી જોવામાં આવે તો મનુષ્યોને ભયકારક થાય છે, એ પ્રકારનાં કેતુના નામોનો જે કોઇ નીત્ય પાઠ કરે, તેને કોઇ વખત પણ કેતુ સંબંધી પીડા થતી નથી. તેમજ સાપ, ચોર ઇત્યાદિથી ભય રહેતો નથી. ૧. ૨. ૩.

यः पठेत्प्रयतोनित्यंपक्षंपक्षार्धमेववा ॥
मुक्तः सर्वभयेभ्योपिसर्वान्कामानवाप्नुयात् ॥ ४ ॥

જે કોઇ પંદર દીવસ અથવા આઠ દીવસ આ કેતુના નામનો પાઠ કરે છે, તે સર્વે ભયથી મુક્ત થઇ ઇચ્છેલા મનોરથોને પામે છે. ૪

॥ इतिश्री स्कन्धपुराणे केतुस्तोत्रं संपूर्णम् ॥

श्री आदिनवग्रहदेवताः शुभदाः वरदाश्चभवन्तुः ।

श्री सीतारामौ जयतः ॥ श्री पार्वतीपरमेश्वरौ प्रसन्नौ भवताम् ॥

॥ शुभंभवतु. ॥

॥ इति नवग्रह–विधान पद्धाति समाप्ता ॥

સમાપ્ત.

બૃહત સામુદ્રિક શાસ્ત્ર—ભૂત ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન આપના આ એક ચમત્કારિક ગ્રંથ છે. આમાં હસ્ત, પગ, કપાળ આ શરીરનાં એવાંજ ભાગોપરની રેખાઓ ઉપરથી ભૂત ભવિષ્ય જાણી શકાય છે. જોશી બનવા સારૂ નહી પણ પોતા સબંધી ભવીષ્ય જાણવા સારૂ આ પુસ્તક વાંચવાની ખાસ જરૂર છે. ગ્લેજ ઉંચા કાગળ પાકું પુઠું કીં. ૧૨ આના.

ગોસ્વામી શ્રી તુલસીદાસજી કૃત.

રામાયણ—(ગુજરાતીમાં) શ્રી રામાયણ એ શાસ્ત્રનું શાસ્ત્ર છે ઇતિહાસનો ઇતિહાસ છે અને જ્ઞાન તેમજ ઉપદેશથી અક્ષરે અક્ષર રસમય બનેલું વાર્તામય વાંચન છે. આ તુલસીદાસની રસમય વાણીથી રચેલું છે કે તેનું રસામૃત પાન કરતાં ભક્તોના હૃદય ડોલવા લાગે છે અને ભક્તિ રસથી ઉછળી ઉછળીને ઉભરાઇ જાય છે બાળબોધ ન જાણનારા સારૂ આનો મુળ ભાગ પણ ગુજરાતી અક્ષરમાંજ રાખેલો છે જેથી થોડું ભણેલા સ્ત્રી પુરૂષો તુલસીદાસની અમુલ્ય વાણી ઘણીજ સહેલાઇથી વાંચી સમજી શકે છે. ઉંચા કાગળ પાકું સોનેરી પુંઠું ૬॥×૯॥ ઇંચ લાંબા મોટા ૧૧૪૦ પૃષ્ટ છતાં કીમત રૂ. ૪–૦–૦ પોષ્ટેજ ૧૨ આના.

શીવ ગીતા—મુળ શ્લોક ટીકા તથા વીવેચન સાથે આમાં શીવ ભક્તોને તલ્લીન કરી નાંખે તેવો એકથી એક અપૂર્વ એવો ભક્તિ, મોક્ષાદિનો ઉપદેશરૂપ સંવાદ ઘણોજ આકર્ષક છે. કલજુગમાં શિવ ગીતાનો નિત્ય પાઠ દુઃખોને દુર કરી અક્ષય સુખ આપનારો છે. ગ્લેજ ઉંચા કાગળ પાકું સોનેરી પુઠું કીં. રૂ. ૧॥ પોષ્ટેજ ૨ આના.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે; બુકસેલર,
ત્રણ દરવાજા—અમદાવાદ.